શ્રી જૈન પાઠશાળા
વાયા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

૨૯/૪૭૦

વર્ષ ૯; અંક ૫; જુલાઇ ૧૯૫૨; અષાડ ૨૦૦૮

# કલ્યાણ

શિવમસ્તુ સર્વજગતઃ

## તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

વર્ષ ૯: જુલાઈ અષાઢ
અંક ૫: ૧૯૫૨ ૨૦૦૮

# વિષય દર્શન


| | | |
|---|---|---|
| વાણીનો સંયમ | શ્રી | ૨૧૫ |
| કાળો ખવીસ | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૨૧૭ |
| અભિનંદન | શ્રી હિંમતલાલ ચિનાઇ | ૨૧૯ |
| મધપૂડો | શ્રી મધુકર | ૨૨૧ |
| પ્રતિજ્ઞાપાલન | શ્રી બાબુલાલ રતિલાલ દોશી<br>શ્રી ત્રિકમલાલ ચીમનલાલ દોશી | ૨૨૩ |
| રામ વનવાસ | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૨૨૮ |
| સંસ્કારની અસર | શ્રી હસમુખલાલ કે. શાહ | ૨૩૦ |
| ગણતર વિનાનું ભણતર | શ્રી કીશોરલાલ ડી. ગાંધી | ૨૩૨ |
| સુખ–દુઃખ | શ્રી ભદ્રભાનુ | ૨૩૫ |
| કરાર કે ગુલામીખત | શ્રી સુરેશભાઇ રામભાઇ | ૨૩૭ |
| સમ્યગ્દર્શન | શ્રી કુંવરજી મુળચંદ દોશી | ૨૪૧ |
| આશીર્વાદ મેળવો | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૨૪૫ |
| ધર્મદરિદ્રતા | પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર | ૨૪૭ |
| ઉર્મિની છોળ | શ્રી ચિત્રભાનુ | ૨૫૦ |
| જ્ઞાનગોચરી | શ્રી ગવેષક | ૨૫૧ |
| આર્યસંસ્કૃતિ | શ્રી ઉજમશી જુઠાલાલ શાહ | ૨૫૩ |
| મુક્તિનો રાહ | શ્રી મફતલાલ સંઘવી | ૨૫૫ |
| જગડુશાહ | શ્રી ફુલચંદ હરિચંદ દોશી | ૨૫૭ |
| સાચી ઘટના | શ્રી અમૃતલાલ એચ. દોશી | ૨૬૨ |



## પ્રચારકની જરૂર છે

'કલ્યાણ' માસિકના ગ્રાહકો, સભ્યો અને જાહેરખબર મેળવી શકે એવા પ્રમાણિક માણસની જરૂર છે. વિશેષ વિગત માટે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવો.

કલ્યાણ પ્રકાશન મંદિર—**પાલીતાણા.**


## સૂચનાઓ

દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે 'કલ્યાણ' પ્રગટ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૫–૦–૦ પોષ્ટેજ સહિત. અંક ન મળ્યાની ફરીયાદ ૨૧ મી પછી તુરત કરવી.

પત્ર વ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ.

નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મળે છે.

બાળ જગત અંગેનાં લખાણો ચોકબંધ આવે છે. બધાને એકી સાથે ન્યાય પણ આપી શકાય નહિ, તેમજ ઘણાં-લખાણો બીન-ઉપયોગી અને ઉતારારૂપે હોય છે, તો બાળ લેખકોને સૂચનરૂપે જણાવવાનું જે લખાણો ટૂંકા અને મુદ્દાસર લખી મોકલવાં.

હૃદયમાં જે જે શંકાઓ કે પ્રશ્નો ઉઠે તે અમને લખી મોકલશો, પૂ. આચાર્યદેવેશ પાસેથી સમાધાનો મેળવી અવસરે છાપીશું.

આ અંક પ્રગટ થયા પછીનો અંક પર્વાધિરાજ પર્યુષણ ઉપર અંકનું પ્રકાશન થશે તો 'કલ્યાણ' નો પ્રચાર વધે અને સહકાર મળે એ માટે પર્વાધિરાજ ઉપર સૌ કોઇને શક્ય પ્રયત્ન કરવા વિનંતિ છે.

તીર્થના કે ધર્મમહોત્સવોના ફોટાઓ મોકલવા વિનંતિ છે, અવસરે 'કલ્યાણ'માં છપાશે.

'કલ્યાણ' માસિકમાં ધંધાની જાહેરખબર આપીને પણ સહકાર આપી શકાય છે, જાહેરખબરના દર માટે કાર્યાલયને પૂછાવો.

વર્ષ ૯; અંક ૫; જુલાઇ ૧૯૫૨; અષાઢ ૨૦૦૮;

કલ્યાણ

સાહિત્ય અને સંસ્કૃતિનું લોકભોગ્ય માસિક

# વાણીનો સંયમ.

શ્રી.

વાણી એ સરસ્વતીદેવીનું સ્વરૂપ છે, પૂર્વની પુણ્યાઇના કારણે માનવને પ્રાપ્ત થયેલી ઉત્તમ સામગ્રીઓમાંની એ એક સુંદર સામગ્રી છે. સ્વ તથા પરના ઉપકારને સાધનારૂં આના જેવું અન્ય સાધન ભાગ્યે જ બીજું હોઈ શકે. સ્વયં શ્રી તીર્થંકરદેવો કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી સંસારના સમસ્ત આત્માઓના ઉપકાર માટે વાણીદ્વારા જ જ્ઞાનનો પ્રકાશ કરે છે, પણ વાણીનો વિવેકપૂર્વક જેઓને સદુપયોગ કરતાં આવડે છે, તેજ પુણ્યવાનોની વાણી સંસારમાં લોકોપકારક બને છે.

વિવેક વિના કે સંયમહીનપણે છૂટી મૂકાયેલી વાણી ભર્યાભાદર્યા લીલાછમ ખેતરોના પાકને સડાવી દેનારા, ગામના ગામ ડૂબાડી દેનારા પાણીના નિરંકુશ પ્રવાહની જેમ સંસારમાં સમાધિ. શાંતિ કે સ્વસ્થતાનો નાશ કરી, અનેક વિક્ષેપો, વિદ્વેષ કે વૈમનસ્યો ઉભાં કરી કાલકૂટ ઝેરની ગરજ સારનારી બને છે, માટે જ જ્ઞાનીપુરૂષોએ વાણીના સંયમ ઉપર મહત્ત્વનો ભાર મૂકયો છે, બની શકે તો ન બોલો, જરૂર પડે તો બોલો, પણ વિનય, વિવેક ઔચિત્ય આદિપૂર્વક યથાયોગ્યપણે બોલો, અને તે પણ પોતાના અધિકાર પૂરતા ક્ષેત્રની મર્યાદા સાચવીને જ બોલવું જોઇએ.

અધિકાર કે વિષય બહારના પ્રશ્નો પરત્વે જેમ તેમ બોલી નાંખવાના પરિણામે આજે દેશ, સમાજ તથા ધર્મની બાબતોમાં અનેક નવી-નવી મડાગાંઠો ઉભી થતી જાય છે, જે આપણે આપણી નજર સ્હામે જોઇ શકીએ છીએ. ‘सत्यपूतं वदेद् वाक्यम्’ સત્યનિષ્ઠાથી પવિત્ર વાણી બોલવી’ એમ નીતિશાસ્ત્રે પણ કહ્યું છે, બોલવાની જરૂર લાગે તો સત્યનિષ્ઠાથી સાચી વાત બોલો, પણ સત્ય હોય એ બધુંયે બોલી નાંખવું જ જોઇએ,. એમ નથી જ.

કારણ કે સત્યની વ્યાખ્યા આપણે આપણી ટૂંકી બુદ્ધિથી નકકી કરી શકવાના નથી. સત્ય એ આપેક્ષિક વસ્તુ છે, એક દૃષ્ટિએ જે વસ્તુ સત્ય હોય તે અન્ય દૃષ્ટિએ અસત્ય બને છે, માટે જ સત્યનો આગ્રહ રાખનારાઓએ સત્યને સ્હમજવા, જાણવા પરમજ્ઞાની પુરૂ-

પોતાના સિદ્ધાંતોને જાણવા, સમજવા જોઇશે, તો જ સત્યનો યથાર્થ નિર્ણય થઇ શકે. સત્યા-સત્ય, સારાસાર કે હિતા–હિતના વિવેકપૂર્વક હંમેશા વાણીનો ઉપયોગ કરનાર સંસારમાં શાંતિ, સ્વસ્થતા તથા આબાદિનો ઇતિહાસ સર્જી શકે છે.

વિવેક વિનાની બુદ્ધિ, વાણી કે વિચારોની કિંમત ફૂટી કોડી જેટલી પણ નથી, કળ વિનાનું બળ જેમ ઉપકારક બનવાને બદલે સંહારક બને છે, તે રીતે વિવેકહીનપણે ઉચ્ચ-રાયેલી વાણી ભરબજારમાં તોફાને ચઢેલા દારૂડીઆના હાથમાં રહેલી ખુલ્લી તલવારના જેવી ભયંકર છે, એ ભૂલવું જોઇતું નથી. ખરેખર વિવેક એ દીવો છે, તોફાની ઝંઝાવાતોમાં ભર-દરીયે ઝોલા ખાતા જીવનનાવનો શાણો સુકાની છે, વિવેક વિના ઉચ્ચરાએલી વાણીએ મહા-ભારત તથા રામાયણના કાલે સંસારમાં ભયંકર અનર્થોનો ઇતિહાસ સર્જ્યો છે. રાજસભામાં આવતાં દુર્યોધનનો પગ પાણીમાં લપસ્યો, અને અર્જુનની વાણીનો ઘા પડયો, 'આંધળાના આંધળા જ હોય' આ શબ્દોએ કૌરવ તથા પાંડવો વચ્ચે ભયંકર વૈરનું બી રોપ્યું, રાણી કૈકેયી જેવા સુશીલ સન્નારીએ વગર વિચાર્યું વેણ બોલી નાંખીને અયોધ્યાના સમસ્ત રાજ-કુલમાં તથા રાજ્યમાં અનેક ઉત્પાતોને જન્મ આપ્યો.

માટે જ કહેવું જોઇએ કે, જ્યારે બોલવાનું મન થાય ત્યારે વિવેકપૂર્વક બોલો, એમાં જ વાણીનો સદુપયોગ છે, મૈયા સરસ્વતીદેવીની સાચી ઉપાસના વાણીના સંયમમાં જ રહેલી છે. સામાન્ય રીતે વાણીનો સંયમ હિતકર છે. તેમાંયે દેશ, સમાજ કે ધર્મમાં જેઓ મહત્વના જવાબદાર સ્થાન પર રહેલા છે, તેઓએ તો આજે બોલવામાં ખૂબ જ વિવેકી બનવું પડશે. હિતદષ્ટિ જેઓનાં હૃદયમાં છે, એવા પુરૂષોએ સાચું વચન પણ પરિણામે કલ્યાણકર તથા સુંદર નીવડે તે રીતે કહેવું જોઇએ, આથી જ ભાષાસમિતિ કરતાં વચનગુપ્તિ મહત્વની ગણાય છે, ભાષાસમિતિમાં ઉપયોગપૂર્વક બોલવાનું વિધાન છે, જ્યારે વચનગુપ્તિમાં વાણીના સંયમનો ઉદ્દેશ રહેલો છે.

દેશની ચોમેર ધાર્મિક, સામાજિક તથા રાજકીય અનેક પ્રશ્નો કાચા સુતરના કોકડાની જેમ ગૂંચવાયેલા પડયા છે, તે તે સ્થાને રહેલા જવાબદાર માણસોએ ખૂબ જ ધીરતા, સ્વ-સ્થતા તથા હૃદયની સરળતાપૂર્વક તેને આજે ઉકેલવા જોઇએ, પણ વિવેકહીન બનીને વગર વિચાર્યે અકળાઇને જો તે તે પ્રશ્નોને અંગે બોલી નાંખવામાં આવશે તો અનેક પ્રકારના અનર્થો જન્મશે, એમ અમને લાગે છે, માટે જ અમે ફરી ફરી કહીએ છે કે, 'વાણીનો સંયમ જીવનમાં જરૂરી છે.'

# કાળો ખવીસ........શ્રી પન્નાલાલ જ. મસાલીઆ.

"અરરર ! આ પાપીઓ તો ગજબ કરે છે. આખી રાત પાણીમાં જાળ નાંખી માછલાંઓનો તો સંહાર વાળી નાંખે છે.

પોણોસો વર્ષ પહેલાંની વાત છે. રાધનપુરની પોળે પોળે અને ઘરે ઘરે આ એકજ વાત ચાલી રહી છે. "માછલાંઓનો સંહાર વળી રહ્યો છે."

એક પરાક્રમી લહેરી જવાનની આ કથા છે. હાથમાં માથું રાખી ફરનારા બહાદૂરની આ સાહસ ગાથા છે. આપને તે ગમી જશે એમ હું માનું છું.

જુઓ ! મારા ગામનું આ સૌથી મોટું તળાવ છે. માની લ્યો કે મીઠા પાણીનું એક મોટું સરોવર છે. પાણી ઓછું થાય તો આ સ્કૉટકૅનાલદ્વારા એને છલોછલ ભરી દઈ શકાય એવી એની રચના છે.

તલાવની સ્હામે પાર હાલ જ્યાં છપ્પન ટેકરી છે, ત્યાં પહેલાં ખૂબ ઘટાવાળી ઝાડી હતી. આ પરદેશી બાવળની જગ્યાએ ત્યારે જાળા, કેરડાં અને બોરડીનાં ગીચ વૃક્ષો ઝૂમી રહ્યાં હતાં. આ બાવળ તો લાટ સાહેબે પછીથી નાંખેલો.

કહે છે કે, એ ઝાડોની ઘેરી ઘટામાં ખૂબ બીક હતી. એક મોટો ખવીસ એમાં ઘણા વખતથી રહેતો હતો. ઝાડીમાં જે કોઈ જાય એને તે વળગતો હતો અને પછી બહુજ ક્રૂરતાથી એનો જીવ લેતો હતો. એવી કંઈક અફવાઓ એને વિષે ચાલુ હતી. મોડી રાત્રે તલાવની આ બાજુ કોઈ ફરકતું નહિ. માછીમારો સુધ્ધાં પણ કોઈ એવી હિંમત કરતું નહિ.

જુઓ ! સાગર જેવા તળાવમાં આજે પાણી નથી. વરસાદ ઓછો પડવાથી બનાસમાં પાણી આવ્યું નથી ને એથી તલાવ પણ સુકાવા લાગ્યું છે. ભારે આપદા આવી રહી છે.

માછલાંઓ તરફડી રહ્યાં છે. આ કાળા કાજીયા અને જળકુકડીઓ એનું ભક્ષણ કરી રહ્યાં છે. કલકલીઆઓ એને અધ્ધરથીજ ઉપાડી જાય છે, ને પેલા શ્વેત બગલાઓય મઝાથી એની ચટણી ઉડાવી રહ્યા છે. પણ એના કરતાંય આ પાપી માનવીઓના હાથે એનો ઘોર સંહાર વળી રહ્યો છે. એની દાદ કે ફરિયાદ કોણ સાંભળે ?

દિવસે તો સુખ હતું. મહાજનની શેહ કે શરમથી કોઈ માછલાં પકડવા આવતું નહિ, પણ રાતનું સૌથી મોટું દુઃખ હતું. દયાપ્રેમી સજ્જનો ઘણા હતા પણ રાત્રે તળાવની ચોકી કરવા કોઈ આવતું નહિ. માણસોની હરફર બંધ થતી અને સુમસામ હવા પથરાઈ જતી કે પછી આ ગરીબ જીવોનો કચ્ચરઘાણ નીકળી જતો.

માનવી તારાં પાપથીજ આ સૃષ્ટિનો ભાર વધી રહ્યો છે. પાપ ઓછાં કર અને જો, પૃથ્વી પર જ સ્વર્ગ ઉતારી શકાય છે.

ધર્મશીલ માનવીઓનાં દિલ આ હિંસા જોઈ એક સરખાં ઘવાતાં હતાં, પણ કાંઈ ઉપાય નીકળી શકતો નહિ. શુષ્ક ગડભાંગોમાં એવી કંઈક રાત્રીઓ પસાર થઈ જતી હતી.

મારે જે જવાનની તમને વાત કહેવી છે, એનું નામ જેસીંગ હતું. એ ઘણોજ હિંમતવાન અને સાહસિક પુરૂષ હતો. એની આંખો હરણ જેવી મોટી હતી અને મ્હોં ખૂબ તેજસ્વી હતું. એની શક્તિ અને સાહસ માટે કયારેય બે મત પડતા નહિ. વાણિયો હોવા છતાં પાંચ–પાંચ લુંટારૂઓની સ્હામે એ ખુલ્લી છાતીએ લડયો હતો ને લુંટારૂઓને ભારે પરેશાન કરી મૂકયા હતા, એ ઘોડા ઉપર બેસતો

અને મુસાફરીમાં સાથે ભાલો રાખતો, એની તાકાતથી આશ્ચર્ય પામીને તો નવાબ સાહેબ એને ખોસો કહેતા.

આજે તો સફાચટ મૂછોનો જમાનો છે, પણ આપણા આ જેસીંગભાઈ તો મજાની સુંદર વાંકડી મૂંછો રાખતા, મૂછો ગઇ ત્યારથી ખરી મર્દાઈ પણ જતી રહી છે, પણ જવાદો અત્યારે એ વાત !

જે ચર્ચાઓ થતી એમાં આ જવાન પણ સામીલ હતો, પણ આ શુષ્ક અને કેવળ નિરસ ચર્ચાઓમાં એના ચટપટિયા જીવને જરાયે રસ આવતો નહિ, ચર્ચાઓ પુરી થાય એ પહેલાં તો આ નિરાધાર જીવો મરણને શરણ થઇ જાય એમ હતું.

જેશીંગે બહુ વિચાર કરી એક નવો જ માર્ગ શોધી કાઢયો, એના ફળદ્રુપ ભેજામાં એક નવી જ તરકીબ ઉગી આવી.

"છટ ! એ માછીમારોને હું એકલોજ પહોંચી વળીશ." તે ગણગણ્યો.

શી હશે એ તરકીબ ?

[ ૨ ]

રાત પડી.

મધરાત જામી ગઇ છે.

તળાવના કાંઠા પર માછીમારોની લાંબી કતાર લાગી પડી છે, ખટાક્ ખટાક્ કરતી જાળો પાણી ઉપર પટકાઈ રહી છે. સેંકડો, હજારો માછલાંઓનો વિનાશ ચાલી રહ્યો છે.

ત્યા સ્હામે મોતના ડાચા જેવી ઝાડીમાં કોઇના હસવાનો ધીમો અવાજ કાને સંભળાયો, થોડી વાર પછી એ અવાજ વધારે સ્પષ્ટ થયો અને પછી તો ઉપરાછાપરી ભીષણ અટ્ટહાસ્યોથી ધરા ધ્રૂજી ઉઠી. માછીમારો આ ઓચિંતા હાસ્યથી સડક બની ગયા.

થોડી વાર શાંતિ પથરાઇ ગઇ, વળી પાછું ઝાડીમાં કુદકા ભરતું કોઇ દોડતું હોય એવો ભાસ થવા લાગ્યો, જાણે ભયાનક સણકારો આવી રહ્યો.

કૌતક ! કૌતક ! માછીમારો ગણગણી રહ્યાઃ "શું થઇ રહ્યું છે, કાંઇ સમજાતું નથી."

"હીઃ હીઃ હીઃ" એક સરખા હાસ્યથી તળાવની પાળો ફરી ગર્જી ઉઠી. એ હાસ્ય એટલું તો ભયંકર હતું અને એટલું તો બિહામણું હતું, કે ગમે તેવા ધીર હૈયાં પણ ચલિત બન્યા સિવાય રહે નહિ.

"મર્યા ઠાર !" માછીમારો ગભરાઇ ઉઠયા. આજુબાજુ નજર કરી. કોઇ દેખાયું નહિ, છાતીમાં ફડક આરપાર ઘૂસી ગઈ.

કોણ હશે ? એમના હૈયામાં આ શંકા જાગી ભૂત હશે ? પ્રેત હશે ? કે ખાલી ભ્રમણા હશે ? કે પછી પેલો માણસ ખાઉ ખવીસ હશે ?" અહિં ખવીસ રહે છે એતો બધાને ખબર હતી. પવનથી ઝુલતાં પાંદડાંઓની જેમ એમનાં હૈયાં પણ ભયથી એટલાંજ કંપી રહ્યાં હતાં.

અને હવે ભય તો આગળ વધ્યો.

જાળા પાછળ એક મોટો ભડકો થયો.

ફરી જરા વાર શાંતિ પથરાઇ રહી, પણ પછી ખાસ્સા ત્રણ-ચાર જગ્યાએ એક સાથે ભડકા થવા લાગ્યા, ભડકામાંથી એક કાળા ખવીસ જેવી મૂર્તિ ઉપસી આવી, ધીમે ધીમે એ માછીમારો તરફ આવતી હોય એમ જણાયું.

નાસો રે નાસો ! ખવીસ આવે છે, ફડા-કીદાસો તો મુઠ્ઠીઓ વાળી જાય નાઠા ! પાછું વાળીને જોતા પણ નથી, કેટલાક તો ભયના માર્યા પટકાઇ પડયા, માથું ભોંય ને ટાંટીયા આકાશ તરફ ! માંડ હાંફલા-ફાંફલા થતાં નાસી છુટયા !

# દીક્ષાર્થી મુમુક્ષુઓને અભિનંદન-શ્રી હિંમતલાલ લાલજીભાઈ ચીનાઈ M. A.

**સ**ર્વ કાર્યોમાં મુંબઇ મોખરે રહે છે, એ સૂત્ર ફક્ત દુન્યવી ક્ષેત્રો પુરતું મર્યાદિત હતું, પણ આજે વિશાળ બને છે, તે એટલા માટે કે સાત-સાત મુમુક્ષુ આત્માઓ રોમેરોમ ઝરતા ઝેર-વેર, રાગ-દ્વૈષ આદિ દૂષણોવાળા, વિષમ સંસારને છોડી ચિદાનંદ પદ પ્રાપ્ત કરવાની તમન્ના સાથે પ્રભુના માર્ગે ડગ દે છે.

હવે પ્રશ્ન એ રહે છે કે, મોક્ષમાર્ગના અભ્યર્થીઓને પહેલાં કંઇ તાલીમ મળી છે? કે એકાએક ભાગ્ય આડું પાંદડું ખસી ગયું? હા! એટલું જરૂર કે પૂર્વજન્મમાં કરેલી સાધનાઓ અવસ્યમેવ કારણભૂત છે, જરૂર આ ધન્યપ્રસંગ ઉપસ્થિત થવા પહેલાં તાલીમ તો ખરીજ, અને ધીરે ધીરે પ્રગતી સાધતા આ અબધુત આત્માઓ આજે પૂર્ણ પ્રકાશમાન થાય છે, તો પછી તાલીમ કોની અને કયાં?

જેના "કાંકરે કાંકરે સિધ્યા અનંતા" એવા પરમપવિત્ર શ્રી સિધ્ધગિરિની શીતળ છાંયડી નીચે, પાદલિપ્તપૂરિથી પ્રખ્યાત થયેલ પાલીતાણામાં એક તાલીમકેન્દ્ર શરૂ થયું, કેન્દ્રના આદ્ય પ્રણેતા પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ હતા, અત્રે અંગ્રેજ કવિ "યુસુફ"ની કવિતા યાદ આવે છે.

As One Lamp Lights another,
Nor grows less."

એ મુજબ પોતાની કાન્તિ આચાર્ય મહારાજે શિષ્યોને અને શિષ્યો બનાવવામાં વાપરી, આથી તેમનો પ્રકાશ ઓછો થયો નથી પણ વધુ જ્યોતિઓ ભેગી થઇ અનેકગણું તેજ પાથરે છે, કેન્દ્રના સંચાલક ધીર, વીર અને ગંભીર મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ હતા, આજે દીક્ષા લેનારા ભાઇઓ (વીરો) સાથે થોડા અન્ય ભાઇઓ પણ તે કેન્દ્રમાં જોડાયા, શરૂઆત તો માત્ર ધાર્મિક સૂત્રોના પઠન-પાઠનથી થઇ પણ ધીરે ધીરે સંસારની અસારતાનો ઘેરો કસુંબી રંગ લાગવા માંડયો, દાન લેનાર સુપાત્રો તૈયાર હતા, અને દાન દેનાર આધ્યાત્મિકો પાસે ત્યાગનું અણમોલું અખૂટ વસાણું હતું, છૂટ મૂકી, લૂંટાય તેટલું લૂંટી લ્યો, લુંટનારા પણ અખૂટ શક્તિવાળા આત્મથેલામાં ભરવા માંડયા, ખૂબી તો એ છે કે, આ કરીયાણામાં લુંટાનાર જેમ લુંટાય, તેમ તેને વધારે મજા આવે, અને લુંટનાર જેમ લુંટતો જાય તેમ વધુ પોરસ ચડે, આમ કેન્દ્રનું સૂત્ર પૂરૂં થયું.

ભૂતકાળમાં દીક્ષાઓ તો ઘણાએ લીધી છે, અને ભાવીની ભીતરમાં શું રહ્યું છે, તે તો જ્ઞાની મહારાજ જાણે, પરંતુ આ દીક્ષાનું કંઇ જુદુ જ મહત્વ છે, આપણે સહુ જાણીએ છીએ, કે ડગલે-પગલે મરણનો ભય તેમજ શારીરિક અને આર્થિક વિષમતાઓનું પ્રમાણ વધતું જાય છે, ત્યારે જીવનથી થાકી આપણે જરૂર ત્યાગધર્મ સ્વીકારવો જોઇએ, પણ તે બનતું નથી, ત્યારે બીજી બાજુ મોહભરી માદક યુવાની હોય, કંઇક કરી નાંખવાની તમન્નાની ઝાળે દાઝતા હોય, વિલાસના સાધનો દી' ઉગ્યે નવા બનતાં જતાં હોય અને મજુરને પણ કાયાને સુખમાં લપેટી લેવાની તીવ્ર ઊત્કંઠા જાગી હોય, વૈજ્ઞાનિક સાધનોથી દુનિયાના એક ખૂણામાં બેઠા બેઠા સમગ્ર વિશ્વને આંખ આગળ જોતા હોય, આરામપ્રીય માનવીને લગભગ બધી સગવડો ન છોડી શકાય તેવાં પ્રલોભનો હોય, જડ-વાદના માયાવી આકર્ષણો આંખોને આંજી દઇ શરીરમાં રોમાંચ ખડા કરતા હોય, પશ્ચિમની કેળવણી ને સંસ્કૃતિના પુરમાં માનવસમુહ તણાયે જતો હોય,

---

એવા નાસી છુટયા કે ન પૂછો વાત!

ખવીસનું હાસ્ય તો રોકયું રોકાયું નહિ.

ખવીસે પાસે આવી જોયું તો એકેએક ફડાકીદાસો ભાગી છુટયા હતા, એણે જાળો એકત્ર કરી ભાંગી નાંખી, એની નિશાની સરખીએ રહેવા ન દીધી.

"હાઃ હાઃ હાઃ" અને ફરીને એક ભીષણ હાસ્ય તળાવની પાળ ઉપર ગર્જી રહ્યું, પણ એ સાંભળવા કોઇ માછીમાર ઉભો નહતો.

આ કાર્ય પેલા પરાક્રમી જવાન જેસીંગનું હતું. એણેજ કાળાં વસ્ત્ર પહેરી ખવીસનો વેશ લીધો હતો. જે ભડકા થતા હતા એતો વહો-રાજીને ત્યાંથી લાવેલાં બપોરીયાંનાજ હતા.

શાબાશ ખવીસ!

સુખ, સંપત્તિ અને કુટુંબની ઇર્ષા કરાવે તેવી અનુકૂળતાઓ હોય, આવી દશે દિશાઓમાંથી સેંકડો પ્રલોભનો અને આકર્ષણો સહસ્ત્રગણા જોરથી માનવ અને માનવજીવન અણુએ અણુને પોતાના જાદુઈ પ્રભાવમાં પૂરી રાખતા હોય, ત્યારે તે બધાને ક્ષીર-નીર માફક પરીક્ષા કરી જળકમળવત્ છોડી સહુથી પોતાને જુદા પાડી અને ક્ષપકશ્રણીએ ચઢવાની દીપશીખાઓમાં પોતાની આહુતિ આપે તે એક વિશિષ્ઠ કાળના, વિશિષ્ઠ વાતાવરણમાં, વિશિષ્ઠ અનુકુળતામાંથી વિશિષ્ઠ રીતે નીકળે તે પણ એક અનન્ય વિશિષ્ઠતા નહિ તો બીજું શું ?

આટલું બધું ગાયા પછી સાધારણ લાગણી થાય કે, દીક્ષાર્થીઓ જો ફક્ત પોતાનાજ આત્માનું સાધન કરવા માટેજ દીક્ષા લેતા હોય તો સમાજ તેના સન્માન શા માટે કરે ? અને આવડી મોટી શ્રમણ સંસ્થાનું પ્રયોજન પણ શું ? આત્મસાધન તો જંગલને ખૂણે બેસીને પણ થઇ શકે છે.

**आत्मवत् सर्वभूतेषु** નું સૂત્ર જેની રગેરગમાં પૂર્ણપણે વ્યાપી ગયું છે, એવા સાચા ત્યાગીઓની સમાજને ખાસ જરૂર છે, અને તેમાં આપણા સાધુ વર્ગનો ફાળો કાંઈ ઓછો નથી. તેઓ ફક્ત આત્મસાધનામાં લીન થઇ સમાજને રેઢો મુકતા નથી પણ પોતાનું અને સમાજનું એમ બંનેનું કલ્યાણ ચાહવામાં અને કરવામાં એવડી શક્તિઓ ખર્ચે છે. સાધુ સમાજે સ્વીકારેલો ત્યાગ,અહિંસા, બ્રહ્મચર્ય આદિ ભિષ્મ પ્રતિજ્ઞાઓ સમાજ તેમજ વ્યકિતના જીવનમાં શ્રદ્ધાના ચણતર ચણે છે. આનું મુખ્ય કારણ એ છે કે, તેમના જીવનને બે પાસા નથી હોતા. જે પાઠ સર્વને ઉપદેશે છે, તે પહેલાં પોતે પોતાના જીવનમાં ઉતારી અને જીવનને આરસી જેવું ડાઘ વગરનું બનાવે છે. આર્યસંસ્કૃતિ ત્યાગ ઉપર રચાઈ છે. સ્થળ, કાળ અને કુદરતની આસમાન ફાટી પડે તેવા આંધીના સમયે પણ અડગ અને અણનમ ઉભી હોય તો તે આર્યસંસ્કૃતિ છે, જેનું મુખ્ય અંગ શ્રમણસંસ્કૃતિ છે, આવી ઉચ્ચ કોટીની સંસ્કૃતિ માટે નૈતિકતા (Morality) નાગરિકતા (Civics) ધાર્મિકતા (Religious Nature) પરોપકારીતા (Philonthrophy) આદિ ચણતરના પાયા છે. અને એ પાયાઓની મજબુતી અને વિશાળતા સાધુ સમાજ વગર કોણ કરી શકે ? વધુમાં એ સાધુવર્ગ ચાલુ સમયની વધતી જતી મોંઘવારી, અસહ્ય હાડમારી, કલ્પના પણ કામ ન કરી શકે તેવી નાણાંભીડ, વેપારી બજારો નચાવનાર વેપારીઓને મુઝવતી મંદીની ભીંશ આદિ એકમેકથી સંપૂર્ણપણે સંકડાયેલા ચક્રો વચ્ચે પિલાતા માનવને હાર્દિક દિલાસો આપે છે. નિરાશા, થાક અને અંધકારથી અથડાતી માનવતામાં ચેતન પ્રેરે છે. ક્ષણે ક્ષણે દુર્ધ્યાનથી પલટાતા પરિણામોની ઉપજતી પરિસ્થિતિમાંથી વ્યકિત અને સમાજને હૃદયની હુંફ આપી બહાર કાઢવા પ્રયત્ન કરે છે.

સ્વ-પરનું શ્રેય સાધક આ વ્રતના વ્રતીઓ પણ વધુ વિકાસ સાધેલા માનવો છે. દેવો નથી, જેથી ક્ષતી ન સંભવે. તેઓ પર અતિપ્રેમ રાખનાર અને આશાના મીનારા બાંધનાર તથા સહાયની ઉમેદ રાખનાર કુટુંબની આવતી આપત્તિ ને જંજાળમાંથી છુટી નિરાંતે સુંવાળુ જીવન જીવવા માટે દીક્ષાધર્મ અંગીકાર કરવાનો નથી. એતો લોઢાના ચણા છે. વ્યકિતનું નહિવત્ સ્ખલન પણ સારી સંસ્થા પર આરોપ લાવે તેટલું ચોંકવું તે સંસ્થાનું ઘડતર છે. પ્રમાદ અને કેશ બંને વીણી વીણી ચુંટી કાઢવાના, આડંબર અને અભિમાનને અંકુશ નીચે નિક્રીય બનાવવાના, ત્યાગધર્મની સ્વચ્છ ભૂમિપર તપ-સંયમની વેદી રચી અધ્યાત્મની એકતાનતાના શ્લોકોનું પઠન કરી, ગુ વિનયના સાધનથી સાધુ-વૈયાવચ્ચના આસને બેસી જીવન યજ્ઞમાં કર્મો, રાગ-દ્વેષ, પ્રમાદ અને દુર્ધ્યાનની આહુતિ આપી યજ્ઞની ઉંચે અનંતમાં જતી જવાલાઓ માફક આત્માને સિદ્ધિપદ તરફ વિલીન કરવો એજ અંતિમ ધ્યેય છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઉચ્ચ ચરિત્રધર્મનું પાલન એટલેજ દીક્ષા.

જૈન સંઘ પર, સાત ક્ષેત્રો પર અને આર્યસંસ્કૃતિ પર આવતી આપત્તિના ઘોડાપુર ગાજી રહ્યાં છે, તેનો પ્રબળ પ્રતિકાર કરવા કમર કસવાની જરૂર છે, બલ્કે પહેલી કક્ષાની અગત્યતા છે, આની પાર્શ્વ ભૂમિકા તરીકે જૈનોનું, વ્યકિતનું ને સંઘોનું સંગઠ્ઠન અને એકીકરણ અનિવાર્ય છે અને ત્યારપછીજ આગળ વધી શકાય. એજ.

# મધપૂડો

સાત્ત્વિક પુરૂષો બધુંયે ખોવા તૈયાર થશે, પરંતુ પોતાનાં વચન અને શ્રધ્ધા ખોવા તેઓ કદાપિ તૈયાર નહિ થાય.

—પં. ક. વિ.

*

'તમને કોણ પ્રિય છે?' લક્ષ્મીને એક ભક્તે પ્રશ્ન કર્યો, 'મને ઉદાર સૌથી વધુ પ્રિય છે' લક્ષ્મી-દેવીએ જવાબ આપ્યો. વધુમાં તેણે કહ્યું કે, 'જે ઉદાર માણસો મને પેટી, પટારામાં પૂરતા નથી, ને સદા પરોપકાર તથા ધર્મના પરમાર્થકાર્યમાં મારો સદુપયોગ કરી, મારી પ્રતિષ્ઠા સંસારમાં વધારી મૂકે છે, એના જેવા પ્રિય મારા માટે બીજા કોણ હોઈ શકે?' ભક્તે ફરી પૂછ્યું; 'માયાદેવી! તમારો સેવક કોણ?' 'ભાઇ મારો સેવક નહિ પણ ગુલામ કહીએ તો સંસારમાં કંજૂસજીવો બધા મારા ગુલામો છે, મને મેળવવા, સાચવવામાં માથાતૂટ મજુરી કરે છે, તેઓ મને ભોગવી શકતા નથી, કે નથી મારો સત્પાત્રમાં સદુપયોગ કરી શકતા, કેવળ તેઓ મને પંપાળીને મારી સ્હામે જોયા કરે છે, અને તે લોકોની પુણ્યાઇ પરવારતાં હું તે બધાયને લાત મારીને ચાલી જાઉં છું. મને આવાઓની દયા આવે છે.'

'વારૂ ત્યારે તમારા માટે તિરસ્કારપાત્ર કોણ?' જવાબમાં લક્ષ્મીદેવી બોલ્યા; 'જે લોકો પૂર્વની પુણ્યાઇથી મારો યોગ પામ્યા છે. છતાં તેઓ વિલાસ, રંગ-રાગ અને ભોગની પાછળ મારો ધૂમાડો કરીને પાયમાલ થાય છે, આવા વિવેકહીન. ઉડાઉ માણસો પર મને અત્યંત ઘૃણા ઉપજે છે, ફરીથી એવાઓને ત્યાં પગ મૂકવાનું પણ મન નથી થતું.'

—શ્રી લલિતાબ્હેન આત્તમચંદ શાહ:
જામનગર (સૌરાષ્ટ્ર)

*

રાજકારણ એ એક જ એવો ધંધો છે કે, જેમાં કશી જ તૈયારી કે મુડીની જરૂર પડતી નથી.

શક્તિ અને એનો ઉપયોગ કરવાની શક્યતાનો જેઓ વિચાર કરી શકતા નથી, તે લોકો માટે શક્તિ અર્થહીન અને નકામી બને છે.

ઇચ્છાઓ માણસને અનેક થાય છે, પણ એમાંથી કઈ પસંદ કરવી અને કઇને જતી કરવી એ નિશ્ચય કરવામાં જ માણસના જ્ઞાન અને સંસ્કારની ખરી કસોટી છે.

—શ્રી લલિતાબ્હેન શાહ:

*

સોનું-રૂપું વાળ્યું વળે, લોઢું વળે તાપે;
સુપાત્ર સ્હમજાવ્યું વળે, કુપાત્ર ન વળે લાતે.
વર્ષા સમ વારી નહિ, પ્રેમ સમો નહિ ત્યાગ;
વેણ સમી ચિનગારી નહિ, વિરહ સમી નહિ આગ.

**કહેવતોનો અર્થ:**—'ઉને પાણીએ ઘર બળે નહિ'—આનો અર્થ પાણી ગમે તેટલું ખદખદતું હોય છતાં તેનાથી કાંઇ આગ લાગતી નથી, તેવી જ રીતે એવા કેટલાક સબંધો હોય છે કે, ગમે તેટલા પરસ્પર કજીયા થાય તો યે અંતે એકસંપ થવું પડે છે, આ પ્રસંગને મળતી બીજી કહેવતો છે કે, 'સાસુ વહુના કજીયા, ને ખીચડીના ઉભરા.' ડાંગે માર્યા પાણી જુદા થાય નહિ.' વગેરે.

*

## શોધ અને બોધ.

એક કાંડા ઘડિઆળની બનાવટમાં ૧૫૦ થી માંડી ૮૦૦ ન્હાના-મોટાં ભાગોનો ઉપયોગ થાય છે.

સહારાના રણનો વિસ્તાર ૨૦ લાખ ચોરસ માઇલ છે, હિંદ કરતાંયે વધારે ગણાય.

હિમાલયનું એવરેસ્ટ શિખર ૨૯૦૦૦ ફુટ ઉંચું છે. આબુની ઉંચાઇ ૫૬૫૦ ફુટ છે. સમેતશિખરની ઉંચાઇ ૪૫૦૦ ફુટ છે, ગિરનાર પર્વતની ઉંચાઇ ૩૬૬૬ ફુટ છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પર્વતનું સૌથી ઉંચું ચૌમુખજીની ટૂંકનું શિખર દરિયાની સપાટીએથી ૧૯૭૭ ફુટ ઉંચાઇ છે.

*

૧૯૫૧ ની તાજેતરની છેલ્લી વસ્તીગણત્રિ પ્રમાણે હિંદની વસતિ કુલ ૩૫ ક્રોડ ૬૮ લાખ ૨૯ હજાર ૨૮૫ થઇ છે, જેમાં પુરૂષોની સંખ્યા ૧૮૩૩૦૫૬૦૪ અને સ્ત્રીઓની સંખ્યા ૧૭૩૫૨૩૮૩૧. એકંદરે એક હજાર પુરૂષે ૯૪૭ સ્ત્રીઓ ગણાય.

*

મુંબઇ સરકારના પ્રધાનોને હમણાં પસાર થયેલા નવાં બીલ પ્રમાણે માસિક પગાર ૧૭૦૦) રૂા. ઘરભાડુ ૨૫૦) રૂા. અને ૨૫૦) રૂા. મોટરભાડુ, કુલ માસિક પગાર એક પ્રધાનને રૂા. ૨૨૦૦) નો થયો, જ્યાં આજે હિંદની પ્રજાને માણસદીઠ માસિક આવક સરેરાશ એક આનાની નથી પડતી, ત્યાં કોંગ્રેસ સરકારના સેવાભાવી પ્રધાનોને ૨૨૦૦) નો પગાર વધારે પડતો જ ગણાય ને ?

*

અમેરિકા પછી બીજે નંબરે બ્રિટનમાં દર વર્ષે ૩ લાખ ગર્ભપાતના કિસ્સા બને છે, જ્યારે લાખ્ખો જન્મેલા બાળકોને દેવળો તથા અનાથાશ્રમોમાં મૂકવામાં આવે છે......ઇગ્લાંડમાં જન્મતાં બાળકોનાં ત્રીજા ભાગના બાળકોનું ગર્ભાધાન વિવાહ પહેલાં થયેલું હોય છે, સગર્ભા થયા પછી જ મોટા ભાગના જોડાં વિવાહ સબંધથી જોડાય છે......જુગારની પાછળ ઇગ્લાંડમાં વાર્ષિક ૧૦) અબજ રૂા. નો ધૂમાડો થાય છે, એટલો જ ધૂમાડો માદક પીણાઓ પાછળ થાય છે......રે યુરોપ આ છે તારી ગોરી સભ્યતા !

*

હિંદમાં તાજેતરની ચૂંટણી દરમ્યાન થયેલા ખર્ચના સત્તાવાર આંકડા હમણાં બહાર પડયા છે, તેમાં હિંદ સરકાર તથા જુદી જુદી પ્રાંતીય સરકારો વગેરેને બધું મળીને ૯૦૩૪૮૩૮૯ રૂા. નો ખર્ચ થયો છે. આમાં મધ્યભારત, પેપ્સુ તથા કુર્ગને બાદ કરતાં સરકારને જે ખર્ચ થયો છે, તેના નોંધાયેલા આંકડા ગણાવ્યા છે. આ સિવાય જુદા જુદા ઉમેદવારોએ, પક્ષોએ, સંસ્થાઓએ જે ખર્ચ કર્યો તેનો તો કાંઇ પાર જ નથી. ચૂંટણીના નાટક પાછળનો આ ધૂમાડો જ ને ?

વધુ અનાજ ઉગાડોની ઝુંબેશ પાછળ હિંદની મધ્યસ્થ સરકારે ૪૭ થી ૫૧ સુધીના પાંચ વર્ષમાં ૫૦ ક્રોડનું ખર્ચ કર્યું છે. છતાં પરદેશથી હજુ લાખ્ખો મણ અનાજ મોંઘા ભાવે ખરીદવું પડે છે. ગઢવી ઘેરના ઘેર ને ભડાકા ભેર.

*

**કેરીનો મુરબ્બો:** ન્યાયાધીશ–(આરોપીને) જો, તને શરમ નથી આવતી ? એકના એક ગુન્હા માટે તું મારી પાસે ચાર–ચાર વખત આરોપીના પીંજરામાં આવ્યો ! આરોપી– હા, સાહેબ મારી પણ એ જ ફરિયાદ છે કે, એકના એક ગુન્હા માટે મને અહિં ચાર–ચાર વખત ઉભો કરવામાં આપને શરમ કેમ નથી આવતી ?

*

## કલિયુગના સત્પુરૂષ.

**છગનલાલ**–ભાઇ મગન ! જો ને આ દુનિયા કેવી લુચ્ચી બનતી જાય છે. આજે પેલા દુકાનદારે રૂપિયાના પરચુરણમાં એક ખોટી બેઆની આપી મને ઠગ્યો.

**મગન**–હેં કાકા ! એ તો ખરાબ થયું કહેવાય, આ તો હડહડતો કલિયુગ આવ્યો. ત્યારે પછી તમે એનું શું કર્યું ?

**છગનલાલ**–હં, તે હું કાંઇ જાઉં તેવો છું, મેં પેલા ચીમન પાનવાળાની દુકાને જઇ, એક આનાનું પાન ખાઈ, એક આની પાછી માંગી, ને પેલી ખોટી બે આની આસ્તે રહીને સરકાવી દીધી.

*

ઇન્સ્પેક્ટર સાહેબ ઓફીસની મુલાકાતે આવ્યા છે, મેનેજરની ગેરહાજરીમાં તેમણે પટ્ટાવાળાને પૂછયું ' કેમ રહેમાન ! ઓફીસમાં કેટલા માણસ કામ કરે છે ?'

**રહેમાન**–અમારા મેનેજર સાહેબ સાથે નવ માણસો કામ કરે છે.

**ઈન્સ્પેકટર**–તો તારા સાહેબ સિવાય બીજા આઠ માણસો કામ કરે છે એમ ને ?

**રહેમાન**–ના સાહેબ, અમારા સાહેબ જો ન હોય, કે આઘા–પાછા ગયા હોય તો એકે કામ નથી કરતા.

*

# પ્રતિજ્ઞા પાલન અને ધર્મનો જય—

શ્રી બાબુભાઇ રતિલાલ દોશી.
શ્રી ત્રિકમલાલ ચીમનલાલ દોશી.

જેમ સાંજના વખતે ગાય તેમજ ભેંસના ધણો ટોળાબંધ પ્રવેશે છે, તેમ સવારમાં નગરજનો નગરની બહાર આવેલા ઉદ્યાન તરફ ટોળાબંધ ધસી રહ્યાં હતાં. આ ટોળાઓમાં નાના-મોટાનો કે ઉચ્ચ-નીચનો ભેદ ન હતો. જેટલો હર્ષ ધનવાનોમાં દેખાતો તેટલો જ ધનહીનોમાં પણ દેખાતો, જેટલો આનંદ વૃદ્ધોને થતો તેટલોજ આનંદ જુવાનોને તેમજ બાળકોને પણ થતો. આમ એકાએક નગરજનોને નગર બહાર ઘેલાઓની માફક જતા જોઇ બે બાળકોને આશ્ચર્ય થયું. તેઓ પણ કુતુહલથી પ્રેરાઇને નગરની બહાર ઉદ્યાન તરફ જવા માટે એક ટોળામાં સામેલ થયા.

તેમણે ઉદ્યાનમાં આવીને જોયું તો ત્યાં લોકોની બહુ ભીડ હતી. આજુબાજુના ગામોમાંથી પણ ઘણા લોકો ત્યાં આવ્યા હતા. ઉદ્યાનનાં દ્વારો તેમજ અંદરનો ભાગ સુંદર રીતે શણગારેલો હતો. કારણકે ત્યાં આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિજી તેમના પરિવાર સહિત ત્યાં પધાર્યા હતા. તેઓશ્રી ત્યાં દેશના આપવાના હોવાથી હજારો જનો તેઓશ્રીની દેશના સાંભળવાને આવ્યા હતા.

તેઓશ્રીની દેશના સાંભળી ઘણા મનુષ્યોના જીવનમાં પલ્ટો થયો. જેઓ પાપમય જીવન જીવતા તેઓ પણ ધર્માનુરાગી થઇને આદર્શ જીવન જીવવા લાગ્યા. હજારો માનવીઓએ શક્તિ પ્રમાણે પ્રતિજ્ઞાઓ (બાધાઓ) લીધી. અને નગર તરફ પાછા ફર્યા. પેલા બે બાળકો છેલ્લે મહામુનિરાજ પાસે ગયા, અને રાત્રિભોજનની બાધા લીધી. આ એકજ દેશનાથી તેમના જીવનમાં ઘણોજ ફેરફાર થઇ ગયો. તેમને જૈનધર્મ ઉપર અગાધ પ્રેમ ઉત્પન્ન થયો.

રાત્રે તેમને તેમની માતાએ જમવા બોલાવ્યા, તેઓએ જણાવ્યું કે, અમારે રાત્રિભોજનનો ત્યાગ છે, તેથી અમો કદિયે રાત્રિયે નહિ જમીયે. તેમની માતાએ તેમને ઘણુંયે સમજાવ્યા પણ તેઓ પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ રહ્યા, આથી માતાએ બાળકોના પિતાને બધો વૃત્તાંત જણાવ્યો અને છોકરાઓને સમજાવવાને જણાવ્યું. તે તેમના પુત્રો પાસે ગયો અને સમજાવવાને બદલે તેણે ધમકી આપી કે તમે અત્યારે રાત્રે જ જમી લો, નહિતર દિવસે કોઇ જમવા નહિ આપે. પુત્રોએ જણાવ્યું કે, તેની અમને ફીકર નથી, અમે તો અમારી પ્રતિજ્ઞામાંજ મક્કમ રહીશું. છેવટે પોતાની ધમકી નિષ્ફળ જવાથી તે બબડતા-બબડતા કહેતા ગયા કે 'મોટા ધર્મી થઇ ગયા છે, તો ભલે ભૂખે જ મરતા'.

છ છ દિવસના ઉપવાસ થયા અને સાતમા દિવસની શરૂઆત સૂર્યદેવે પોતાનાં દર્શન લોકોને કરાવ્યાં છતાં પિતા કે પુત્ર કોઈ કોઇને નમતું આપતું ન હતું, પિતા વારંવાર પુત્રોને જણાવતા કે, રાત્રિભોજનની શરૂઆત કરો તો સુખી થશો. દિવસે તમારા માટે કોઈ રસોઇ કરીને પીરસશે નહિ. તેમજ હઠ ઉપર તો કદાપિ નહી.' જવાબમાં પુત્રો જણાવતા 'પિતાશ્રી, અમો તમારી ધર્મવિરુદ્ધ આજ્ઞા પાળવા બિલકુલ તૈયાર નથી. તમારે જમવા આપવું હોય તો આપો નહિતર અમને કંઇ વાંધો નથી, અમારે તો ઉપવાસ થશે. તમો ચાહે તે કરો પણ અમે સૂર્યોદય પહેલાં અમારા દેહના રક્ષણાર્થે કદાપિ ભોજન કરવાને તૈયાર નથી. અમે તો ફક્ત રાત્રિભોજનના મહાપાપમાંથી અમારા આત્માને જ બચાવવા માંગીયે છીએ. ભવોભવ અમારી સાથે આત્મા જ આવશે, નહિ કે માતાપિતા, અને દેહ. હવે અમને આત્માની ઉન્નતિને માર્ગે જતાં કોઇ રોકી શકશે નહી, એ તો અમારો ભવોભવનો સંબંધ છે, માનવ-ભવમાં અમે પાપમય જીવન જીવીને નરકાધિકારી થવા નથી માગતા, પરંતુ ધર્મમય જીવન પસાર કરીને મોક્ષાધિકારી થવા માગીએ છીએ. મનુષ્યભવને ગુમાવવો એ હાથમાં આવેલા ચિંતામણિને ગુમાવવા જેવો છે, માટે મહેરબાની કરીને જુઓ તમે અમારા હિતેચ્છુ હશો તો અમને રાત્રિભોજન કરવા વિષે હવે વિશેષ કંઇ પણ કહેશો નહી.'

પિતાને પુત્રોનાં વાકયો તરવારની ધાર જેવાં લાગ્યાં, તેને થયું કે મારો જ પુત્ર મારી આજ્ઞા ન માને તો પછી એ પુત્ર શાનો ? તે રોષે ભરાયો અને કહ્યું 'હજી હું તમને તમારા ભલાને માટે કહું છું કે રાત્રિભોજન કરી લો, નહિતર પરિણામ ભયંકર આવશે.' પુત્રોએ જણાવ્યું કે 'ધર્મને ખાતર અમે મરવાને પણ તૈયાર છીએ તો પછી ભયંકર પરિણામથી તે વળી અમારે ગભરાવાનું હોય ?'

આ જવાબ સાંભળતાં જેમ અગ્નિમાં ઘી હોમાય

તેમ તેમના પિતાના રોષમાં આ જવાબ ઉમેરાવાથી રોષે વધુ ઉગ્રતા ધારણ કરી અને ધમકાવીને કહ્યું 'તમે મારા પુત્રો થવાને લાયક નથી, જો તમે રાત્રિભોજન કરવાને તૈયાર ન હો તો દિવસ ઉગ્યા પહેલાં મારા ઘરનો ત્યાગ કરીને ફાવે ત્યાં ભટકી ખાઓ.' આવી ધમકીની મોટા ઉપર અને નાના ઉપર જુદી જુદી અસર થઇ. મોટાને લાગ્યું કે, ધર્મને માટે ગૃહત્યાગ કરવો એના જેવું સારૂં આ દુનિયામાં કંઇ નથી. ચોક્કસ હું અરૂણોદય પહેલાં પિતૃગૃહનો ત્યાગ કરીને પણ મારી પ્રતિજ્ઞાનું પાલન કર્યા વિના રહીશ નહિ.'

નાનો ભાઇ તો બિચારો ધમકી સાંભળીને જ ગભરાઇ ગયો. તેને થયું કે જો હું રાત્રિભોજન નહિં કરૂં, તો મારે ગૃહત્યાગ કરીને ભીખ માગીને ખાવું પડશે, માટે રાત્રિભોજન કરવું બહેતર છે.' આમ વિચારીને તે રાત્રિભોજન કરવાને તૈયાર થયો. તેણે રાત્રિભોજન કરી લીધું.

( ૨ )

આ બાજુ મોટો ભાઇ તો કોઈને જણાવ્યા વિના ગુપ્ત રીતે ફક્ત ગૃહત્યાગ નહિ પણ નગરત્યાગ કરીને અરણ્યમાં ચાલ્યો ગયો. તેને સાત–સાત દિવસના ઉપવાસ થયા હતા. આઠમા દિવસની સાંજે જંગલમાં તેણે સુંદર મહેલ જોયો તે, તે તરફ ગયો, સૂર્યાસ્ત થતાં મહેલ પાસે પહોંચ્યો. તેની બાજુમાં સુંદર બગીચો હતો, તેમાં જાત જાતના છોડો અને ફળફૂલો હતાં. મહેલ જાત જાતના રંગોથી અને ચિત્રકળાથી દીપી રહ્યો હતો. જેવો તેણે દ્વારમાં પગ મૂકયો, તેવોજ હર્ષભર્યો અવાજ તેને કાને સંભળાયો. કોઇ બે યાત્રાળુ જેવા માણસો તેને 'આવો ! આવો ! પધારો ! અતિથિ દેવ ! આજે અમારા મહાન ભાગ્યોદયે આપ અમારા જેવાનાં આગણાં પવિત્ર કરવા આવ્યા છો.' વગેરે શબ્દોથી આવકાર આપતા હતા. આજુબાજુથી ઘણા યાત્રિકો દોડીને અતિથિ પાસે આવ્યા, ત્યાં એક મોટું ટોળું થઈ ગયું હતું. તેમાંથી એક યાત્રાળુએ કહ્યું કે 'હે અતિથિદેવ ! આજે અમારે વ્રતનું પારણું છે, તેથી અમો અતિથિની રાહ જોતા હતા. અમારાં ભાગ્ય બળવાન કે આપ જેવા અતિથિ અમને મળી ગયા. હવે આપ રાહ જોયા વિના ભોજન કરી લ્યો, પછી અમે પારણું કરી લઇએ,' આમ કહેતાં એક યાત્રાળુ સુંદર સોનાની ઝારીમાં પાણી લાવ્યો અને કહ્યું કે 'હે મહાનુભાવ ! હવે આપ વિના વિલંબે હસ્તપ્રક્ષાલન કરીને જમવા બેસીને અમારા ઉપર મહાન ઉપકાર કરો.'

તેણે આ આફત દૂર કરવા તે લોકોને કહ્યું કે, 'ભાઇઓ ! રાત્રે તે પારણું કરાતું હશે, જે માણસ પોતાના આત્માને કર્મના પંજામાંથી મુક્તિ અપાવવા વ્રતો આદરે તે માણસ શું કદિયે રાત્રિભોજન કરીને કર્મના પંજામાં સપડાવા જાય ખરો ? તેનો કંઠ સૂકાઇ ગયો હતો, અવાજ ક્ષીણ થઈ ગયો હતો, આંખે અંધારાં આવતાં હતાં, માર્ગના અતિ થાકને લીધે તેનું આખું અંગ કળતું હતું અને સાત દિવસની ક્ષુધા તેમજ તૃષા તેનાથી સહન થઈ શકે તેમ ન હતી. છતાં અભિગ્રહનું પાલન કરવા માટે તેણે ઉપલા શબ્દો યાત્રાળુઓને અને તેના મનને મનાવવા માટે કહ્યા.

તેણે દૂરથી એક વિકરાળ માણસને આવતો જોયો, તેની આંખોમાં ક્રોધાગ્નિ ચોકખો જણાઇ આવતો હતો. તેના હસ્તમાં ભયંકર શસ્ત્ર ધારણ કરેલું હતું. તેનું શરીર ક્રોધથી લાલ અને ખુન્નસ ભરેલું દેખાતું હતું. તે અતિથિ પાસે આવીને એકદમ ક્રોધથી બોલવા લાગ્યો, રે મુસાફર તું કયાં છે ? તેનું તને ભાન છે, અહિં અમારી સત્તામાં આવ્યા પછી પણ તું અમારા ધર્મનું અપમાન કરે છે ? સીધી રીતે માનતો હોય તો જલ્દી અમારૂં આતિથ્ય સ્વીકારી ભોજન કરીને પછી આરામ કર. નહિતર આ શસ્ત્ર વડે તારા પ્રાણનું હરણ કરતાં મને વાર નહિ લાગે. અહીં અમારી સત્તા છે તે ધ્યાનમાં રાખીને બોલ, તું રાત્રિભોજન કરવા તૈયાર છે કે નહિ ?'' આમ કહી શસ્ત્ર તૈયાર કરે છે.

આવા સમયે ખરેખર માણુસ તેની કસોટીમાંથી ચલિત થઇને પોતાની ટેક પણ વિસરી જાય છે. તેનું મુખ્ય કારણ મરણનો ભય હોય છે, પણ આ અતિથિ તેવો ન હતો, તેણે મૃત્યુનો પણ ભય રાખ્યા વિના ધીમા પણ મક્કમ સ્વરે નમ્રતાથી જવાબ આપ્યો. " મહેરબાન ! માફ કરજો, આપ ખુશીથી મારો વધ કરી શકો છો, મને મરણનો ભય નથી, પણ પ્રતિજ્ઞાભંગનો મહાન ભય છે, તેથી હું કોઇ પણ સંજોગોમાં મારી રાત્રિભોજનની પ્રતિજ્ઞાનો ભંગ કરવાને તૈયાર નથી, આપને જે કરવું હોય તે આપ કરી શકો છો, મને જીવનનો મોહ

નથી, જો લીધેલા વ્રતનું પાલન કરતાં મૃત્યુને ભેટવું પડે તો એ મૃત્યુને હું હર્ષદાયક માનું છું."

આવો મક્કમતા ભરેલ અને નિડર જવાબ સાંભળી તે વિકરાળ પુરૂષે ધમકી આપવાનું બંધ કરી પૂછ્યું કે, "જો તમારા ગુરૂ તમને જાતે રાત્રિભોજન કરવાની રજા આપે તો તમે કરો ખરા?" આના જવાબમાં તેણે જણાવ્યું કે, મારા ગુરૂ વીતરાગધર્મના પ્રેમી છે, તેઓ રાત્રિભોજન ન કરવા વિષે બધાંને ઉપદેશ આપે છે, તેઓ તે વળી કદી રાત્રિભોજન કરવાની રજા આપતા હશે? કદિ નહી, એ બનવું જ અસંભવિત છે, જે ગુરૂ રાત્રિભોજન કરવાની આજ્ઞા યાતો ઉપદેશ આપે તે કાંતો બનાવટી યાતો કુગુરૂજ હોય, તે કદિ ગુરૂ કહેવાય જ નહિ, જ્યારે તે આમ જણાવતો હતો ત્યારે તેણે દૂર ખૂણામાં પોતાના સાચા ગુરૂ જેવા બનાવટી ગુરૂ તેણે જોયા, તેને સમજતાં વાર લાગી નહિ કે આ બધી માયાજ છે, અને આ માયાવી લોકો મને ફસાવવા માગે છે, તેણે હવે સાવધાન રહેવાનો નિર્ધાર કર્યો, માયાવી ગુરૂએ આજ્ઞા કરી કે. 'મારા પ્રિય શિષ્ય! મારી આજ્ઞા છે કે, તું આ લોકો કહે તેમ કર. મને આશા છે કે, તું મારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરે.'

આમ માયાવી ગુરૂની આજ્ઞા સાંભળીને તે ઉશ્કેરાયો નહિ, પણ ફક્ત આજ્ઞાનું ઉલ્લંઘન કરતું તિરસ્કાર ભર્યું હાસ્ય કર્યું. આ હાસ્યનો મર્મ માયાવી લોકો સમજી ગયા અને તેઓએ તેને ફસાવવા માટે છેલ્લું કાવતરૂં રચ્યું. આ કાવતરામાં સાધારણ માણસ તો ફસાઇ જ જાય.

( ૩ )

ત્યારબાદ તે માયાવી લોકોએ અતિથિને કહ્યું. 'આપ તો બહુજ જક્કી છો, ના'ની હા તો કહેતાજ નથી, તો ભલે સૂર્યોદય પછી ભોજન કરજો, ત્યાં સુધી તમે સૂઇ જાઓ, અમે પણ તમારા ભોજન કર્યા પછી જ પારણું કરીશું.'

અતિથિએ જાણી લીધું કે, આ લોકો માયાવી છે, તેથી આમાં જરૂર કંઇક કપટ હોવું જ જોઇએ. તેથી તે સાવધાનપણે ઉંઘી ગયો, પણ આઠ દિવસના ઉપવાસીને તે એમ ઉંઘ આવે? અને તે પણ ભયના વખતે તો નજ આવે, એક-બે કલાક પસાર થઇ અને નિદ્રાદેવી ઘેરતા હતાં તેવામાં એક માયાવીએ આવીને નિદ્રા અને જાગૃતિ વચ્ચે ખેંચાતા અતિથિને સંપૂર્ણ જાગૃતિમાં લાવીને કહ્યું, 'જુઓ પૂર્વદિશામાં સૂર્યદેવનાં દર્શન સોનેરી પડદા વચ્ચે થાય છે, અંધકારને હણીને સૂર્યદેવ પોતાના તેજવડે પૃથ્વીને તેજોમય બનાવે છે, તેમ તમે ક્ષુધા તેમજ તૃષાને ભોજન અને પીણાવડે હણીને આપના દેહને તેજોમય બનાવો, એવી મારી વિનંતિ છે.

અતિથિએ જાણ્યું કે, હું તો ઉંઘ્યો પણ નથી ત્યાં સૂર્યોદય કેવી રીતે થાય? માટે જરૂર દાળમાં કંઈક કાળું છે, આ લોકોએ જરૂર તેમની માયા વિકુર્વી છે. આમ જાણવાથી તેણે તે લોકોને ગંભીરભાવે કહ્યું, 'તમો મને છેતરીને મારી પ્રતિજ્ઞાનો ભંગ કરાવવા માગો છો, પણ તે બનવું સર્વથા અશકય છે, હજુ તો રાત્રિનો ચોથો ભાગેય પસાર થયો નથી, ત્યાં સૂર્ય ઉગવો કઇ રીતે શકય બને! માટે હું તમને ખાતરી આપીને કહું છું કે, આ સૂર્ય માયાવી જ છે, તમે મને છેતરવા માટેજ.........' તેનું વાકય અધુરૂં રહી જાય છે, અને આકાશમાંથી તેના ઉપર પુષ્પવૃષ્ટિ સાથે તેનો જયજયકાર બોલાય છે, એટલામાં જૂએ છે તો ત્યાં કોઇ માનવ નથી પણ એક દેવ તેની નજીક હાથ જોડીને ઉભો છે. દેવે કહ્યું કે, 'ભાઇ તું તારી પરીક્ષામાં પસાર થઇ ગયો છે, ખરેખર તારા જેવા માનવી તો આ દુનિયામાં જવલ્લેજ જોવા મળશે, તારી પ્રતિજ્ઞાની ભાવના જોઈ હું તારી ઉપર અત્યંત પ્રસન્ન થયો છું, મેં તો ફકત તારા નિયમની કસોટી કરવાજ આ માયાજાળ ગૂંથી હતી, તેમાંથી તું જેમ સુવર્ણ શુધ્ધરૂપે પસાર થાય તેમ પસાર થયો છે, માટે હું તારા પર પ્રસન્ન થયો છું, તેથી તેના બદલામાં તું માગે તે વરદાન આપવા તૈયાર છું.

વ્રતપાલનના બદલામાં તે કોઇ વસ્તુ માગવાની ઇચ્છા રાખતો ન હતો, પણ દેવના અતિઆગ્રહથી તે એક નગરનો રાજા બન્યો, જેનો પહેલાંનો રાજા થોડા સમય ઉપર મરણ પામ્યો હતો, રાજ્ય ઉપરાંત તેને બે સિદ્ધિઓ આપી હતી, એકનું નામ રોગનિવારણ અને બીજીનું નામ ઇષ્ટપ્રાપ્તિ. એટલે કે તે જે વસ્તુને ઇચ્છે તે મળે, આમ સિદ્ધિઓ આપીને દેવ અદ્રશ્ય થઇ ગયા, પછી તેણે આઠ દિવસના ઉપવાસનું

પારણું કર્યું. તેણે પારણું કર્યા પહેલાં તે દિવસે હજારો માણસોને દાન આપ્યું હતું, અને તેજ દિવસે રાજગાદીએ બેઠેલ હતો, તેણે તેની સિદ્ધિઓવડે રાજ્યમાં ઘણા માણસો ઉપર ઉપકાર કર્યો, રાજ્યને તેણે થોડા દિવસમાં સમૃદ્ધિવાન બનાવી દીધું, તે પ્રજા પ્રત્યે પોતાની રાજા તરીકેની ફરજ બહુ સારી રીતે બજાવતો, તેથી તે પ્રજાપ્રિય થઇ ગયો, આજુબાજુના પાડોશી રાજ્યો પણ તેના વખાણ કરતા અને મિત્રતા બાંધવા પ્રેરાતા, આ બધાં કર્મોનાં જ ફળ છે, કર્મ ઘડીકમાં રાજા અને ઘડીકમાં રંક બનાવી મૂકે છે, કર્મની સત્તા સર્વત્ર સરખી છે. 'ચક્રવર્તિની મહાસત્તા પણ કર્મની સત્તા પાસે નહિવત્ છે.' એ વાકય સંપૂર્ણ રીતે સત્ય છે.

એક દિવસ તે પ્રજાપ્રિય રાજાના રાજ્યમાં તેના પિતા વેપાર અર્થે આવી ચડયા, તે રાજા પાસે કંઇ કામ પ્રસંગે ગયા, રાજાને જોઇને તેને આશ્ચર્ય થયું કે, 'આ રાજા મારા મોટા પુત્ર જેવોજ છે, શું આજ મારો પ્રિય પુત્ર હશે, મેં કેવા કદાગ્રહથી અધર્મ આચરવા બલાત્કાર કરી ગૃહત્યાગ કરાવ્યો હતો.' આ પ્રમાણે તે હવે પશ્ચાતાપ કરવા લાગ્યો, રાજાએ તેના પિતાને જોયા કે તરતજ તે ત્યાંથી વિનયપૂર્વક ઉભા થઇ ગયા અને પિતાના ચરણમાં મસ્તક નમાવીને ગદગદ કંઠે બોલ્યા કે, પિતાશ્રી, મારી મહાન ભૂલ થઇ ગઈ, હું આપના આજ સુધી સમાચાર મેળવવા પ્રયત્ન કરતો પણ હું જાતે આવી શકયો નહિ, તેમજ સમાચાર મેળવવામાં પણ સફળ થયો નહિ, મારા પુણ્યોદયે આપ અહિં આવી પહોંચ્યા, કહો મારા માતુશ્રી તથા પ્રિય નાના બંધુના સમાચાર શું છે? જે હોય તે સત્વરે જણાવો' તે સમાચાર સાંભળવાને અધીર બની ગયો.

તેના પિતાએ દુઃખી વચને જણાવ્યું કે, 'તારી માતા તો મજામાં છે, પણ તારા ભાઇની સ્થિતિ બહુ ગંભીર છે, તારા ગમન પછી તારો બંધુ અમને ખુશ રાખવા રાત્રિભોજન કરવા બેઠો. ભોજન કર્યા પછી પ્રાયઃ મધ્યરાત્રિના સમયે તે બેશુદ્ધ બન્યો, તેનું આખું શરીર લીલું કાચ જેવું બની ગયું. તપાસ કરતાં જણાયું કે, તેમાં ઝેરી સાપની ગરલ પડી હતી, ખરેખર રાત્રિભોજનનું જ એ પરિણામ છે, અમને હવે સમજાય છે, કે રાત્રિભોજન કરતાં આ ભવમાં આટલી આપદા પડે છે, તો પછી પરભવમાં શું નહિ થાય, અમે પણ તે દિવસથી રાત્રિભોજનનો ત્યાગ કર્યો છે, મેં ઘણા ઘણા વૈદો તથા મંત્રવાદીઓને તારા ભાઇનું દરદ બતાવ્યું, તેમણે બનતા પ્રયાસો કર્યા પણ નિષ્ફળ ગયા, હું હવે જ્યાં જ્યાં વેપાર અર્થે કે કોઇપણ પ્રસંગે જાઉં છું, ત્યાં ત્યાં સિધ્ધપુરૂષની તપાસ કરૂં છું, પણ સફળતા પ્રાપ્ત થતી નથી, તારા ભાઇનું દુઃખ પણ જોયું જાય એવું નથી, માટે હવે તું તારા ભાઇને તેમાંથી બચાવવાનો ઉપાય શોધ, એ કાર્ય આજથી હું તારે શિરે ચડાવું છું.'

નાના ભાઇની આવી સ્થિતિ જોઇને તેને ઘણી દયા આવી, તે વિશ્વાસુ મંત્રીઓની સાથે ખાનગી મંત્રણા ચલાવી તેમને રાજ્યકારભાર સોંપી, તે પોતાના પિતા સાથે પોતાના વતન તરફ ભાઇને મળવા માટે ગયો, ભાઇને મળીને જોયા પછી તેણે 'રોગનિવારણ' સિદ્ધિવડે ભાઇને રોગની અતિ પીડામાંથી બચાવ્યો, હવે ઘણા લોકો તેની રોગનિવારણ સિદ્ધિનો લાભ લઇને મહારોગમાંથી મુકત થયા, આમ તેની ચારે બાજુ ખ્યાતિ ફેલાઇ ગઈ થોડા દિવસ જન્મભૂમિમાં રહીને તે માતા, પિતા, બંધુ અને સર્વ પરિવારસહિત પોતાના રાજ્યમાં પાછો આવ્યો, અને રાજ્યકારભારની લગામ હાથમાં લીધી.

તેણે રાજા તરીકેની સારી ખ્યાતિ મેળવી, ખરેખર તે એક પ્રભાવી અને સમર્થ રાજા થયો, રાત્રિભોજનનો ત્યાગ કરવાથી માણસ આ ભવમાં પણ કેવી સમૃધિ મેળવે છે, દેવો પણ તેને માન આપે છે, ખરેખર રાત્રિભોજન ન કરવું એ સ્વર્ગનું દ્વાર છે અને કરવું એ નરકનું દ્વાર છે, માટે હે પ્રિય મિત્રો, આપણે પણ રાત્રિભોજનનો ત્યાગ કરીને અલભ્ય સુખ મેળવીએ.

---

વાર્ષિક લવાજમ રૂા. પાંચ મોકલી આજે ગ્રાહક બનો અને બનાવો!

જૈન સમાજમાં એકી અવાજે વખણાયેલી

પાઠયક્રમમાં મંજુર થયેલી, ઇનામ-લાઇબ્રેરીની શોભા બનેલી

# જૈન બાલ ગ્રંથાવલિ

શ્રેણી ૧-૨-૩ [ સુંદર દ્વિરંગી બોક્સમાં ] દરેકની કિં. ૩-૦-૦.

એને અદ્યતન રીતે સંસ્કારી કરનારઃ— શ્રી જયભિખ્ખુ

| | | |
|---|---|---|
| ૧ શ્રી રિખવદેવ | ૧ શ્રી મલ્લિનાથ | ૧ શ્રી શાંતિનાથ |
| ૨ શ્રી પાર્શ્વનાથ | ૨ નેમ—રાજુલ | ૨ શ્રી ભદ્રબાહુ સ્વામી |
| ૩ પ્રભુ મહાવીર | ૩ શ્રી ગૌતમસ્વામી | ૩ શ્રી સ્થૂલિભદ્ર |
| ૪ મગધરાજ | ૪ ભરત-બાહુબલિ | ૪ શ્રી સિદ્ધસેન |
| ૫ ચંદનબાળા | ૫ આર્દ્રકુમાર | ૫ મહાસતી સીતા |
| ૬ રાણી ચેલ્લણા | ૬ અભયકુમાર | ૬ સતી મૃગાવતી |
| ૭ જંબુસ્વામી | ૭ રાજર્ષિ પ્રસન્નચંદ્ર | ૭ દ્રૌપદી |
| ૮ ઇલાચી કુમાર | ૮ મહાસતી અંજના | ૮ મુનિશ્રી હરિકેશી |
| ૯ અમર કુમાર | ૯ મયણરેહા | ૯ શ્રી નંદિષેણ |
| ૧૦ રાજા શ્રીપાળ | ૧૦ જ્ઞાન પંચમી | ૧૦ અક્ષયતૃતીયા |
| ૧૧ મહાત્મા દૃઢપ્રહારી | ૧૧ અર્જુનમાળી | ૧૧ મહારાજા કુમારપાળ |
| ૧૨ વીર ધન્નો | ૧૨ ચક્રવર્તી સનત્કુમાર | ૧૨ ધન્ય અહિંસા |
| ૧૩ વિમળશાહ | ૧૩ ચંદનમલયાગિરિ | ૧૩ સત્યનો જય |
| ૧૪ વસ્તુપાળ--તેજપાળ | ૧૪ કાન કઠિયારો | ૧૪ એમો દેદરાણી |
| ૧૫ જગડુશાહ | ૧૫ વીર ભામાશા | ૧૫ મહામંત્રી ઉદયન |
| ૧૬ શ્રી શત્રુંજય | ૧૬ શ્રી સમેતશિખર | ૧૬ શ્રી ગિરનાર |

—ઃનવાં સુંદર વસાવવા યોગ્ય પુસ્તકોઃ—

| શ્રી જયભિક્ખુ કૃત | | રૂ. આ. |
|---|---|---|
| વીરધર્મની વાતો | ભા. ૧ | ૨-૮ |
| ભગવાન મલ્લિનાથ | ભા. ૨ | ૨-૮ |
| દેવદૃષ્ય | ભા. ૩ | ૨-૮ |
| વિક્રમાદિત્ય હેમૂ | ભા. ૧ | ૫-૦ |

| | | રૂ. આ. |
|---|---|---|
| ભાગ્યનિર્માણ | ભા. ૨ | ૩-૪ |
| દિલ્હીશ્વર | ભા. ૩ | ૪-૮ |
| જૈનધર્મની પ્રાણી કથાઓ | | ૧-૪ |
| સોળ સતી (ધી. ધ. શાહ) | | ૩-૦ |

| | રૂ. આ |
|---|---|
| સુંદરીઓનો શણગાર | ૪-૦ |
| શ્રી હેમચંદ્રાચાર્ય (ધૂમકેતુ) | ૨-૮ |
| હેમ-સમીક્ષા | ૨-૮ |
| પૂર્વ ભારતની તીર્થભૂમિઓ | ૨-૦ |
| આબૂ સચિત્ર | ૫-૪ |

લખો: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ

સોમચંદ ડી. શાહ પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

# રા મ  વ ન વા સ...........પૂ. પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવર.

## પ્રવેશ ૪ થો:

(રામચંદ્રજીને બદલે ભરતના શિરે અયોધ્યાનો રાજમુકુટ મૂકવાનો છે, એ સમાચાર રાજધાનીમાં વ્હેતા થઇ ગયા, એના અનેક પ્રકારના વિધ-વિધ આઘાત-પ્રત્યાઘાતો પડવા લાગ્યા. રાજકુમાર લક્ષ્મણને જ્યારે આ ખબર મળી એટલે રામચંદ્રજી પરના અપાર સ્નેહના કારણે તેમને ખૂબ આઘાત લાગ્યો, એ ઉતાવળા બની સીધા રામના આવાસમાં આવ્યા.)

**લક્ષ્મણ:**-બંધુ! આ હું શું સાંભળું છું? રહી-રહીને માતા કૈકેયીને આ શું સૂઝયું? એ કદિ બનવાનું નથી, જ્યાં સુધી રામનો સેવક તેનો ન્હાનો ભાઈ લક્ષ્મણ અહિં બેઠો છે, ત્યાંસુધી રામના બદલે અન્ય કોઇ પણ ન્હાયે ભરત હોય કે કોઈપણ હોય, અયોધ્યાના રાજસિંહાસન પર નહિ જ આવી શકે.

**રામચંદ્ર:**-ભાઇ લક્ષ્મણ! આમ અકળાઇ જવાનું ન હોય, પૂજ્ય પિતાજીના વચનની ખાતર આ રામ જ્યારે માથું આપવા તૈયાર છે, તો પછી આ શું વિસાતમાં છે, પિતાજી જ્યારે આત્મકલ્યાણના પવિત્ર પંથે મહાપ્રસ્થાન આદરી રહ્યા છે, ત્યાં એઓશ્રીનાં પરમ હિતકરમાર્ગમાં સ્હેજ પણ વિક્ષેપ પડે એવું તારાથી ન થઇ જાય, તે ધ્યાનમાં રાખજે!

**લક્ષ્મણ**-ભાઇ! તમને આ બધાં સ્ત્રીચરિત્રની ખબર નથી, માટેજ આમ શાંત બનીને તમે બધું સહી લો છો, પણ મારાથી આ અન્યાય કોઇ રીતે સહન નહિ થાય, મારો આત્મા અંદરથી અકળાઇ ઉઠયો છે, કોઇ પણ ભોગે કૈકેયીનું ધાર્યું હું નહિ જ થવા દઉં. આખી અયોધ્યાનગરી અને નગરીના શાણા પ્રજાજનો આજે ખળભળી ઉઠયા છે, આજે અયોધ્યાના રાજકુલમાં અન્યાય થઇ રહ્યો છે, એક સ્ત્રીના અવિચારી પગલાથી ચોમેર અશાંતિનો દાવાનળ ભડકે બળી રહ્યો છે.

**રામચંદ્ર:**-ભાઈ લક્ષ્મણ! આ બધું તું કોની આગળ બોલે છે? તને શું એ ખબર નથી કે, તારો વડિલ ભાઇ રામ, પિતાજી કે માતાજીની આજ્ઞાના પાલનને માટે પોતાનું સર્વસ્વ ફના કરવા એક જ પલમાં તૈયાર રહે છે, પૂજ્ય પિતાજીનું વચન એળે ન જાય એની ખાતર આ રામ અયોધ્યાના સિંહાસનને આજે સ્વેચ્છાયે ત્યજી દેવા તૈયાર થયો છે, તારા જેવા રામના સેવકે રામની શોભા, પિતાજીની પ્રતિષ્ઠા, તથા આપણા પૂર્વજોની ઉજ્વળ કીર્તિ આ બધાયને સ્હેજ પણ ડાઘ ન લાગે તેનો વિચાર કરીને બોલવું જોઇએ. માતા કૈકેયી, એ તો આપણા પૂજ્ય માતાજીનાં સ્થાને છે, એમણે જે કાંઇ કર્યું છે, તે બરાબર છે, એ વિષે તારે એક શબ્દ પણ બોલવો ન જોઇએ, અને અયોધ્યાના પ્રજાજનની જે તું વાત કરે છે, તે માટે તું નિ:શંક રહેજે! રામના ગૌરવની ખાતર રામ જે કાંઇ કહે તેને સ્નેહપૂર્વક સ્વીકારી લેવા અયોધ્યાના શાણા પ્રજાજનો સદા તૈયાર છે, એની મને પૂર્ણ શ્રદ્ધા છે. માટે ભાઈ! ધીરો થા, શાંત બન! અને તારા વડિલબંધુની ખાતર આ બધું સ્વસ્થતાપૂર્વક મૂંગો બની જોયા કર!

**લક્ષ્મણ**-(કાંઇક આવેશ શમતાં)-વડિલબંધુ! પૂજ્ય રામ! આપ ખરેખર કોઈ અલૌકિક પુરૂષ છો, સંસારના ઝંઝાવાતો આપના મેરૂ જેવા આત્મબલને સ્પર્શી શકતા નથી, તે મેં આજે નજરે જોયું, આપનું વ્યક્તિત્ત્વ સાચે જ અદ્‌ભૂત છે, આપનો ત્યાગ, આપનું આત્મબલિદાન, આપનો સમર્પિતભાવ કોઇ અપૂર્વ છે, શિરછત્ર પિતાજીનાં વચનના બહુમાન ખાતર આપ જે રીતે આપનું સર્વસ્વ ત્યજી દેવા બેઠા છો, એ મારાથી કઇ રીતે જોયું જાય? ભલે પિતાજીએ વચન આપ્યું, એટલે પિતાજી ઋણમુક્ત બન્યા, પણ આપનાં સ્થાને અયોધ્યાની રાજ્યગાદી પર અન્ય કોઈ આવે એ હું સહન નહિ કરી શકું.

(આ બાજુ મોસાળથી ભરત પાછા આવ્યા છે, અયોધ્યાના રાજકુલમાં જે કાંઇ હમણાં બની ગયું છે, તે વાતાવરણથી પરિચીત બને છે, આ બધા અનર્થોનું કારણ પોતાની માતા છે, એ જાણીને તેઓ માતા કૈકેયીની પાસે આવે છે.)

**ભરત:**-(કાંઇક વ્યથિત સ્વરે) મા! તેં આ શું કર્યું? પિતાજી જ્યારે સંસાર સમસ્તને ત્યજીને નીકળી રહ્યા છે, ત્યારે એમની પાસે તને આવું માંગવાનું કેમ સૂજ્યું? તારો પુત્ર હું જ્યારે શિરછત્ર પિતાજીના પગલે દીક્ષા અંગીકાર કરવા તૈયાર થયો છું, ત્યાં મારા વડિલ બંધુ રામચંદ્રજી, લક્ષ્મણજી આ બધાયને મૂકીને શું હું અયોધ્યાની ગાદી પર બેસી જઇશ? તારા દીકરાને તેં આવો સ્વાર્થી અને એકલ-

પેટો ધાર્યો ? મા ! અહિં આવ્યા પછી મેં આ બધું જાણ્યું, એથી મને અતિશય દુઃખ થયું છે. મારા મોહમાં ભાન ભૂલી તેં આ શું કર્યું ? આપણા શાંત સ્વસ્થ તથા સુખી રાજકુલમાં તેં અશાંતિ અને દુઃખની આ રીતે આગ કાં ચાંપી ? તારા હાથે આ એક ભયંકર ભૂલ થઇ છે, જેનું પરિણામ સારૂં નહિ જ આવે !

**કૈકેયી:**–ભાઈ ભરત ! આમ ઉતાવળો ન થા ! થોડો શાંત પડ. માનું હૃદય કેવું વિહ્વલ બન્યું હતું તેનું તને ભાન કયાં છે ? એક બાજુ તારા પિતા–અમારા શિરછત્ર, માથાના મુગટ, હૃદયના હાર અમને અસહાય મૂકીને જ્યારે ચાલી જતા હોય, અને તું પણ જ્યારે મને મૂકીને પરિષહ અને ઉપસર્ગોના રાજ્યમાર્ગરૂપ સંયમ ગ્રહણ કરવા સજ્જ થતો હો. એ સ્થિતિમાં માતા તરીકે હું અતિશય મૂંઝવણમાં મૂકાઇ જાઉં, એ શું બનવાજોગ નથી ? અને મોહના આવેશમાં તને સંસારમાં રાખવા માટે તારા પિતાજી પાસે આ માગણી મારાથી મૂકાઇ જાય એ સ્વાભાવિક છે. બાકી મારે મન રામ કે ભરત બન્ને સરખા છે. ગમે તેમ તોયે હું સ્ત્રી છું, હૃદયની નિર્બળતા અમારામાં હોય, અને એથીજ તને સંસારમાં રાખવા માટે મેં આમ કર્યું છે.

**ભરત:**–પણ, હું કદિકાલે તારાં વચનને માનવાનો નથી. મારે અયોધ્યાની રાજગાદી ન જોઈએ. જે પિતાના પુત્ર તરીકે રામચંદ્રજી જેવા અયોધ્યાના રાજ્યવૈભવને લાત મારવાનું આત્મસામર્થ્ય ધરાવે છે, તે જ પિતા–મહારાજા દશરથનો હું પુત્ર છું. મારે અયોધ્યાની રાજગાદી કદિ જોઇતી નથી. વડિલબંધુ પૂજ્ય રામચંદ્રજી, અયોધ્યાના રાજસિંહાસનને માટે દરેક રીતે સુયોગ્ય છે. હું તો તેઓનાં ચરણની રજ બનીને સંસારમાં રહેવું પડશે તો રહીશ. માટે મા ! તારે એ વિષે હવે કોઇપણ જાતનો આગ્રહ ન જ કરવો. તારા મોહના કારણે એક બાજુ પિતાજીની સાથે સંયમ સ્વીકારવાની મારી તૈયારી અટકી પડી છે. જ્યારે બીજી બાજુ તું રાજ્ય માટે આગ્રહ કરી રહી છે, એ કદિ નહિ બને. અયોધ્યાના સઘળા રાજ્યભારની ધુરા વહન કરવાની લાયકાત, અધિકાર કે તે માટેનો હક્ક વડિલબંધુ શ્રી રામચંદ્રજીનો જ છે. અને રહેશે. અન્ય કોઇનો નહિ, એ તારે ભૂલવું જોઇતું નથી.


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો !

**સ્વ.** આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે–

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧–૮–૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરૂમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩–૦–૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો.] ૬–૦–૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેઠ **પુના–૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે. તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો ! અમારી બીજી સ્પેશીયાલીસ્ટો.

**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંતિ, ભારતમાતા**

**નમુના માટે લખો.**

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ**

**સોલ એજન્ટ.**

**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ**

# સંસ્કારની અસર... .......શ્રી હસમુખલાલ કે. ગાંધી

ઋતુરાણી વસંતદેવીનું અનુપમ આગમન જનસમૂહની દૃષ્ટિએ આવકારદાયક અને આનંદદાયક થઈ પડે તેમાં શું આશ્ચર્ય? યૌવનને નૂતન શક્તિની સ્ફૂરણા દેતી વસંતની વનકળા નિહાળવા ગ્રામ્યજનો દૂરદૂર સુધી ફરવા જતા પણ અરાજકતાના સમયમાં અશકય ને અસંભવિત લાગતું હતું, સંધ્યાના સોનેરી રંગો અસ્ત થતા હતા, નિરવ શાન્તિ ચોમેર પથરાતી હતી, તે સમયે બે પ્રતિભાસંપન્ન સુદૃઢ દેહવાળા પુરૂષોએ જળહીન તળાવ પર આસન જમાવ્યું, બેમાંનો એક અન્યને સલાહ આપી રહ્યો હોય તેમ બોલી રહ્યો હતો, "જૈનધર્મની દૃષ્ટિએ બટાકાનું ભક્ષણ કરવું એ પાપ છે, બટાકાનું શાક અભક્ષ્ય ગણાય છે, કારણ કે તેમાં અનંતા જીવોનો નાશ છે." રસપ્રદ વાતચીતની અસર ઝાઝી ન થઇ, બન્ને જણ પોતપોતાના વિચારમાં મક્કમ રહ્યા, આછા અંધકારમાં બે માનવ-આકૃતિઓ ગામની શેરીઓ વટાવતી-વટાવતી સ્વગૃહે ગઇ.

અન્ય પુરૂષને જૈનદૃષ્ટિએ બટાકાના શાકનું વિવેચન કરનાર ગામના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત આગેવાન હતા, શેઠનાં સુખ-સંપત્તિને સાહ્યબી અન્યને ઇર્ષા ઉપજાવે તેવા હતા, શેઠનો પાડોશી જૈનેતર હતો, જૈનેતરનો સ્વભાવ માયાળુ મિલનસાર ને મળતાવડો હોવાથી બન્ને વચ્ચે મિત્રતાની ગાંઠ સંધાઇ હતી, મંદીના જમાનામાં દિલ બહેલાવવા શેઠ જૈનેતરનો સંગાથ શોધી ગામની ભાગોળ સુધી ફરવા જતા, સ્વભાવે શેઠ સરસ પણ.......' ન સંભળાયે તેવું ગાલિપ્રદાન પણ કરી દે! વર્તનથી સંસ્કારી પણ વાણીમાં અસંસ્કારિતા આવી જાય! વિરોધાભાસી ગુણો ધરાવનાર શેઠને યૌવનવય સુધી પુત્ર ન હતો, પ્રૌઢવયે પુત્રનો જન્મ થયો, અને બાળક પાંચ વર્ષનો થાય તે પહેલાં બાળ-સાહિત્યનો ઢગ શેઠે એકઠો કરવા માંડ્યો, શેઠાણી ચીડાઇ જતાં, પણ શેઠાણીની ચીડને કારણે શેઠનો પુત્રપ્રેમ અટકે ખરો? ધાર્મિક સંસ્કારથી વંચિત ન રહે તે માટે જૈન પાઠશાળામાં નિયમીત મોકલતા, આમ શેઠે તો ધાર્મિક સંસ્કાર પુત્રમાં રેડયા, પણ જૈનેતરના સંગથી શેઠમાં નવોજ રંગ ખીલી નીકળ્યો!

*

જૈનસંસ્કારના હિમાયતી શેઠમાં ચમત્કારિક પરિવર્તન દૃષ્ટિગોચર થતું ગયું, કારણ? જૈનેતરની સમજાવટ ને સંગ! 'બટાકાનું શાક અભક્ષ્ય છે' એ જિનવાણીમાં અશ્રદ્ધા શેઠને લાગી, પુત્રને સંસ્કારી સુદૃઢ જૈન યુવક બનાવવાની અભિલાષા રાખનાર શેઠ જૈનેતરની વાણીથી નાસ્તિકતાની ગર્ત્તામાં લપસી પડયા! જિનપૂજા, ગુરૂનું વ્યાખ્યાન, સવાર-સાંજનું પ્રતિક્રમણ જેવી ધાર્મિક ક્રિયાઓ કોરે મૂકી-વેગળી કરી! કયારેક તો દહેરાસર ન જતા, પણ રાત્રિભોજનની માગણી કરતા! શેઠાણીને લાગ્યું કે આ શું? બે માસમાં જાણે સૂર્ય પૂર્વમાંનો પશ્ચિમમાં ઉગતો થઇ ગયો! કોઇએ શેઠને મંત્રતંત્ર કરી ભભૂતિ તો નથી નાંખીને? ચિંતામગ્ન શેઠાણીના કર્ણપટ પર શેઠનો સ્વર પડયો, "એ, તું આ શાક ન બનાવે?" તિથિ આજે ન હોવા છતાં આ રીતે પૂછનાર શેઠ તરફ આશ્ચર્યજનક રીતે દેખીને શેઠાણી બોલ્યાં, "કેમ, આમ બોલો છો?" "બટાકાનું શાક છે એટલે" "શું કહો છો?" આપણા ઘરમાં બનાવાય ખરૂં? એ તો અભક્ષ્ય છે. આપણાથી ન ખવાય. પછી તમે જાણો, હું તો નહિ બનાવું, અને મારા ઘરમાં....... થવા....નહિ દઉં'! શેઠાણીનો મક્કમ નિર્ણય

સુણી, શેઠ મિત્રપત્નીને બટાકાનું શાક બનાવવા આપી આવ્યો ! શેઠાણીનો વિરોધ નિર્બળ બની ગયો, અને અસંસ્કારિતાએ શેઠમાં ઉંડાં મૂળ નાખ્યાં. બટાકાના શાકનું ભક્ષણ એ તો શેઠને માટે સાધારણ બીના થઇ પડી. કુસંસ્કારના પડછાયા હેઠળ શેઠ સંપૂર્ણ રીતે સ્વધર્મથી પરાઙ્મૂખ બન્યા. જૈન સંસ્કારનો સંરક્ષક આજે બન્યો ભક્ષક. ! ! !

શેઠનો પુત્ર નિયમિત જૈન પાઠશાળાએ જતો હતો. પાઠશાળાના માસ્તરે જિન-પ્રતિમા સન્મુખ ગાવાની જિનસ્તુતિ બાળકોને શીખવાડેલી. શેઠનો પુત્ર જિન-સ્તુતિ જિનેશ્વર દેવની પ્રતિમા સમક્ષ સ્પષ્ટ શબ્દોચ્ચારથી બોલતો હતો. પાઠશાળાએ જતા શેઠના પુત્રને જૈનેતરનો પુત્ર આતુરતાથી પૂછે ! " દોસ્ત, તું દરરોજ કયાં જાય છે ?" "દેરાસરે દર્શન કરવા." "મને ન લઈ જાય ?" જિજ્ઞાસાપૂર્વક જૈનતરના પુત્રે પૂછયું. "ચાલને હું કયાં ના કહું છું !" શેઠના પુત્રે જવાબ આપ્યો. વધતા જતા સૂર્યના કિરણોના તેજોમય પ્રકાશમાં બે નાના બાળકો દેરાસરના ઓટલે ડગ માંડી રહ્યા હતા. દેરાસરમાં મુનિ મહારાજ નજીક જઈ મીઠા સ્વરે જિનસ્તુતિ કરવા લગ્યા. "કોનાં બાળકો છે ?" આ પ્રશ્ન મુનિએ પાસે બેઠેલા પંચના શેઠને કર્યો. પંચના શેઠે જવાબ દીધો, ' સાહેબ ! આ શેઠનો છોકરો અને આ જૈનેતરનો પુત્ર છે. આશ્ચર્યની વાત એ છે, કે શેઠના પુત્રના સંપર્કથી જૈનેતરના પુત્રને પણ જિનસ્તુતિ આવડે છે. સંસ્કારની અસર કેટલી પ્રબળ છે ! સંસ્કાર એ જ જીવનનો મજબૂત ને મૂળપાયો છે. સંસ્કાર વિષે વિચાર કરતા કરતા મુનિ ઉપાશ્રયે આવ્યા. પેલા બે બાળકો ગોચરીના સમયે મુનિને તેડવા આવ્યા. મુનિ શેઠને ઘરે ગોચરી લેવા ગયા. કામ પ્રસંગે શેઠાણી બહાર ગયેલાં હોવાથી જૈનેતરની પત્નીએ મુનિને વહોરાવ્યું. શેઠના પુત્રે ભોળા ભાવે કહ્યું કે, આ શાક વહોરાવવાનું કેમ ભૂલી ગયાં ? અજાણી પાડોશણે તપેલી ખોલી પણ...ધર્મલાભ'નો ઉચ્ચાર કરી મુનિ વિદાય થયા બટાકાનું શાક જૈનના ઘરમાં બને છે ? અને તે ઘરનો કુલદીપક બાળક જૈનેતરના બાળકને જૈન બનાવી શકે છે ? કેટલું વિચિત્ર ! જૈનેતર સંસ્કાર વચ્ચે જૈન સંસ્કારનો પ્રચારક-પ્રણેતા કોઇ બની શકે ખરો ? જાણે કાદવમાંથી કમળ ઉગ્યું ! વિચારમગ્ન મુનિના હૃદયમાં પડેલ પ્રતિબિંબ સાચેજ સ્વચ્છ ને સચોટ હતું ! જૈનેતરે શેઠને જૈનેતર બનાવ્યો જયારે જૈન શેઠના પુત્રે જૈનેતરના પુત્રને જૈન બનાવ્યો ! ! ! ખરેખર સંસ્કારની અસર કોઇ અલૌકિક છે.

---


## ન વાં પ્ર કા શ નો

**હૈમલઘુ પ્રક્રિયા** [સટિપ્પન] પૂ. ઉપા. વિનયવિજયજી વિરચિત વ્યાકરણનો સુંદર ગ્રંથ ફર્મા -૩૦, પૃષ્ઠ ૪૮૦ કીંમત રૂા. ૫-૦-૦

**ઉપદેશ પ્રાસાદ ભા.-૩** પૂ. આ. વિજયલક્ષ્મીસૂરિજી વિરચિત વ્યાખ્યાન ઉપયોગી ગ્રંથ. ફર્મા ૩૫ કીંમત રૂા. ૧૦-૦-૦

**ઉપદેશ પ્રાસાદ ભા.-૪**-ઉપર પ્રમાણે ૧૦-૦-૦

**ભગવાન આદિનાથ.** લે. પૂ. મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજ. સચિત્ર. ૪૦ ચિત્રો સાથે સુંદર કથાનક છે. કીંમત રૂા. ૨-૮-૦

**હોમીયોપેથીક ચિકિત્સાસાર** ભા. ૧-૨. લે. ડૉ. ત્રિકમલાલ અમથાલાલ હોમીયોપેથીક અંગે સારામાં સારી રીતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે. અને સામાન્ય દરદીને પણ સુગમતા પડે તેમ છે. કીંમત રૂા ૫-૦-૦

**વધુ માટે બૃહત્ સુચિપત્ર મગાવો !**

**જશવંતલાલ ગિરધરલાલ શાહ.**

૧૨૩૮, રૂપાસુરચંદની પોળ-**અમદાવાદ.**

# ગણતર વિનાનું ભણતર.... શ્રી કિશોરકાંત દલસુખલાલ ગાંધી.

આજે હરિલાલ શેઠ સવારમાં વહેલા ઉઠ્યા હતા. નાહી ધોઇને જલ્દી તૈયાર થઇ ગયા. ચંચળબેન પણ ઝડપથી કામકાજ કરતાં હતાં. તેમની પણ કામકાજથી જલ્દી પરવારીને સ્ટેશને જવાની ઇચ્છા હતી. કેમકે તેમનો એકનો એક પુત્ર રમેશ આજે બે વર્ષ પછી કોલેજમાંથી ઘેર આવતો હતો. રમેશની સાથે તેના બે મિત્રો પણ આવવાના હતા. આજનો ચંચળબેનનો આનંદ અવર્ણનીય હતો.

કામકાજથી પરવારીને ચંચળબેન, હરિલાલ શેઠ પાસે આવ્યાં. શેઠ તો તૈયાર જ હતા, તેથી તેમને પોતાના નોકર દેવજીને ટાંગો તૈયાર કરવા કહ્યું. ટાંગો તૈયાર થઇને આવ્યો એટલે શેઠ તથા શેઠાણી સ્ટેશન તરફ ઉપડ્યાં. તેઓ સ્ટેશન પહોંચ્યાં ત્યારે સિગ્નલ, ગાડી આવી રહી હતી તેના માનમાં નમીને ઉભું હતું. ગાડી ધમધમાટ કરતી આવી રહી હતી. તેને સિગ્નલની સલામ ઝીલવાની દરકાર નહોતી. પણ સિગ્નલ તો બિચારૂં દરરોજના આ અપમાનથી ટેવાઇ ગયું હતું. જો કોઇ દિવસ બિચારૂં સિગ્નલ ગાડીને માન આપવામાં ઢીલ કરતું તો એન્જીન ધૂંવાફૂવા થઇ જતું, અને જોરથી બરાડા પાડતું.

હરિલાલ શેઠ તથા શેઠાણી સ્ટેશનમાં દાખલ થયા પછી થોડી સેકન્ડ થઈ ત્યાંતો એન્જીન સ્ટેશનમાં દાખલ થયું. તેની પાછળ તેના ચુસ્ત અનુયાયીઓ જેવા ડબ્બાઓ પણ કદમ મિલાવતા દાખલ થયા. સાંધાવાળાઓની બહુજ વિનવણીથી દુર્વાસા ઋષિ સમુ એન્જીન અટક્યું. તેની પાછળ શિષ્યોના વિનયથી ડબ્બાઓ પણ અટકયા. છેક છેલ્લા ડબ્બામાંથી રમેશે ડોકું બહાર કાઢયું. હરિલાલ તથા ચંચળબેન તથા દેવજી છેલ્લા ડબ્બા તરફ ધસી ગયા. રમેશે બારણું ઉઘાડીને સામાન ઉતાર્યો, અને પોતે નીચે ઉતરે તે પહેલાં ગાર્ડે સીટી મારી અને આજ્ઞાંકિત પત્નીની માફક ગાડીએ ગતિ પકડી. રમેશ ચાલતી ગાડીએ એકદમ નીચે ઉતર્યો, અને બધાં સ્ટેશન બહાર નીકળ્યાં.

શેઠ તથા શેઠાણી તથા રમેશ ટાંગામાં ગોઠવાયા, અને દેવજીએ સામાન ગોઠવીને ટાંગો ગામ તરફ દોડાવ્યો. ગામમાં પહોંચતા પહેલાં શેઠાણીએ રમેશને અનેક પ્રશ્નો પૂછી નાખ્યા. રમેશના મિત્રો કેમ ન આવ્યા તે પણ પૂછી લીધું. રમેશે દરેક પ્રશ્નનો જવાબ આપ્યો. શેઠ, મા–દીકરાની વાત સાંભળી રહ્યા હતા. રમેશની ભાષામાં તેમણે વિદ્યાનો અહંકાર જોયો. તેની ભાષામાં વિનય કે વિવેકને સ્થાન નહોતું તથા તેની ભાષામાં નમ્રતા કે મીઠાશ નહોતાં. આ વાતચીતથી શેઠને ઘણું દુઃખ થયું. તેઓ મનમાં બોલી ઉઠ્યા, ફૂલ રૂપ કે રંગે રૂડું હોય પણ સુવાસ ન હોય તો શા કામનું ? એ પ્રમાણે જે અભિમાની પંડિત વિદ્યાને જીરવી નથી શકતો અને જે ધનવાન લક્ષ્મીથી નમ્ર નથી બની શકતો. તેના કરતાં વિદ્યાહીન અને લક્ષ્મીહીન વધુ સારા છે. નમ્રતા એ નબળાઇ નથી પણ બળ છે.” શેઠ જમાનાના ખાધેલ માણસ હતા. તેમણે જાણી લીધું, કે પોતાનો પુત્ર કોલેજમાંથી જ્ઞાન કરતાં મૂર્ખતા વધારે લાવ્યો હતો.

ઘેર પહોંચીને શેઠ, શેઠાણી તથા રમેશ જમવા બેઠા. જમતાં–જમતાં રમેશ પોતાની કોલેજના વખાણ કર્યા કરતો હતો. પોતાના સ્ત્રી–મિત્રોનાં વખાણ કરતો હતો. પોતાના અધ્યાપકોના ગુણગાન ગાતો હતો. પોતાના બે જિગરજાન મિત્રો જે પોતાની સાથે આવનાર હતા, તેમના ઉપર અચાનક તાર આવવાથી આવી શકયા નહિ, તેથી પોતાને ઘણું

દુઃખ થયું છે, તથા તેમના વગર પોતાને ગમશે નહિ, એવું ઘણું ઘણું રમેશે પોતાના પિતાશ્રીને કહ્યું, અને જમી રહ્યા પછી કહ્યું કે, આવતી કાલે સવારે આપણા કુટુંબને ટી–પાર્ટી આપવાની મારી ઇચ્છા છે, તો આપણા દરેક કુટુંબીને આજરાત્રે આમંત્રણ આપી આવજો.

બીજે દિવસે આમંત્રણ આપી આવ્યા પ્રમાણે સવારે દરેક કુટુંબીજનો ટી–પાર્ટી માટે હાજર થઈ ગયાં, અને પોતાના બૈરા–છોકરાં સાથે સૌએ જુદા જુદા ટેબલ ફરતી ખુરશીઓ પર જમાવ્યું, બધાં ટેબલોની વચ્ચે એક ગોળ ટેબલ ઉપર શેઠ, શેઠાણી તથા રમેશ ખુરશીઓ નાંખીને બેઠા હતાં, નાસ્તાની રકાબીઓ વહેંચવામાં આવી, રમેશ પોતે બધાને રકાબીઓ આપતો હતો, દરેક જણને રકાબી મળી ગઇ, તેના બાપ તથા માને (શેઠ, શેઠાણીને) પણ રમેશે રકાબી આપી.

શેઠ ઉભા થઇને આખા ઓરડામાં ફરી વળ્યા, અને જોઈ લીધું કે, દરેક જણને રકાબી મળી ગઈ છે, પછી શેઠે બધાને નાસ્તો શરૂ કરવા કહ્યું, દરેક જણ નાસ્તાને ન્યાય આપવા લાગ્યા, શેઠ તથા શેઠાણી પણ નાસ્તાને ન્યાય આપવાની તૈયારી કરતા હતા, ત્યાં રમેશે પોતાનું ગણિતનું જ્ઞાન બધાને દેખાડવા પ્રયત્ન કર્યો અને કહ્યું, "હું આ બે રકાબીમાંથી ત્રણ બનાવી દઇશ." રમેશના આ શબ્દો સાંભળીને શેઠ, શેઠાણી તથા કુટુંબીજનો આશ્ચર્ય પામ્યા અને તેમ કરવા કહ્યું.

રમેશ જાદુગરની માફક ઉભો રહ્યો, અને બંને રકાબીઓ હાથમાં લઇને બોલ્યો, "આ એક, આ બે, અને બે અને એક ત્રણ." બધાં કુટુંબીજનો રમેશની મૂર્ખતા ઉપર ખડખડાટ હસી પડયાં, અને તેમને રમેશનું સ્પેશ્યલ વાકયઃ—

"No Knowledgo Without Collage"

" નો નોલેજ વિધઆઉટ કોલેજ "

( કોલેજ વિના જ્ઞાન નથી )

યાદ આવી ગયું, તેમને હવે કોલેજના જ્ઞાનનો પરિચય થયો.

હરિલાલ શેઠનું મોઢું પડી ગયું, તેમણે એકના એક પુત્રને આજે બોધ આપવા નક્કી કર્યું, અને રમેશને કહ્યું, " આ એક રકાબી હું લઉં છું અને બીજી તારી બાને આપું છું અને ત્રીજી તું લઇ લે. " પિતાનાં વાકયો સાંભળીને રમેશનું મોઢું પડી ગયું, કારણ કે ત્યાં ત્રીજી રકાબી હતી જ નહિ તેથી તે કેવી રીતે લઇ શકે, તેનો કોલેજની વિદ્યાનો ગર્વ ઉતરી ગયો, તે પોતાની મૂર્ખતાનું પ્રદર્શન કરવા બદલ પસ્તાયો.

હરિલાલ શેઠે સાંજે રમેશને એકાંતમાં બોલાવી કહ્યું, " બેટા, જે આપણે ખાઇએ છીએ તેથી નહિ પણ જે આપણે પચાવીએ છીએ તેથી આપણે બળવાન બનીએ છીએ અને જે આપણે કમાઇએ છીએ તેથી નહિ પણ જે આપણે બચાવીએ તેથી આપણે શ્રીમંત બનીએ છીએ, તેવીજ રીતે જે આપણે ભણીએ છીએ તેથી નહિ પણ જે આપણે સમજીએ છીએ તેથી આપણે વિદ્વાન બનીએ છીએ. "

---

તમારૂં અને તમારા બાળકોનું ભાગ્યકર્મ કેવું છે, તે જાણવા માટે મંગાવોઃ

**જૈન (જ્યોતિષ) નક્ષત્ર શાસ્ત્ર**

કીંમત બે ભાગના બાર આના. પોષ્ટેજ અલગ.

**પ્રેમચંદ મ. મહેતા**

C/o. જશવંતલાલ એન્ડ કું.

૭૧૬/૩ સાકરબજાર અમદાવાદ.

# સુખ–દુઃખનાં દિગ્દર્શન............શ્રી ભદ્રભાનુ.

દુનિયાની કોઇ પણ પૌદ્‌ગલિક વસ્તુ, આપણે ઇચ્છીએ તેવું સંપૂર્ણ સંતોષવાળું સુખ આપવાને સમર્થ નથી, દુઃખથી છૂટવાનો અને સુખ પામવાનો એક માત્ર ઉપાય ધર્મ છે.

દુઃખ કોઇને નથી ગમતું, સુખ સૌને ગમે છે, ને તેને લઇને કોઇ ને કોઇ પ્રવૃત્તિ માનવ કરે જ જાય છે, પરંતુ જો તે પ્રવૃત્તિ ધર્માત્મક નહિ હોય તો લાભને સ્થાને નુકશાન ચોક્કસ છે, મહેનત–મજુરી કરવા માત્રથી કાર્યસિદ્ધિ ન થાય, પરંતુ વિવેકપૂર્વકની મહેનત જરૂર સફળતા મેળવી આપે.

ફક્ત એક વિવેકની ખામીથી જગતના જીવો આવી કારમી દયાપાત્ર હાલતમાં રીબાય છે. વિવેક વિના જેટલી મહેનત કરે છે, એમાંની થોડી પણ જો વિવેકપૂર્ણ મહેનત હોય તો ચોકકસ તેમાં તેની જિત છે.

પરંતુ દુઃખ ક્યાં ઓછું છે ! વિવેકશૂન્યતાને લઇને સુખ માટે દિન–રાત તલસતા તેની પાછળ અંધ બનીને તે મેળવવા ભગીરથ પ્રયત્નો કરવા છતાં દુઃખોના ભારથી લદાતા જીવોની કરૂણદશાથી જ્ઞાનીઓનાં અંતઃકરણમાં કરૂણાના–દયાના ઝરણાંઓ અવિરત રીતે વહી રહ્યાં છે.

"પાપ કરવાથી–તેના યોગે દુઃખ જન્મે છે" એમ કોણ નથી જાણતું ને બોલતું ! કે જેનામાં આર્યત્વના સંસ્કારો કિંચિત્ માત્ર પણ છે ! આટલું જાણુવા છતાં સુખની લાલચે, પાપમાં મગ્ન રહેવું એ શું વિવેકશૂન્યતા નથી ? અધઃપતનના પગરણ નથી ? પણ કોને તે વિચારવું છે ? ને તે વિચારાય તો માનવતાનાં અજવાળાં પથરાય આ અવની પર ! વિવેકી તો તે કહેવાય–સુખની લગનીવાળો તો તેને કહી શકાય, કે જે અવિવેકને ખંખેરી નાંખી વિવેકી દશા બનાવે.

"દુઃખ પાપથી મળે" એ જાણુવા છતાં પાપનો આટલો આદર કેમ ? તેનાં સન્માન કેમ ? કહો કે દુનિયાના નાશવંત પદાર્થોમાં સુખ માન્યું છે, પરંતુ જે સુખ માન્યું છે તે સુખ, સુખ ન બનતાં દુઃખના દાવાનળ સળગાવે છે, કલ્પનામય તે સુખો, જેમાં રાચતાં માનવો તે સ્વપ્ન ઉડતાંજ દુઃખના રોદણાં રોશે—આત્માનું સુખ તો ધર્મથી મળે ! અંતરમાં પાપને હટાવી ધર્મને સ્થાન અપાય તો મલે !

હિંસા–જુઠ–ચોરી વિગેરે મહાપાપ છે, અરે ! જડમાત્રની રમણુતા એ પાપ છે, રાગ–દ્વેષના તાંડવ–નૃત્યો તે રચાવે છે, અને રાગ–દ્વેષથી રહિત તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, એને કાઢવા માટે હૃદયમાં ગુણુ–રાગ થવો જોઇએ, અને દ્વેષ કરવો હોય તો તારામાં રહેલા દોષો પ્રત્યે કર ! તો તું શુદ્ધ સ્વરૂપી આત્મા બની રહીશ !

ઉત્તમમાં ઉત્તમ કોટિનો ધર્મ આચરવા માટે હિંસાનો ત્યાગ પ્રથમ છે, હિંસા આદિ દુઃખનાં મૂળ છે, ને એ દુઃખથી બચવા અને આત્માના શુદ્ધ સ્વરૂપને પિછાની એ સ્વભાવમાં મગ્ન થવા અભ્યાસ કેળવવાની ખાસ આવશ્યકતા છે, આત્માનો સ્વભાવ અનાહારિપણાનો છે, ને તે સ્વભાવમાં રમતા થવા માટે પ્રથમ ભૂમિકા તે તપોમયજીવન ગુજારવાની છે.

આત્માનો સ્વભાવ દર્શન, જ્ઞાન ને ચારિત્રનો છે, તેને માટે–તે કક્ષાએ પહોંચવા માટે સંયમની આરાધના જ જરૂરી છે, તેનું યથાર્થ પાલન તે ઉચ્ચ સ્થાને લઈ જાય છે, જ્ઞાનીઓ

ફરમાવે છે, "કે પાપ માત્રથી નિવૃત્ત થઇ આત્મસ્વભાવ ખીલવનારા શુદ્ધ સંયમતપના વિશિષ્ટ આચરણોજ આચરવા એ અતિ આવશ્યક છે, આવા ઉત્તમ જીવન જીવવા માટે ગૃહસ્થજીવન શકય નથી, તેને માટે તો ચારિત્રમય જીવનજ શકય છે. "રત્નત્રયીની આરાધના શુદ્ધપણે, તેજ તે ઉત્તમ જીવન."

મદારી સાપથી જીવે પણ કેટલો સાવધ! અવસરે ઝેરી દવાનો ઉપયોગ પણ થાય છે, પણ કેવી રીતે? મોંમાં ન જાય એની પૂરી કાળજી! તેમજ-તેવી રીતે પૌદ્ગલિક વાસનાઓ આત્મહિતને હણનાર વિષ જેવી છે, તેનાથી પૂરેપૂરા ચેતતા રહેવાની જરૂર છે, તે જરૂરથી સમજી લો.

પરંતુ આ વાત દુનિયાને ગળે નથી ઉતરતી, "પાપથી દુઃખ" બોલનારાની જગતમાં ખોટ નથી, પણ માનનારા કેટલા? આજે તો દુનિયાના જીવોનો મોટો ભાગ પાપને પાપ માનવા તૈયાર નથી, પછી પાપથી ડરવાની વાત જ શી? "તું પાપી છે" એમ હિતદૃષ્ટિએ એને સમજાવવા કહો તોપણ એનાથી ખમાતું નથી, શું આવાઓ દેવ-ગુરૂને માને છે? દેવ-ગુરૂના ભક્ત છે! અનુયાયિ છે!

દેવની આજ્ઞા પર અખંડ પ્રેમ, એ મુજબ વર્તવાની તત્પરતા એ સાચી દેવપૂજા છે.

બધા સમજે છે કે, "બંગલા-બગીચા, પૈસા-ટકા, કુટુંબ-કબીલા વિગેરે સાથે નથી આવતું, અહિંનું અહિંજ રહેશે" છતાં એ મેળવવા લગભગ બધા જીવો ઓછા-વધતા પ્રમાણમાં ભયંકરમાં ભયંકર પાપનો આશ્રય લેતાં અચકાતા નથી. કેટલાકો કહે છે "અમારામાં પાપ છોડવાની તાકાત નથી" પરંતુ એના એજ માનવો પાપવર્ધક પ્રવૃત્તિમાં અજબ તાકાત દાખવે છે!

એ વાત પણ સમજી લેવી જોઇએ કે, સુખ દુન્યવી ચીજોમાં નથી, પણ આત્મામાં રહેલું છે, જો એમ નથી, તો એની એજ ચીજ એકવાર સુખદાયી લાગ્યા પછી અભિપ્રાય, પ્રયોજન, ચીજનું સ્વરૂપ બદલાતાં કેમ દુઃખદાયી બને છે? એકને સુખ આપનારી ચીજ, એની એજ ચીજ બીજાને દુઃખ કેમ આપે છે? કહો કે, સુખ-દુઃખની લાગણી થવામાં મનોવૃત્તિ મુખ્ય કારણ છે, એથી જ માણસ ધારે તો દુઃખના સંયોગોમાં પણ સુખ અનુભવી શકે છે, પરંતુ એમ ન થવામાં મનોવૃત્તિ મુખ્ય કારણ છે, એથી જ માણસ ધારે તો દુઃખના સંયોગોમાં પણ સુખ અનુભવી શકે છે, પરંતુ એમ ન થવામાં આત્માની આડે આવરણો નડે છે.

નાસ્તિકને પણ અનુભવ છે કે, દુન્યવી ગમે તેટલા પાપી-પ્રયત્નો કરવા છતાં મળવી એ પોતાની ઇચ્છાને આધીન નથી, ઇચ્છા ન હોય, અનિચ્છાએ એકાએક બીમાર પડે, હરાય નહિ, ફરાય નહિ. કશું ખવાય નહિ, મનમાં થાય કે, હું કેવો કમનસીબ! પાસે અઢળક સંપત્તિ હોવા છતાં કેટલાય કૂડ-કપટે મેળવેલું ભોગવી શકતો નથી.

આવા પરાધીન સુખમાં રાચવા જેવી પામર ને. પાગલ દશા બીજી શી છે?

સિકંદર માટે એમ કહેવાય છે કેઃ-તેની પાસે અખૂટ ધન-માલ-સંપત્તિ, તેના મરણ સમયે અસંખ્ય હકીમો, સેવકો, રાણીઓ છતાં! બિચારો પરવશ! તેને સમજાયું તે સમયે "મારી નનામી [ઠાઠડી] હકીમો પાસે ઉપડાવજો, સૈન્ય ખુલ્લા શસ્ત્રે, ખજાનાના થાળ સાથે, હાથ મેશવાળા ખુલ્લા-ને કહેજો કે સર્વ મૃત્યુના વિકરાળ પંજામાંથી નથી છોડાવી શકતું" આ વાત સાચી હોય કે ખોટી પરંતુ

# આ તે કરાર કે ગુલામીખત ?... ...શ્રી સુરેશભાઈ રામભાઈ

અમેરિકા હિન્દ પર પોતાનું વર્ચસ્વ જમાવવા જુદી જુદી રીતે ધીમી ગતિએ તરકીબો રચી રહ્યું છે, અને અવસરે લાલચનો ટૂકડો પણ ફેંકે છે. હિન્દ સ્વતંત્ર થયા પછી અમેરિકાનો પ્રચાર હિંદમાં દિનપ્રતિદિન વધી રહ્યો છે. અમેરિકા ભારતને મોટી લોન આપી પોતાના પગ તળે કચડી રાખવાની મુરાદ સેવે છે, આ અંગેનો આ લેખ પ્રથમ 'હરિજન બન્ધુ' માં પ્રગટ થયો છે તે અમે 'લોકનાદ' પરથી સૌજન્યભાવે પ્રગટ કરીએ છીએ.

અમેરિકાએ ભારતને જે કરોડો ડોલરની મદદ આપવા કબુલ્યું છે, એની પાછળનો આશય શો છે તે સમજી લેવાની જરૂર છે. એ મદદનાં બે પરિણામો તો સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.

**આર્થિક પરિણામો.**

૧. હિંદના લાંબા અને વૈવિધ્યશાળી ઇતિહાસમાં પહેલીજવાર આટલા મોટા પ્રમાણમાં અમેરિકન નિષ્ણાતોની જાળ દેશ પર પથરાઇ જશે.

૨. અમેરિકનો જે પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો હાથ ધરવા ચાહે તેમાં હિંદની કોઇ પણ સરકારી કે બિન સરકારી સંસ્થા દખલ કરી શકશે નહિં.

૩. અમેરિકાની સરકારની ઇચ્છા કે રૂચિ વિરૂદ્ધ અમેરિકાના પાંચ કરોડ ડોલરના ફંડમાંથી એક પાઇ પણ ખરચી શકશે નહીં. એ વિચિત્ર પ્રકારની ઉદારતા અથવા દાન છે, જેમાં દાની પોતાના દાનના ઉપયોગ ઉપર દુકાન કે કારખાનાનો ગીરો તરીકે કબજો ધરાવનારનો ગીરો મૂકનાર દેવાદારના રોજગાર પર હોય તેવો કાબૂ ધરાવે છે.

૪. એ કરાર ચાલુ રહે તે સમય દરમ્યાન પોતાના બ ફંડ પર હિંદનો સ્વતંત્ર કાબુ નહી રહે.

૫. ફંડના હિસ્સાની ભરપાઇના સંબન્ધમાં અમેરિકાની સરકાર ચાહે તે શરત કે શરતો લાદવાને મુખત્યાર છે. એનાં પરિણામો કેવાં આવશે તે આપણે કહી શકતા નથી.

**દયા પર છોડશે.**

૬. અમેરિકાની સરકારને તેના તૈયાર માલને માટે કાયમી બજાર મળવામાં મદદરૂપ થઈ પડે એવા ઉદ્યોગો અને કારખનાઓ શરૂ કરવાનો અથવા પોતાના દેશના ઉપયોગ માટે જરૂરી કાચો માલ મેળવવાનો હક હવે પછી પ્રાપ્ત થાય છે. આ રીતે તેને પાકા પાયા પર અને કાયમને માટે અમેરિકન અર્થવ્યવસ્થા ઉભી કરવાની પૂરેપુરી મોકળાશ મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ કરાર પ્રમાણે હિંદની ખેતીવાડી, આપણા ગૃહ તથા બીજા ઉદ્યોગો, આપણો વેપારરોજગાર, આપણાં બજારો તેમજ આપણો ઘરસંસાર વગેરેને અમેરિકાની સરકાર તથા મુડીદારોની દયા પર છોડવામાં આવે છે.

૭. આપણા ભાવિને ઘડનાર શીલ્પી તરીકે આપણને હવે રહેવા દેવામાં નહિ આવે, અમેરિકન ડાયરેકટર કે તેના સાથીઓની ઇચ્છા વિના એક તરણું પણ આઘું-પાછું કરી શકશે નહિ. હિંદના લોકો અથવા તેમના પ્રતિનીધિઓના અભિપ્રાય કે સૂચનાઓ ફેંકી દેવાનો તેમને પુરેપુરો હક હશે, એ બધાને એ અમેરિકનો જેમ કહેશે તેમ કરવું જ પડશે.

---

મૃત્યુની સામે પામર માનવ પરવશ છે ! પરાધીન છે !

## આત્મકલ્યાણ માટે શું કરવું ?

આત્મચક્ષુ ખોલો, સાચું સત્ય સનાતન સુખ આત્મામાં છે, એમ માની તેમાં એકાકાર થાઓ, એ પ્રગટ કરવા પાપનો ત્યાગ ને ધર્મનો આદર કરો, એ જાણવા માટે અનંતજ્ઞાનીને શરણે જઇ તેમના શાસ્ત્રોથી જાણી-સમજી, દેવ-ગુરૂ અને ધર્મનું સ્વરૂપ નક્કી કરી તેમાં એકલીન થાઓ.

એ જાણવા અનંતજ્ઞાનીની આજ્ઞાનુસાર જીવન જીવતાં, સંસારત્યાગી નિગ્રંથ-નિષ્પાપ ગુરૂઓની સેવા કરી કર્મની સામે યુદ્ધના બ્યુગલ ફુંકો, નામના દેવ-ગુરૂઓથી છેટા રહી સાચા ગુરૂની સેવામાં હિંસા આદિ પાપોને ત્યજીને શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટાવો. ને તમ જીવનયાત્રા પૂર્ણ થઇ ને સાધ્ય સ્થાને, શાશ્વત સ્થળે પહોંચી આત્માનું "કલ્યાણ" કરી પરમ જ્યોતિપદમાં પ્રકાશી રહેજો !

## અમેરિકન પગદંડો.

૮. અમેરિકાની મદદ હિંદના ઉપખંડમાં મજબુત પગદંડો જમાવવા માટે અમેરિકાની સરકાર વતી કરવામાં આવેલા રોકાણના સ્વરૂપની છે. યુનાઇટેડ સ્ટેટસ અમેરિકન લોકોની અનુકૂળતા તથા તેમની જીવનસરણી માટે હિંદનું પૂરેપૂરું શોષણ કરી શકાય તે માટેનું એ શરૂઆતનું રોકાણ છે. વાસ્તવમાં એ નજીકના જ ભવિષ્યમાં આ દેશમાં અમેરિકન માલ આવીને ખડકાય ત્યારે અનેકવિધ નફો મેળવવા માટેની અતિઆવશ્યક જાહેરાત છે.

ઇતિહાસમાં આવા પ્રકારના રોકાણના અનેક ઉદાહરણો મળી આવે છે, બ્રિટીશરોએ ચીનમાં અફીણ મફત વહેચ્યું હતું, એ એનું એક જાણીતું ઉદાહરણ છે. વાસ્તવમાં પ્રત્યેક બુદ્ધિશાળી ધંધાદારી એમ જ કરે છે.

## રાજકીય પરિણામો.

હવે આપણે એ કરારનાં રાજકીય પરિણામો તપાસીશું.

૧. ઉપર જણાવેલા બીજા ઉદ્દેશ પરથી એ સ્પષ્ટ થાય છે કે, હિંદે જગતનું રાજકરણ યુનાઇટેડ સ્ટેટ્સનાં ચશ્માથી નિહાળવાનું કબૂલ્યું છે, અને તેમ કરવા પણ માંડયું છે, જેમાં અમેરિકા સુલેહશાંતિ જુએ તેમાં હિંદ પણ સુલેહશાંતિ, અને જેમાં અમેરિકા લડાઇ–ઝઘડા તેમાં હિંદ પણ લડાઇ–ઝઘડા જુએ, આથી અમેરિકા કે હિંદને જે પસંદ ન હોય તે બાબતમાં હિંદ કે અમેરિકા એક પગલું પણ ન ભરે એ ઉઘાડું છે, પણ થોડા વખત પછી મામલો એટલો આગળ વધ્યો હશે અને હિંદ–અમેરિકાના એટલા બધા આભાર નીચે દબાઇ ગયું હશે કે, એમાંથી નીકળી જવાનું હિંદને માટે સહેલું નહિ રહે અને તેને અમેરિકાની હા'માં હા ભણવી પડશે.

૨. આ રીતે અમેરિકાની સરકાર એક કાંકરે બે પક્ષી મારે છે. અમેરિકામાં વિજ્ઞાનની ઉત્તરોત્તર પ્રગતિ થતી જ જાય છે તેને કારણે રોજેરોજ યંત્રોના નવા નમુના બહાર પડે છે અને તે જુનાને નકામા બનાવે છે એ કોણ નથી જાણતું ? પણ એ બધી જુની યંત્ર–સામગ્રીનું કરવું શું ? યંત્રો તો પેલા ભૂતના જેવાં છે. તેને કામ આપો નહિ તો તે ખુદ માલિકને જ ખાઇ જશે. આ કોયડાનો ઉકેલ અમેરિકાએ ખોળી કાઢયો અને તે એ કે, જુદે જુદે નામે જુદા જુદા દેશોને મદદ આપવી. આ રીતે પોતાની નિરૂપયોગી બનેલી યંત્રસામગ્રીનો તે નિકાલ કરે છે અને તેની મદદ લેનાર દેશને તેના કાયમી ઋણી બનાવે છે? ~~આ~~ ઉપરાંત તે તે દેશની ગરદન પર ચડી બેસવાની તેને અદ્વિતીય તક મળે છે.

## કરાર કે ગુલામીનું ખત ?

એશિયા કે યુરોપની બાબતમાં અમેરિકાનો ઇરાદો કોણ નથી જાણતું ? સામ્યવાદના જોખમને નાબુદ કરવા માટે અમેરિકા તલસી રહ્યું છે, એ સૌ કોઇ જાણે છે. એટલા માટે જ તે સ્પેનમાં જનરલ ફ્રાંકોને મધ્યપૂર્વના દેશોમાં બ્રિટીશરોને, હિંદી ચીનમાં બાઓદાઇ તથા ફ્રેંચોને તથા દૂર પૂર્વમાં ચાંગ કાંઇ શેકને પોતાનાથી બનતી બધી મદદ આપી રહ્યું છે. એ જ કારણે હિંદને પણ તે મદદ કેમ ન કરે ?

આ બધું જોતાં હિંદને આ મદદ આપવામાં અમેરિકાના સરકારના આશય વિષે શંકા પેદા થયા વિના નથી રહી શકતી. એ કહેવાતો 'કરાર' હિંદનું ગુલામીખત તો ન નીવડે ? એ હિંદને અમેરિકાના સકંજામાં પુરેપુરી રીતે જકડી તો ન લે ?

અમેરિકાના કેટલાક આગળ પડતા હોદ્દેદારોએ ગઇ ૧૩ મી માર્ચે વોશિંગ્ટન ખાતે મળેલી કોંગ્રેસની બેઠકમાં કરેલાં ભાષણોનો હેવાલ વાંચતાં આ બધી શંકાઓ વધારે પાકી બને છે. અમેરિકાના વિદેશમંત્રી મિ. એચેસન ૧૯૫૩ની સાલમાં પરસ્પર સલામતી પ્રોગ્રામ નિમિત્તે એશિયા, આફ્રીકા તથા દક્ષિણ અમેરીકાને બાવીસ કરોડ સત્તાવીસ લાખ ડોલરની મદદ આપવામાં આવશે, એવી જાહેરાત કરી હતી. હિંદને મદદ તરીકે આપવાની રકમનો આંકડો હજી જાહેર કરવામાં આવ્યો નથી. તેમણે હિંદને મદદ આપવાની બહુ જોરદાર અપીલ કરી હતી, પણ તે શા માટે ? આ રહ્યા તેમના જ શબ્દો :

"આપણા બધા જ સલાહકારોની એવી સલાહ છે, કે વડાપ્રધાન પંડિત નેહરૂની નવી સ્વતંત્ર સરકાર આવતાં પાંચ વરસ દરમ્યાન આર્થિક વિકાસમાં સારી

સરખી પ્રગતિ દાખવી ન શકે તો આવતી ચૂંટણીમાં ઉદ્દામવાદીઓ અથવા સામ્યવાદીઓ લોકશાહી બળોને પરાસ્ત કરે એવો પૂરો સંભવ છે. ”

### કેટલું સાચું ?

આગળ ચાલતાં મિ. અચેસને સામ્યવાદ સામેની તેની લડતમાં હિંદે જબરદસ્ત પ્રયાસ કર્યો તેને માટે આપણને અભિનંદન આપ્યા. આપણે ખરેખર એવી લડત લડી રહ્યા છીએ ખરા ?

વળી, મિ. એવરેલ હેરીમેને પરસ્પર સલામતીના પ્રોગ્રામને ટેકો આપતાં અમેરિકાની કોંગ્રેસને ચેતવણી આપી કે, આ પ્રોગ્રામમાં જરા સરખો પણ કાપ મૂકવામાં આવશે તો ક્રેમેલીનના જોખમ સામે આપણા સહિયારા બચાવ માટે દુનિયાના સ્વતંત્ર દેશોમાં જે બળ નિર્માણ થઇ રહ્યું છે, તેમાં ઊણપ આવશે. એ પ્રોગ્રામદ્વારા મિ. હેરીમેન ‘સ્વાતંત્ર્ય માટે લડતા યુનાઇટેડ સ્ટેટસના જુવાનીયાઓ માટે હિંદમાં તેમજ બીજા દેશોમાં ‘સુસજ્જ સાથીદારો’ મેળવવા માગે છે.

યુનાઇટેડ સ્ટેટના સંરક્ષણ મંત્રી મી. રોબર્ટ લોવેટના ભાષણથી તો રહી સહી શંકા પણ દુર થાય છે. તેમણે જણાવ્યું કે, કોઇ પણ દેશને મદદ આપવા માટેની આપણી પહેલી શરત એ છે કે ‘ તેમણે કેટલું લશ્કર ઊભું કર્યું ’ તેમણે કોંગ્રેસને ખાતરી આપી કે ‘ એ વસ્તુને કસોટી લેખવામાં આવશે. ’

### આપણે સાધન બનીશું.

આ ઉપરથી આપણે એવા અનુમાન પર સહેજે આવી શકીએ કે, અમેરિકાની આ તથા હવે પછી મળનારી મદદ હિંદને ‘ ઠંડાયુદ્ધ ’ માં ઘસડવા માટેનું કેવળ એક સાધન જ છે. આ ‘ ઠંડા યુદ્ધે ’ યુરોપ તથા અમેરિકાને તો પોતાની કારમી જકડમાં કયારનાયે પકડી લીધા છે, આ મદદ લીધા છતાં આપણી સરકાર કયાં સુધી ‘તટસ્થ’ રહી શકશે, એ તો ભાવિ જ કહી શકશે, પણ નવી દિલ્હીના સત્તાવાળા તથા પાર્લામેન્ટે હવે વિના વિલંબે વિચારી લેવું જોઇએ કે, તેઓ દેશને કયાં દોરી લઇ જઇ રહ્યા છે.


## जिनमंदिरोके उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चद्दर आपके यहां आके लकडे पर लगा देते है.

ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.

लीखो या मीलो.

**मिस्त्री व्रिजलाल रामनाथ**
मु. पालीताणा [सौराष्ट्र]

ता. कः—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

## નકલી ઠંડા પીણાં બંધ કરો!
## સાચી શીતળતા અને તાજગી લાવનાર.

*

# લક્ષ્મી છાપ
# સત ઈસબગુલ
વાપરો

*

અળાઈ અને ગરમી સામે સંરક્ષણ

*

વિક્રેતાઓ:—

**નવજીવન ઔષધ ભંડાર—જુનાગઢ**
**મહેતા મેડીકલ સ્ટોર્સ-ભાવનગર**
**કચ્છી મેડીકલ સ્ટોર-પાલીતાણા**

# જ્યારે 'આયુર્વેદ....'આગળ વધે છે ત્યારે....

★ જ્યારે આયુર્વેદ આગળ વધે છે ત્યારે ગમે તેવા અસાધ્ય રોગોનું સચોટ ઔષધ શોધી કાઢે છે, ગાંડપણ જેવા માનસિક રોગો દૂર કરવા માટે લોકોની નજર પરદેશી ઊંચી કિંમતની દવાઓ ઉપર જ હતી, સો'માંથી પચાસ ટકા સાધારણ વર્ગના દર્દીઓ ઊંચી કિંમતની દવાઓ ખરીદવાની શક્તિના અભાવે જીવનભર આવા દર્દો સહન કરી રહ્યા હતા–કરે છે, પણ દાખલા તરીકે હૃદયના રોગો (લોહીનું દબાણ–બ્લડ પ્રેશર) માટે, દરેક જાતના ઉન્માદ માટે, હીસ્ટીરીઆ અને ઓછી યાદશક્તિ જેવા માનસિક રોગો માટે અત્યાર સુધી પરદેશી મોંઘી કિંમતની દવાઓ ઉપર જ આધાર હતો.

★ મુંબઇના લોકપ્રિય 'ચરક ભંડાર'ના નિષ્ણાતોએ અનેક પ્રયોગો પછી ઉપરનાં તમામ દર્દો માટે એક ખાસ ઔષધિ (ગોળીઓના રૂપમાં) બનાવેલ છે, એટલું જ નહિં પણ પોતાના લગભગ અર્ધો ડઝન ઉપરના "મફત સલાહ કેન્દ્રો"માં આવતા દર્દીઓ ઉપર અજમાવી, સોએ સો ટકા સફળ પરિણામ મેળવ્યા પછી જ જાહેર જનતાના હિતાર્થે બજારમાં મૂકવામાં આવી છે, જેનું નામ **"બ્રાહ્મી ઘનવટી"** (સુવર્ણયુક્ત) છે. જે વકીલો, વિદ્યાર્થીઓ તથા માનસિક અશક્તિ અને ઓછી યાદશક્તિ જેવા રોગથી રીબાતા દર્દીઓ માટે પણ અકસીર છે.

★ અભ્રક, અકીક, માણેક, મોતી વિગેરે બહુમૂલ્ય ભસ્મો તેમ જ ચંદ્રોદય વિગેરે કિંમતી રસાયણોને બ્રાહ્મીના સ્વરસની ભાવના આપી આ ગોળી બનાવવામાં આવી છે, અલબત્ત આથી તે કિંમતી તો છે જ, પણ દર્દને નાબૂદ કરવાની તેની શક્તિ અને સચોટતા પાસે તે મોંઘી નથી.

★ બ્હેનો માટે ખાસ–અટકાવ તદ્દન ઓછો આવવો, ગર્ભાશયની ચારે બાજુ જડતા, ઉબકા આવી, ઉલ્ટી થવી, ઝણઝણાટી, ચૂંક આવવી, પેટમાં દર્દ થવું વિગેરે લક્ષણોવાળા માટે આ ગોળી અમૃત સમાન છે.

★ બાળકો માટે–ગળામાં ઘરર ઘરર અવાજ આવવો, દાંત બંધાવા, દાંત આવવાથી લાળ નીકળવી તેમ જ આંચકી–તાણ (બાલગ્રહ) નાના બાળકોના દર્દો ઉપર આ ગોળી અકસીર છે. કિંમત ૨૫ ગોળીની બાટલીના માત્ર રૂપિયા દસ છે, હિંદભરના દવાવાળાઓને ત્યાં મળે છે, માત્ર એ 'ચરક ભંડાર'ની બનાવેલી છે, તેની ખાત્રી કરવી જરૂરી છે. 'ચરક ભંડાર' મુંબઇ નં. ૭ ને લખવાથી વી. પી. થી મંગાવી શકાય છે. સૌરાષ્ટ્ર અને કચ્છના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ ફેવરીટ સ્ટોર્સ પરાંબજાર–રાજકોટ.

# આધ્યાત્મિક દૃષ્ટિએ સમ્યગ્દર્શન........શ્રી કુંવરજી મુળચંદ દોશી.

[ ગતાંકથી ચાલુ ]

**નિયતિવાદનું ઝેર:**-આજ સોનગઢથી શ્રી કાનજીસ્વામી નિમિત્તની કારણતાનો અપલાપ કરી એકાન્ત નિયતિવાદનું પોષણ કરી રહેલ છે, એ પોષણ ઇશ્વરવાદ કરતાં પણ ભયંકર ઝેરી છે, ઇશ્વરવાદમાં એટલો અવકાશ છે, કે જો ઇશ્વરની ભક્તિ કરવામાં આવે અથવા સત્કાર્ય કરવામાં આવે તો ઈશ્વર તે અનુસાર બદલો આપે છે,-પણ આ કાનજીસ્વામીનો નિયતિવાદ અભેદ્ય છે, અને સાથેસાથે આશ્ચર્યની વાત તો એ છે, કે આ નિયતિવાદને જ તે પુરુષાર્થનું નામ આપે છે, અને વળી આ કાળકુટને કુન્દકુન્દ, અધ્યાત્મ સર્વજ્ઞ, સમ્યગ્દર્શન અને ધર્મરૂપી સાકરમાં 'સ્યુગર કોટેડ' કરીને આપે છે. ઇશ્વરવાદમાં તો પુરૂષાર્થને સ્થાન છે, પણ નિયતિવાદી આ કાલકુટનો કોઇ ઉપાય જ નથી, કારણ કે, પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય પ્રત્યેક સમયની કાનજીસ્વામીના મતથી નિયત જ છે, ખરેખર દુઃખની વાત તો એ છે કે, આ મિથ્યા એકાન્તવાદનું ઝેર અનેકાન્તવાદરૂપી અમૃતના નામે ભોળી બુદ્ધિવાળા લોકોને આપીને તેઓને પુરૂષાર્થી કહીને વાસ્તવિક રીતે પુરૂષાર્થથી વિમુખ બનાવે છે.

**પુણ્ય-પાપ શા માટે?**-જો દરેક જીવનો પ્રત્યેક કાર્યક્રમ નિયત છે, એટલે કે, પરકર્તૃત્વનો બીલકુલ અભાવ છે, તો પછી પુણ્ય-પાપની વ્યવસ્થા કેવી રીતે બંધબેસતી થશે? જેમકે કોઇ મુસલમાને અરિહંતની પ્રતિમાજી ખંડિત કરી, તો જો મુસલમાન એ સમયે પ્રતિમાજીને તોડવાનો જ હતો, અને પ્રતિમાજી એ સમયે ખંડિત થવાનાં જ હતા, આ બધી વસ્તુઓ નિયત જ હતી તો તેમાં મુસલમાનનો દોષ શો? એ તો નિયતિચક્રનો એક દાસજ હતો, કોઈ ગૂંડાએ કોઇ સ્ત્રીનું શીયલ ખંડિત કર્યું, તો જો એ સમયે શીયલ ખંડિત થવાનું જ હતું અને ગુંડો એનું શીયલ ખંડિત કરવાનો જ હતો, આ બન્નેનું પરિણમન એ સમયે એવું થવાનું જ હતું, તો પછી તેમાં ગુંડાનો દોષ શો? નિયતિવાદમાં પરભાવનું કર્તૃત્વ તો નથી જ પણ સાથે સ્વકર્તૃત્વનો પણ અભાવ છે, કારણ કે, નિયતિચક્રમાં એ વસ્તુ નિયત જ છે. તો પછી પુણ્ય-પાપ, હિંસા-અહિંસા, સદાચાર-દુરાચાર, સમ્યગ્દર્શન-મિથ્યાદર્શન વિગેરેમાં બીલકુલ ભેદ રહેતો નથી, કારણ કે કાનજીસ્વામી નિમિત્તનો અપલાપ કરે છે, અને એથી ઉપાદાનનો પણ અપલાપ સિદ્ધ જ થાય છે, એથી કારણનાં ફળરૂપ ઉપલી વસ્તુઓમાં બીલકુલ ભેદભાવ રહેતો નથી.

નિયતિવાદમાં એકજ પ્રશ્ન અને એકજ ઉત્તર હોય છે, કે જે સમયે જે બનવાનું હોય તે સ્વયં બને છે.

નિયતિવાદમાં સ્વપુરૂષાર્થને પણ બિલકુલ સ્થાન નથી, જો દરેક દ્રવ્યોનો પ્રત્યેક ક્ષણનો કાર્યક્રમ નિયત છે, તો પછી અનંતકાળમાં પણ એમાં ફેરફાર થઇ શકવાનો નથી, તો પછી આમાં પુરૂષાર્થને સ્થાન જ કયાં રહ્યું? સમ્યગ્દર્શન કયાં? જો હિંસા 'કરીએ છીએ તો એ પણ નિયત છે, ચોરી કરીએ છીએ તો એ પણ નિયત છે. પાપવિચાર કરીએ છીએ તો એ પણ નિયત છે, તો પછી આત્માનો પુરૂષાર્થ કયાં રહ્યો? આ વાદમાં ભવિષ્ય માટેનો બધો જ પુરૂષાર્થ નકામો છે, અને પુરૂષાર્થ નકામો સિદ્ધ થતાં સર્વજ્ઞત્વનો જ અભાવ સિદ્ધ થાય છે.

**રાગાદિનું 'પુદ્દગલત્વ'**-અધ્યાત્મ શાસ્ત્રમાં રાગાદિને પરભાવ અથવા પૌદ્દગલિક ગણાવેલ છે, એનું કારણ પણ એ છે કે, રાગાદિ ભાવ પુદ્દગલના નિમિત્તથી ઉત્પન્ન થાય છે, આથી એ સ્પષ્ટ થાય છે કે, રાગીનું આલંબન પુદ્દગલ હોવાથી રાગાદિ પણ પૌદ્દગલિક છે, આ કારણથી ભાવ મન પણ પૌદ્દગલિક છે, કારણ કે, એનું નિમિત્ત પુદ્દગલો છે, અને અવલમ્બન પણ પુદ્દગલો છે, રાગાદિ અને ભાવમનનું ઉપાદાન કારણ તો આત્મા છે, કારણ કે, આત્માનું જ રાગાદિરૂપે પરિણમન થાય છે, આથી સ્પષ્ટ સમજી શકાય છે કે, પુદ્દગલાદિનું નિમિત્તપણું સ્વીકાર્યા સિવાય છુટકો નથી, પ્રવચનસારમાં ૨૯ મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે, "આ આત્મા અનાદિ કાલથી દ્રવ્યકર્મોથી બંધાયેલ છે, માટે પૂર્વે બંધાયેલ દ્રવ્યકર્મો રાગાદિ વિભાવ પરિણામનું કારણ છે, અને વિભાવ પરિણામ નવીન દ્રવ્યકર્મબંધનું કારણ છે, આ પ્રમાણે બન્નેનો કાર્યકારણ ભાવ રહેલ છે." પરના નિમિત્ત વિના રાગાદિને પરભાવ કહી શકાય નહિ. આથી ઉપાદાન અને નિમિત્ત એ બન્ને કારણોથી કાર્ય થાય છે, એનો અધ્યાત્મી પણ નિષેધ કરી શકશે નહિ. "**સામગ્રી**

**जनिका कार्यस्य न एकं कारणम्"** સામગ્રીથી કાર્ય થાય છે, એકલા કારણથી નહિં, આ અનુભવ સિદ્ધ કાર્ય–કારણની વ્યવસ્થા જૈનદર્શનમાં છે, કાર્ય ઉભય જન્મ હોવા છતાં અધ્યાત્મ ઉપાદાનમાં વિકાસ ચાહે છે, એટલે દ્રષ્ટિ ઉપાદાનમાં રાખે છે, અને એને પ્રત્યેક સમય પોતાનાં મૂળસ્વરૂપની યાદ આપે છે કે, તારો મૂળ સ્વભાવ શુદ્ધ છે, પણ રાગાદિથી અશુધ્ધ થયેલ છે, રાગાદિ પૌદ્ગલિક છે, માટે એ પૌદ્ગલિક-ભાવને છોડી તારા આત્મામાં સ્થિર થા, આ આધ્યાત્મિક દૃષ્ટિથી સમ્યક્ત્વનું સ્વરૂપ છે, અને આથી અનંત પુરૂષાર્થને પણ અવકાશ રહે છે.

**ઉભય કારણોથી કાર્ય**:–કાર્યની ઉત્પત્તિ માટે નિમિત્ત અને ઉપાદાન એ બન્ને કારણો જરૂરી છે, સ્વામિ સમન્તભદ્રે કહ્યું છે કે, **"कार्यं बहिरन्तरुपाधिभिः"** કાર્ય બાહ્ય–અભ્યન્તર એમ બન્ને કારણોથી ઉત્પન્ન થાય છે, એમણેજ વાસુપુજ્યસ્વામિનાં સ્તવનમાં કહ્યું છે, કે "અંતરંગમાં વિદ્યમાન મૂલ કારણ ઉપાદાનને યોગ્ય ગુણ અને દોષ પ્રગટ કરવામાં બાહ્ય વસ્તુઓ કારણ બને છે. ઉપાદાનને માટે સહકારી કારણ છે. કેવલ એકલું ઉપાદાન ગુણ–દોષ પ્રગટ કરવામાં સમર્થ નથી,! ભલે અધ્યાત્મી પુરૂષ માટે બાહ્ય કારણો ગૌણ બની જાય પણ એનો અભાવ હોતો નથી. જુઓ, આગળ પણ એજ આચાર્ય કહે છે, કે કાર્યોત્પત્તિ માટે બાહ્ય અને અભ્યન્તર, નિમિત્ત અને ઉપદાન એ બન્ને કારણોની પૂર્ણતા એજ દ્રવ્ય-ગત નિજ સ્વભાવ છે, એ સિવાય મોક્ષ પ્રાપ્તિ અશકય છે. આ બન્ને કારણો શાસ્ત્રોમાં સ્પષ્ટ છે, એટલે નિમિત્તવાદ રૂપી એકાન્તનું પોષણ અને અનેકાંતવાદ અનન્ત પુરૂષાર્થ લઇ શકશે નહીં. વૈજ્ઞાનિક સત્ય એજ છે, કે દ્રવ્યમાં પૂર્વ પર્યાય સામગ્રી અનુસાર સદૃશ-વિસદૃશ-અર્ધસદૃશ અને અને અલ્પ સદૃશ આદિ રૂપથી અનેક પર્યાયોનો ઉત્પાદક બને છે- સારાંશકે પૂર્વોત્તર પર્યાયોની એક અખંડ ધારા દ્રવ્યોમાં વહ્યા કરે છે અને એમાં જેવાજેવા સંયોગો પ્રાપ્ત થતા જાય છે, એવા એવા પરિણમનો થતાં જાય છે. કાનજી સ્વામિ સમયસારને નામે નિમિત્તનો અપલાપ કરે છે તો તેમાં શું કહ્યું છે, તે પણ જોઈ લઇએ. સમયસારમાં જીવ અને કર્મનો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સમ્બન્ધ બતાવતા કહેલ છે, કે "જીવના ભાવોના નિમિત્ત અનુસાર પુદ્ગલોની કર્મ રૂપ પર્યાય ઉત્પન્ન થાય છે, અને પુદ્ગલના નિમિત્તથી જીવ રાગાદિ રૂપે પરિણામ પામે છે. પરન્તુ પુદ્ગલ જીવનું કે જીવ પુદ્ગલનું ઉપાદાન કારણ બનતું નથી. પરસ્પર નિમિત્ત–નૈમિત્તિક સંબન્ધ અનુસાર બન્નેનું પરિણમન થાય છે, આ કારણથી ઉપાદાન દ્રષ્ટિથી આત્મા પોતાના ભાવોનો કર્તા છે, પણ પુદ્ગલનાં જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મો ઉપાદાન રૂપ કર્તા નથી, આનો સ્પષ્ટ અર્થ એ છે, કે દરેક દ્રવ્ય પોતાનાં પરિણમનનુ ઉપાદાન કારણ છે, અને બીજા દ્રવ્યો એનું નિમિત્ત કારણ છે, પણ ઉપાદાન કારણ નથી પરસ્પરનાં નિમિત્તોથી દરેક દ્રવ્યમાં પોત- પોતાના ભાવ રૂપ પરિણમનો થાય છે. આમાં કોઇ જગ્યાએ નિમિત્તનો અપલાપ નથી પણ નિમિત્ત બીજાનું ઉપાદાન ન થઇ શકે એવો નિષેધ છે. નિમિત્ત વિના અભિવ્યકિત થતી નથી

**જૈન શાસ્ત્રની આધ્યાત્મિક દ્રષ્ટિ :—**

જૈનશાસ્ત્રોએ એ બતાવ્યું છે, કે જોકે કાર્ય નિમિત્ત અને ઉપાદાન એ બન્ને કારણોથી ઉત્પન્ન થાય છે, પણ નિમિત્તને એમાં અહંકાર ન થવો જોઇએ કે આ મેં કર્યું. કારણ કે ઉપાદાનની યોગ્યતા ન હોય તો નિમિત્ત કંઇ કરી શકતું નથી. અભવ્યમાં ઉપાદાનની યોગ્યતા ન હોવાથી ગમે તેવા નિમિત્તો મલવા છતાં કર્મબન્ધથી મુક્ત થતા નથી પરંતુ નિમિત્ત વિના ઉપાદાનની યોગ્યતા પણ પ્રગટ થતી નથી જે જે સમયે જેવા જેવા નિમિત્તો મલે છે, તે તે સમયે તેવી તેવી યોગ્યતા પ્રગટ થાય છે. મહાવિદેહક્ષેત્રમાં કાયમ મોક્ષ જવા યોગ્ય નિમિત્તો મલતા હોવાથી ત્યાં મોક્ષ માર્ગ કાયમ ચાલુ છે, જ્યારે ભરત અને ઐરાવતમાં તદ્યોગ્ય નિમિત્તો અમુક કાળમાંજ હોય છે, એટલે તે સિવાયના કાળમાં કોઇ જીવ મોક્ષે જતો નથી. અધ્યાત્મ નિમિત્તનો સ્વીકાર ન કરવો જોઇએ એમ કહેલ છે. ઉપાદાનની યોગ્યતા વિકસાવવા નિમિત્તો જરૂરી છે. તોજ પુરૂષાર્થની સિદ્ધિ છે, અને પુરૂષાર્થ સિદ્ધ થાય તો જ સર્વજ્ઞત્વની સિદ્ધિ છે અને સર્વજ્ઞત્વની સિદ્ધિ થાય તોજ મોક્ષ છે. મોક્ષ માટે પુરૂષાર્થ જરૂરી છે. આત્મા પરભાવને આધિન ન બની જાય એટલા માટે એને પરભાવનો કર્તા નહીં પણ જ્ઞાતા–દ્રષ્ટા માનેલ છે.

હું નિમિત્તથી ભિન્ન છું, નિમિત્ત એ હું નથી અને હું એ નિમિત્ત નથી. પણ હું તો નિમિત્તોનો જ્ઞાતા-દ્રષ્ટા છું, એવી જે ભેદબુદ્ધિ તે જ આધ્યાત્મિક દ્રષ્ટિથી સમ્યક્ત્વ છે. જુઓ, ઉપાધ્યાયજીએ જ્ઞાનસારમાં કહ્યું છે કે "સ્વાભાવિક આનંદમાં મગ્ન થયેલા અને જગતના તત્ત્વને જોનાર આત્માને આત્માથી ભિન્ન પદાર્થોનું કર્તાપણું નથી, સાક્ષીપણું જ છે. સર્વદ્રવ્યો સ્વ-સ્વ પરિણામના કર્તા છે. પર પરિણામનો કોઇ કર્તા નથી." ત્યારે આત્મા કર્મથી કેમ લેપાય છે તેનો જવાબ આપતા કહે છે કે, "કારણ કાર્યને ઉત્પન્ન કરે છે, અને કાર્યનાં ફળ પર્યન્ત કારણનો વ્યવહાર છે, એટલે આત્મા ભાવ કર્મોનો કર્તા છે. તેના નિમિત્તે દ્રવ્ય કર્મબંધ થાય છે, અને ફળ પર્યન્ત આત્માનો વ્યાપાર હોવાથી આત્મા દ્રવ્યકર્મનો પણ કર્તા છે." પણ આત્મા જો એમાં મારાપણાની બુદ્ધિ રાખે તો તે મિથ્યાત્વ છે, એટલે આગળ ઉપાધ્યાયજી ભેદ દ્રષ્ટિ બતાવતાં કહે છે, કે "હું પૌદ્ગલિક ભાવોનો કરનાર, કરાવનાર કે અનુમોદન કરનાર નથી. પ્રત્યેક આત્માઓ પણ ભિન્ન છે, તથા પુદ્ગલો પણ આત્માથી ભિન્ન છે, તેમને કોઇ પ્રકારનો સંબંધ છે જ નહીં. આવી ભેદ બુદ્ધિથી રાગાદિનો નાશ થાય છે, અને તેજ આધ્યાત્મિક દ્રષ્ટિથી સમ્યક્ત્વ છે.

**અકર્તૃત્વ ભાવનાનો ઉપયોગ:**—અકર્તૃત્વ ભાવનાનો અર્થ શો ? અધ્યાત્મ શાસ્ત્રમાં બધું વર્ણન ઉપાદાનની યોગ્યતાના આધાર ઉપર કહેલ છે. નિમિત્ત મલવા છતાં જો ઉપાદાનની યોગ્યતા વિકસિત ન થાય તો કાર્ય બનતું નથી. એકજ અધ્યાપક પાસે ભણેલા શિષ્યોમાંથી એક પ્રથમ કક્ષાએ ઉત્તીર્ણ થાય છે, એક બીજી કક્ષામાં આવે છે, એક સામાન્ય કક્ષામાં આવે છે, અને એક અનુત્તીર્ણ થાય છે, આથી એ સિદ્ધ થાય છે, કે નિમિત્ત મલવા છતાં કાર્ય ઉપાદાનને યોગ્યજ થાય છે, પણ નિમિત્ત એ યોગ્યતાઓનો વિકાસ કરે છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે, કે નિમિત્ત રૂપ અધ્યાપકને એવો અહંકાર ન થવો જોઇએ, કે મેંજ આ સઘળું કર્યું છે. એને એટલો વિચાર જરૂર કરવોજ પડે, છે, કે જો ઉપાદાનની યોગ્યતા ન હોત તો હું શું કરી શકત ? માટેજ આત્માનાં કર્તૃત્વ જન્ય અહંકારની નિવૃત્તિ માટે ઉપાદાનમાં કર્તૃત્વની ભાવનાને દ્રઢ કરવી જોઇએ. કારણ કે એથી પર પદાર્થના કર્તૃત્વનો અહંકાર રાગદ્વેષની વૃદ્ધિ ન કરી શકે. ઉપાધ્યાયજીએ જ્ઞાનસારમાં કહ્યું છે કે, "પુદ્ગલ આશ્રિત ભાવોના કર્તાપણાદિના અભિમાનથી અજ્ઞાની કર્મથી બંધાય છે, પણ જ્ઞાની બંધાતો નથી" વાસ્તવિક રીતે આત્મા પરભાવનો કર્તા નથી પણ કર્તાપણાના અભિમાનથી અજ્ઞાની એવો આત્મા કર્મથી બંધાય છે, જ્યારે સ્વ-પરનું જેને જ્ઞાન છે એવો જ્ઞાની એમાં કર્તાપણાનું અભિમાન રાખતો ન હોવાથી કર્મથી લેપાતો નથી, જુઓ આ જ વસ્તુને સ્પષ્ટ કરતાં આગળ જણાવે છે કે, "એ પ્રમાણે આત્મા શુભાશુભ કર્મનો પણ કર્તા નથી, પરંતુ ઇષ્ટ વસ્તુમાં રાગ અને અનિષ્ટ વસ્તુમાં દ્વેષરૂપ આશયનો કર્તા છે" આ ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે, કે અકર્તૃત્વની ભાવના આપણને વીતરાગભાવ તરફ લઇ જવા માટે છે, પણ નિમિત્તનો અપલાપ કરવા માટે નથી.

**નિશ્ચય અને વ્યવહાર:**—નિશ્ચય નય વસ્તુની પર નિરપેક્ષ સ્વભૂતદશાનું વર્ણન કરે છે, તે એ બતાવે છે કે, દરેક જીવ અનંત જ્ઞાન-દર્શન અને અખંડ ચૈતન્યનો પિંડ છે, વ્યવહાર નય પર સાપેક્ષ અવસ્થાનું વર્ણન કરે છે. એ આત્માને ઘટ-પટાદિ અને કર્મોનો કર્તા માને છે, જુઓ, આ બાબતમાં ઉપાધ્યાયજી જ્ઞાનસારમાં કહે છે કે, "શબ્દાદિ નયની અપેક્ષાએ આત્મા વિભાવાદિ ભાવોનો પણ કર્તા નથી, ઋજુસૂત્ર નયની દ્રષ્ટિથી રાગ-દ્વેષાદિ વિભાવનો કર્તા છે, પણ પૌદ્ગલિક કર્મનો કર્તા નથી, અને નૈગમવ્યવહાર નયથી પૌદ્ગલિક કર્મનો કર્તા છે." નિશ્ચયનય એ બતાવે છે કે, રાગાદિ વિભાવ પરિણીતી અભૂતાર્થ છે, આત્માને માટે ઉપાદેય નથી, નિશ્ચય નય આત્માની શુધ્ધ દશાનું વર્ણન કરી એ સમજાવે છે કે, તારૂં આવું સુંદર સ્વરૂપ હોવા છતાં અત્યારે તું કેવી અવસ્થામાં છો, આથી એ મૂળ સ્વભાવ તરફ લઇ જાય છે, તેથી કષાયો ઘટતા જાય છે અને કષાયોનો નાશ કરવા જે જે નિમિત્તો મળે તેનું અવલમ્બન લઇને જ્ઞાન-દર્શનાદિ ગુણો પ્રગટાવવા અનંત પુરૂષાર્થ કરે છે, તે જો યોગ્ય નિમિત્તોનો આશ્રય ન કરે તો પુરૂષાર્થનો અભાવ થાય છે. અને તેથી

મોક્ષનો અભાવ સિધ્ધ થાય છે, અને એ તો એકાંતે મહામિથ્યાત્વ જ છે.

આજે સોનગઢથી કાનજીસ્વામીએ નિયતિવાદનો અવાજ ફરીવાર ઉઠાવ્યો છે, કે જે ભગવાન મહાવીરસ્વામીના વખતમાં ગોશાલાએ ઉઠાવ્યો હતો, આજે કાનજીસ્વામી ભગવાનના નામથી, કુન્દકુન્દના નામથી, દિગંબર સંપ્રદાયના નામથી, અનેકાંતવાદના નામથી, અધ્યાત્મના નામથી ફરીવાર નિયતિવાદરૂપી એકાંત નિશ્ચયનો જ પ્રચાર કરી રહેલ છે, ધર્મ અને અધ્યાત્મના નામ પર આલસ્ય પોષક અને પુણ્ય-પાપનો અપલાપ કરનાર કાનજીસ્વામીનો આ મત મહામિથ્યાત્વ છે, આપણે માટે વ્યવહાર-નિશ્ચયનાં આચરણ માટે ઉપાધ્યાયજીએ જે કહેલ છે તે જણાવી દરેક પ્રાણી એ રસ્તે આત્મ કલ્યાણ સાધો એવી ભાવના સાથે આ લેખ પૂર્ણ કરૂં છું.

"આ જગતમાં કોઇ પણ નિશ્ચયના અર્થને સંપૂર્ણ કહેવાને સમર્થ નથી, પરંતુ વ્યવહાર નયદ્વારા તે નિશ્ચયના ગુણદ્વારા તેના અર્થનો બોધ કરવા સમર્થ છે.

આ ભેદ જ્ઞાન એવું છે કે, જે માણસે વ્યવહારનો આશ્રય ન લીધો હોય તેને તે ડુબાડનાર છે.

વ્યવહારને વિષે અનિપુણ એવો જે પુરૂષ નિશ્ચયને જાણવાની ઇચ્છા રાખે છે, તે પુરૂષ તળાવમાં તરવાને અશક્ત હોવા છતાં સમુદ્રમાં તરવાની ઇચ્છા રાખે છે.

શુધ્ધ નયનો આશ્રય કરનાર પુરૂષે વ્યવહારનો નિશ્ચય કરીને તેનો આશ્રય લઇને આત્મજ્ઞાનનો આશ્રય લેવો."


## નવરસ ગ્રંથાવલીના સુંદર પ્રકાશનો

જેની અનેક પત્રોએ તેમજ વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસા કરી છે તે-

**ત્યાગવીર શાલીભદ્ર**

: લેખક :

ચંદુલાલ એમ. શાહ

મૂલ્ય રૂા. ૪-૦-૦ ટપાલખર્ચ જુદું

જેમાં સંસાર જીવનની અનેક સમસ્યાઓ છુપાએલી છે તે :

**ગરીબીનું ગૌરવ**

લેખક : શાંતિકુમાર જ. ભટ્ટ M. A.

સંપાદક : મુંબઈ સમાચાર (સાપ્તાહિક)

મૂલ્ય : રૂા. ૪-૮-૦ [ ટપાલ ખર્ચ જુદુ. ]

એકજ મહામોલા નવકારમંત્રે જેને અગ્નિમાંથી બચાવી લીધો તે :

**પુણ્યાત્મા અમરકુમાર** નું જીવન સમજાવતી સુંદર સંસ્કારી નવલકથા

લેખક : ચંદુલાલ એમ. શાહ મુલ્ય રૂા. ૪-૮-૦

: લખો :

નવરસ ગ્રંથાવલિ, : ૨૦, કીકાસ્ટ્રીટ, મુંબઈ. ૨

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, ફુવારા સામે, અમદાવાદ.

સોમચંદ ડી. શાહ. પાલીતાણા.

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલી, મુંબઈ ૨

રવાણી એન્ડ કંપની
બાબુગેનુ રોડ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨

# ભાઈ કિશોરલાલ મશરૂવાલા !

# કરોડો મૂંગા જીવોના આશીર્વાદ મેળવો !

**પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર.**

વર્ધા આશ્રમ પાસે પવનાર ગામમાં શ્રી વિનોબાભાવેનો 'પરધામ' નામે આશ્રમ છે, ત્યાં ખેતીવાડી થાય છે, તે સ્થાને વાંદરાઓ ખેતીના પાકને નુકશાન કરે છે, આને અંગે આશ્રમના વયોવૃદ્ધ સંચાલક શ્રી કોટિઆખા ગાંધીજીના અનુયાયી શ્રી કિશોરલાલભાઇને ફરિયાદ કરે છે.

જવાબમાં શ્રી કિશોરલાલભાઇ જે કહે છે, તેનો મુખ્ય મુદ્દો એ છે કે, 'હાલ તુરત માણસો માટે આ પ્રાણીઓ વાંદરા, રોજ, ભુંડ, ડુક્કર, હાથી વિગેરેને ખેતીના પાકના અર્થે માર્યા વિના છૂટકો નથી, મોટા જીવોને મારવાના છે, તો નાના જીવો તીડ, નાની–મોટી જીવાતો, ભ્રમરો, માખો વિગેરેનો તો અવશ્ય નાશ કરવો જોઇએ.'

આ શબ્દોમાં કિશોરલાલભાઇનું માનસ સ્પષ્ટ થાય છે, 'માનવે જીવવું હોય તો કોઇ રીતે નાના–નાના જીવોનો નાશ કરવો જોઇએ.' આ ભ્રામક માન્યતા તેઓના મગજ પર ગમે તે કારણે સ્વાર થઇને તે બેઠી છે, આના પરિણામે તેઓ આવા જ જવાબો આપે છે, તેઓ વિચારક છે, બુદ્ધિમાન છે, પણ પોતાની પૂર્વગ્રહયુક્ત પકડને વશ થઇને આ પ્રસંગે તેઓ સત્ય પરિસ્થિતિને ભૂલી વિવેકહીન મંતવ્ય રજુ કરે છે.

કિશોરલાલભાઈના આ મંતવ્યના પ્રતીકારરૂપે કહેવું જોઇએ કે, સંસારમાં બુદ્ધિમાનપ્રાણી તરીકે ગૌરવ લઇ શકાય તેવું કોઇ પણ પ્રાણી હોય તો તે માનવ છે, વિચાર કરવાની મહાન શક્તિ એ માનવને મળેલો મહામૂલ્ય વારસો છે, માનવસમાજે પોતાની એ શક્તિદ્વારા કેવળ મારવાની જ વાત વિચારવી જોઇએ કે જીવાડવાની ? મારવાની વૃત્તિ એ સંસારની શાંતિ, સમૃદ્ધિ કે આબાદિને મૂળથી નાશ કરનાર કાળકૂટ ઝેર છે.

માનવ સમાજે આજે તો પોતાની બુદ્ધિ, શક્તિ કે સંપત્તિદ્વારા માનવ કે માનવેતર જીવસૃષ્ટિને જીવાડવા માટે જ પ્રયત્ન કરવાની પહેલી જરૂર છે. કારણ કે, સ્વાર્થની ખાતર નાના જીવને મારી નાંખવાની પાપવૃત્તિથી પ્રેરાયેલો માનવ જતે દિવસે સૌ કોઇને મારવાની જ દુષ્ટતામાં આવીને ઉભો રહેશે. આજની દુનિયાના મહા ભયંકર અત્યાચારો, રૌદ્ર માનવસંહાર આ બધું નાના જીવની હિંસામાંથી શરૂ થયું છે, એ ભૂલવું જોઇતું નથી.

માનવ કલ્યાણના નામે વિજ્ઞાનની શોધ કરી છેવટે ભણેલા માનવોએ આજે કર્યું શું ? કેટલાને જીવાડવા પ્રયત્ન કર્યો ? પશુસૃષ્ટિનો નાશ કરવાની શરૂઆત કર્યા પછી માનવોને પણ પીસી નાખવાની દુષ્ટતા આ લોકોમાં શાથી પેદા થઈ? એનો ઇતિહાસ જરા તપાસો ? પ્રારંભમાં માનવસેવાના રૂપાળા નામે આ વૈજ્ઞાનિકોએ વાંદરા, દેડકા, વાછરડા આદિ પશુઓ પર અમાનુષી અત્યાચારો આચર્યા ને નિરપરાધી, અબોલ તથા અનાથ જીવોને ઘાતકીપણે મારી નાંખ્યા, આમ નાની શરૂઆત કરનારા તે લોકોએ આજે પોતાના સ્વાર્થના કારણે પોતાની સંપત્તિ, સત્તા કે મારાપણાનાં માદક નશામાં માનવોનો પણ ક્રૂરપણે સંહાર કરવામાં પાછું વાળીને જોયું નથી.

માટે જ માનવ સમાજે આજે મારવાની વૃત્તિ ત્યજી જીવાડવાની શુભભાવના જ રાખવાની પહેલી જરૂર છે, આજના યુગમાં આટ–

આટલી શોધો થયા પછી જો હજુયે માનવે જીવવા માટે બીજાના નાશની વૃત્તિમાં રહેવાનું હોય તો એ આજના સુધરેલા માનવસંસારનું ન ભૂંસી શકાય તેવું કલંક છે, માનવે આજથી જ એ પ્રયત્નમાં લાગી જવું જોઈએ કે, જેથી જીવવાને માટે કોઇનો પણ નાશ કરવો ન પડે.

માનવના જીવનની આ જ એક ઉજળી બાજુ છે, માનવસમાજની આ જ એક મહત્તા છે, કે તે બીજાને જીવાડવામાં જ જીવનની ધન્યતા માને છે, સ્વાર્થને ત્યજીને પણ અન્ય જીવોને અભય આપવા એ સતત જાગૃત રહે છે, તો પછી પોતાના નજીવા સ્વાર્થ ખાતર માનવેતર નિર્બલ, નિઃસહાય પશુસૃષ્ટિનો નાશ કરવા જેવું જંગલી હેવાનીયતભર્યું પગલું એના હાથે કઈ રીતે લઇ શકાય ?

આપણે ભાઈ શ્રી કિશોરલાલને એટલું જરૂર કહીશું કે, આમ મારવાની વાતો કરો છો, એનાં કરતાં જીવાડવાની વાતો કરવી તમારા માટે વધુ ઉપયોગી છે. તમારી કલમ, તમારી વિચારણા કે તમારી પ્રતિષ્ઠાને જીવા-વાડવાની વાત વધુ સુસંગત બને છે. શોધ–ખોળ એવી થવી જોઈએ, બુધ્ધિ, આવડત કે પ્રયત્નો એવા થવા જોઇએ કે, માનવ સંસારમાં આજે જીવનના વધુ પડતા લોભથી જે રીતે ક્રૂરપણે નિર્બળ પ્રાણીઓનો નાશ થઇ રહ્યો છે, તે અટકે ! બાકી, અન્ય ન્હાના જીવોને પણ મારીને માનવ ધારે કે, હું સુખી બનીશ એ એનીભ્રમણા છે, કોઇનું પણ ખરાબ કરવાની વૃત્તિનું પરિણામ હંમેશા સારામાં આવતું નથી, એ સહુ કોઇએ સ્હમજી લેવું ઘટે છે. 'વાવે તેવું લણે અને કરે તેવું પામે' આલૌકિક કહેવતમાં પણ સનાતન સત્યનું નિગૂઢતત્ત્વ રહેલું છે. આજે લગભગ કેટલાયે વર્ષોથી ભાઇ કિશોરલાલ કે તેમના જેવા ભાઇઓ, ખેતીમાં નુકશાન કરનારા જીવોને મારવાની વાતનો સતત પ્રચાર કરતા રહ્યા છે, છતાં હજુ સુધી હિંદદેશમાં ખેતીની સ્થિતિ સુધરતી નથી. પણ ઉલટી વધુને વધુ બગડતી જાય છે, એનું શું કારણ ?

કારણની પરંપરામાં બહુ લાંબા ઉતરવાની જરૂર નથી અનેક મૂંગા જીવોનો જે રીતે ક્રૂરપણે સંહાર થતો રહ્યો છે, તે પાપ ભાવના અને હિંસક કાર્યના પરિણામે આજે હિંદની નંદનવન જેવી ભૂમિ શ્મશાન જેવી બનતી જાય છે, નદી–નાળાંના પાણી શોષાતાં જાય છે, ધરતીના રસકસ ઉડતા ગયા, દુધ, ઘી અને દહિંના તત્ત્વો મરી પરવર્યા, આ બધું માનવ સમાજની હિંસક ભાવનાનું કારમું પરિણામ નહિ તો બીજું શું ?

ભલા, કિશોરલાલ જેવા ઉંડા વિચારક ગણાતા માણસો આમ ભીંત કેમ ભૂલતા હશે ? આવી બે–દુ ચાર જેવી સીધી હકીકતને તેઓ ઉઘાડી આંખે કેમ નહિ જોઈ શકતા હોય ? ખરેખર માણસ જ્યારે આગ્રહયુકત બને છે ત્યારે યુક્તિ, હકીકત કે સત્યને જોવાને માટે તેની હ્રદયની આંખો મીંચાઇ જતી હોવાથી તે નિષ્ફળ નિવડે છે.

આ સ્થિતિમાં આપણે ઇચ્છીશું કે, ભાઇ કિશોરલાલ હજુ ઉંડું વિવેકપૂર્વકનું વિચાર-મંથન કરે અને જેમાં કરોડો પશુસૃષ્ટિના જીવન–મરણનો પ્રશ્ન સમાયેલો છે, સાથે હિંદની ધરતી પરની આબાદિ કે સમૃદ્ધિનો પણ પ્રશ્ન તેટલો જ જેમાં ગૂંથાયેલો છે, એવા આ વિષય પરત્વે વાણીના સંયમપૂર્વક આ-સ્તિક હ્રદયનાં વચનો બહાર કાઢે ? અને લાખો મૂંગા અસહાય જીવોના આશીર્વાદ મેળવે ! એજ એક શુભ અભિલાષા.

# ધર્મ દરિદ્રતા........પૂ. પન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

દરિદ્રતા એક મોટું દુઃખ છે, દરિદ્રતાને કોઈ ચાહતું નથી, દરિદ્રપુરૂષની ગણના એક તણખલા કરતાં પણ ઉતરતી ગણાય છે. ઘાસનું તણખલું ઉપયોગી છે, તેટલી ઉપયોગિતા પણ દરિદ્ર પુરૂષની દુનિયામાં લેખાતી નથી. એક કવિએ દરિદ્ર પુરૂષને ઉપહાસમાં સિધ્ધ-પુરૂષની ઉપમા આપી છે, તે અક્ષરશઃ સત્ય લાગે છે. કવિના શબ્દોમાં દરિદ્રપુરૂષ પોતાની જાતને ઓળખાવતાં જણાવે છે કે, 'ખરેખર હું સિદ્ધ છું, જો એમ ન હોય તો હું આખા જગતને દેખું છું, પણ મને કોઇ દેખતું નથી, એમ કેમ બને? અર્થાત્ દરિદ્રપુરૂષની સામે નજર કરવા પણ કોઇ જગતમાં તૈયાર નથી, એવી કંગાલ હાલતમાં સમગ્ર જીવન પસાર કરવું, કેટલું કષ્ટદાયક હશે, તે તો તેનો અનુભવ કરનાર જ સારી રીતે જાણે, અને એવો અનુભવ આ દુનિયામાં કેટલા આત્મા-ઓને નથી કરવો પડતો? આજ તો એ દરિદ્ર-તાનું જ સર્વત્ર સામ્રાજ્ય હોય તેમ ભાસે છે, થોડાક ધનવાન માણસોને બાદ કરતાં મોટા ભાગના મનુષ્યો પોતાનું જીવન કષ્ટથી ગુજા-રતા માલુમ પડે છે, જીવન જીવવાની હાડ-મારીઓ વધતી જાય છે, અને સામગ્રીઓ ઘટતી જાય છે. ખાવાને અન્ન, પીવાને જળ, પહેરવાને વસ્ત્ર, રહેવાને ઘર, કમાવાને ધન, એમ દરેક વસ્તુ તંગ હાલતમાં આવતી જાય છે, તે બધા વચ્ચે માર્ગ કાઢવો આજે બુદ્ધિ-માન અને સમજદાર મનુષ્યોને પણ કઠિન થઇ પડયો છે, દેશનાયકો અને રાજ્યના અધિકારીઓ અનેક યોજનાઓ ઉભી કરે છે, પરંતુ દરિદ્રતાનો નાશ કરવાને ઉભી થયેલી તે યોજનાઓ જ જાણે નવી દરિદ્રતાને ખેંચી ન લાવતી હોય, તેવો અનુભવ થાય છે. દરિદ્ર-તાનું કષ્ટ નિવારણ કરવા માટે આજના સમયે ભારેમાં ભારે પ્રયત્નો થઇ રહ્યા છે, તો પણ તેને જીતી શકાતી નથી, એ એક નક્કર સત્ય છે. લોક તેને વિવિધ દૃષ્ટિથી જૂએ છે, અને તેને આજે નહિ તો કાલે દૂર કરી શકીશું, એમ માનીને વિવિધ પ્રકારના પ્રયત્નોમાં મશ-ગુલ રહે છે.

अज्जं कल्लं परं परारिं
पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं;
गलंतमाउं न पिच्छंति ॥ १ ॥

શાસ્ત્રકારો સાચું જ કહે છે, કે પુરૂષો અર્થની પ્રાપ્તિને આજે નહિ તો કાલે અને કાલે નહિ તો પરમે, એ રીતે થાકયા વિના ચિંતવ્યા કરે છે, પરંતુ પોતાનું આયુષ્ય ખોબામાં રહેલા જળની જેમ નિરંતર ગળતું રહેતું હોવા છતાં જોતા નથી.

શાસ્ત્રકારોની દૃષ્ટિ દરિદ્રતાના કષ્ટને જુદી જ રીતે જુએ છે, અને તે રીત એ છે કે, આ જગતમાં મનુષ્યોને એકલી ધનની દરિદ્રતા જ પીડી રહી છે એમ નથી, પણ રૂપની, બલની, કુળની, જાતિની, આરોગ્યની, આયુષ્યની, બુદ્ધિની, વિવેકની, વિચારની, આચારની અને ધર્મની એમ અનેક પ્રકારની દરિદ્રતાઓ ઘેરી વળેલી છે, એમાં એકલી ધનની દરિદ્રતાનો જ આટલો સંતાપ શા માટે? અનેક દરિદ્રતાઓ વચ્ચે ભીંસાતો માનવી જ્યારે એક ધનની દરિદ્રતાનો જ આટલો મોટો અને ખોટો સંતાપ ધારણ કરે છે, ત્યારે ખરેખર તે કોઇ એક મોટા મોહને આધીન થઇને વર્તી રહેલો છે.

કેવળ ધનનો મોહ એ ખોટો મોહ છે, ધન જેમ ઉપયોગી છે, તેમ આરોગ્ય કે આયુષ્ય શું ઓછું ઉપયોગી છે? ધન કરતાં આરોગ્ય અને આરોગ્ય કરતાં આયુષ્ય કોટિ

ઘણું વધારે કીંમતી છે, છતાં ધનની દરિદ્રતા જ દરિદ્રતા ગણાય, પણ આરોગ્ય કે આયુષ્યની દરિદ્રતા એ દરિદ્રતા ન ગણાય, તેનું કારણ શું ? એથી આગળ વધીને દેહનાં આરોગ્ય કે આયુષ્ય કરતાં પણ વધારે કિંમત આત્માના જ્ઞાન અને વિવેકની છે, વિચાર અને વર્તનની છે, તેની તંગીનો માણસને વિચાર પણ નથી, ધનથી માલેતુજાર બન્યો, કાયાથી પુષ્ટ થયો કે આયુષ્યથી મોટો થયો તેટલા માત્રથી માણસ સુખી બન્યો, એ કલ્પના શું સત્ય છે ? માણસની ખરી કિંમત તો તેના જ્ઞાન ધનથી છે, વિવેક સંપત્તિથી છે, સદ્વિચાર અને સદ્વર્તન એજ માણસનું ખરૂં ધન છે. મનુષ્યના સુખ અને શાંતિનો આધાર ધન, રૂપ, બળ કે આરોગ્યજ નથી, કિન્તુ વિવેક, વિચાર, વર્તન અને આચાર પણ છે, એ વાત આજે લગભગ વિસરાતી જાય છે, પરિણામે આજે પુષ્ટ કાયાવાળા ધનસંપત્તિની પૂંઠે પડેલા માનવીઓ જોવા હજુ મળે છે, પણ વર્તન અને વિચાર સુધારવાની ધગશ અને તમન્ના ધરાવનારા માનવીઓનાં દર્શન દુર્લભ બને છે, એનું સાચું કારણ દેશની આર્થિક દરિદ્રતાનો વિચાર કરનાર વર્ગની વૃદ્ધિ તથા દેશની ધાર્મિક દરિદ્રતાની ચિંતા કરનાર વર્ગની હાંનિ એ નથી શું ? આર્થિક દરિદ્રતા એ દરિદ્રતા છે, અને કષ્ટકારક છે, તો ધાર્મિકદરિદ્રતા એ એથી પણ અધિક કંગાલીયત છે, અને ભાવિ મહાન કષ્ટનો હેતુ છે, એ વાત કદી પણ ભૂલવી જોઇએ નહિ, આથિક દારિદ્રય કેવળ દેહને કે દેહના એક જન્મને પીડાકારક છે, ધાર્મિક દારિદ્રય આત્માને અને આત્માના જન્મની પરંપરાઓ તથા તેમાં સુખ અને શાંતિની સંતતિનો નાશ કરનાર છે, આર્થિક દારિદ્રય કદાચ ટળ્યું પણ જો ધાર્મિક દારિદ્રય કાયમ રહ્યું, તો તેથી સુખ અને સંપત્તિ નહિ પણ દુઃખ અને વિપત્તિનો જ વરસાદ વરસવાનો છે, પ્રત્યેક કાળનો ઇતિહાસ એ વાતની સાક્ષી પુરે છે, વિપક્ષમાં ધાર્મિક દારિદ્રય ટળ્યું અને આર્થિક દારિદ્રય કદાચ ન પણ ટળ્યું, તો પણ માનવીની ઉર્ધ્વગતિ નિશ્ચિત છે, મનુષ્યની ઉર્ધ્વગતિનો આધાર ધર્મ છે, પણ ધન નથી, એ વાત આજની ઘડીયે સૌથી વધારે સમજવાની જરૂર છે. ધર્મ વિનાનું ધન અધોગતિને આપે છે, ધન વિનાનો પણ ધર્મ ઉર્ધ્વગતિને જ આપે છે, આર્થિક બેકારી કરતાં ધાર્મિક બેકારી વધારે ભયંકર છે, એ વાત જેટલી વહેલી સમજાય તેટલો વધારે લાભ છે, ધનની પૂંઠે પડેલો માનવી ધર્મની પૂંઠે કેમ પડતો નથી ? શું ધર્મ એ ધન કરતાં હલકી ચીજ છે ? ના, એમ નથી જ. ધર્મ એ ધન કરતાં પણ અધિક છે, ધનનું પણ અંતરંગ મૂળ ધર્મ જ છે, છતાં માનવી અનેક નિર્બળતાઓને વશ છે, તેમાં આ પણ એક તેની નિર્બળતા છે. ધન કરતાં ધર્મની કિંમત અધિક હોવા છતાં તે ધનને ધર્મ કરતાં પણ વધુ કિંમતી માનવા પ્રેરાય છે, બુદ્ધિનો આ વિપર્યાસ છે, માનવીની મોહાંધતાનો આ એક પુરાવો છે, મોહ અને અજ્ઞાનના અંધાપા નીચે રહેલો માનવી ધનને દેખીને રાચે છે, ધર્મ પ્રત્યે અરૂચિને દાખવે છે, ધનનો ચળકાટ તેને આકર્ષે છે. કારણ કે તે દેખવાને તેને આંખ છે. ધર્મનો ચળકાટ તેને આકર્ષતો નથી, કારણ કે, તેને જોવાની આંખ તેને મળી નથી, મળી છે તો ખુલ્લી નથી, એ આંખ તે વિવેક છે, વિવેકચક્ષુ જેઓનાં ખુલી ગયાં છે, તેઓની નજરે ધનનો ક્ષણિક ચળકાટ તેટલો આકર્ષક લાગતો નથી, જેટલો ધર્મનો શાશ્વત પ્રકાશ લાગે છે. ધનના

ભોગે પણ તે ધર્મ મેળવવા ચાહે છે, ધર્મ માટે ધન છોડવા તૈયાર થાય છે, પણ ધન માટે ધર્મને છોડવા પ્રાણાન્તે પણ તે તૈયાર થતો નથી, આ જાતિના વિવેકચક્ષુ પ્રાપ્ત કરાવનાર શાસ્ત્રજ્ઞાન છે, શાસ્ત્રબોધ-વડે વિવેકચક્ષુ પ્રાપ્ત થતાં જ ધનનો ખોટો મોહ માનવીના અંતકરણમાંથી પલાયન થઇ જાય છે અને ધર્મ પ્રત્યે અંતરંગ આદર અને પ્રેમ જાગે છે, એ ધર્મપ્રેમ માનવીને સત્ય રસ્તે ચઢાવી અનંત કલ્યાણનો ભોક્તા બનાવે છે.

ધનના અભાવે ધર્મ નજ થઇ શકે, એ વિચાર પણ એક મોહનોજ પ્રકાર છે, અજ્ઞાનનોજ વિલાસ છે. ધર્મ કોઇ પણ અવસ્થામાં થઇ શકે છે. માનવભવમાં ધર્મ કરવા માટે જીવને વિપુલ સામગ્રી પ્રાપ્ત થયેલી છે, તેનો લાભ નહિ લેતાં ધન પ્રત્યેના મિથ્યા મોહના પોષનારાં ખોટાં તર્કોનો આશ્રય લેવા માણસ દોરાય છે. તેને શાસ્ત્ર જ્ઞાન રોકે છે અને સમજાવે છે, કે ધર્મના અભાવેજ ધનનો અભાવ છે, તેથી આ-લોક અને પરલોકમાં સાચું ઉપયોગી એવું ધન પણ જેને જોઇતું હોય તેણે ધર્મનોજ આશ્રય લેવો હિતકર છે, એ ધર્મનો આશ્રય લેવા માટે મળેલી આ માનવ ભવ રૂપી અમૂલ્ય તકને જતી કરવી જોઇએ નહિ.


**સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.**

**સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ**

**[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨-૦-૦ ]**

**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.**



## નૂતન પ્રકાશનો મંગાવો !

**પર્યુષણા સ્તવનાદિ** : ૩૨ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદન, પર્યુષણનાં સ્તવન, થોય, સજ્ઝાય વગેરેનો સંગ્રહ છે,

**નિધાન સ્તવનાદિ સંગ્રહ.** : ૧૬ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧-૦-૦ ચૈત્યવંદનો, થોયો, સ્તવનો અને સંજ્ઝાયોનો સંગ્રહ.

**દેવવંદનમાળા** : મૌન એકાદશીની કથા. ગણણું તથા દેવવંદન ચૈત્રીપુનમના, અને ચોમાસીના. મૂલ્ય ૧-૦-૦

**શ્રી મનોહર મહિમા પૂજા પ્રેમ પુસ્તિકા** : આધુનિક રાગનાં સ્તવનો મૂલ્ય ૦-૫-૦

બીજાં પુસ્તકો માટે નીચેના સ્થળે પૂછાવો.

**નાગરદાસ પ્રાગજીભાઈ**

ઠે, દોશીવાડાની પોળ **અમદાવાદ**



## જૈન સંસ્કૃતિ અને ચાંદીજડીત

**લાકડાની કારીગરી**

•

આપણાં મંદિરોમાં ચાંદીના રથ, સિંહાસન, બાજોઠ, ભંડાર, પારણાં, માતાનાં સ્વપ્નાં, સમવસરણ, પાલખી, વગેરે ઘણી વસ્તુઓનું શાસ્ત્રીયને મોટું મહત્વ છે.

અને એટલે જ સહુ કોઇ શાસ્ત્રીય અને કલાપૂર્ણ કારીગરી માટે હમારે ત્યાં પધારે છે.

તમે પણ તમારી મંદિર ઉપયોગી જરૂરીયાત માટે આજે જ પૂછાવો. સંતોષકારક જવાબ મળશે.

સૌ કોઈનું જાણીતું સ્થળ:-

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલ એન્ડ કું.**

હીરાબાગ, ખત્તરગલી. સી. પી. ટેન્ક. મુંબઇ. ૪

# ઊર્મિની છોળ

**શ્રી ચિત્રભાનુ**

તારા જીવન-સરોવરમાં પાણી છે કે નહિ, તે તું પહેલાં જોઇલે ! માછલાંઓનો વિચાર તું શા માટે કરે છે ? તારા જીવન-સરોવરમાં પાણી હશે તો માછલાં આવ્યા વિના રહેશે ખરાં ?

તારા જીવન-પુષ્પમાં સુગન્ધ મહેકે છે કે નહિ, તે તું જરા સૂંઘી જો. મધુકરોને તું શા માટે બોલાવે છે ? તારા જીવન-પુષ્પમાં પરિમલ હશે તો મધુકરો આકર્ષાયા વિના રહેશે ખરા ?

તારા જીવન- તરુવર પર મીઠાં ફળો ઝૂલે છે કે નહિ, તે તું મને કહે. તારા જીવન-તરુવર પર મીઠાં ફળો ઝૂલતાં હશે તો પંખીઓ આવ્યા વિના રહેશે ખરાં ?

તારા જીવન ઉપવનમાં વૃક્ષો ઉગ્યાં છે કે નહિ, એ તું તપાસી જો. પથિકોની પ્રતીક્ષા તું શા માટે કરે છે ? તારા જીવન-ઉપવનમાં વૃક્ષોની શીળી છાયા હશે તો પથિકો વિસામો લીધા વિના રહેશે ખરા ?

તારા જીવનની આમ્રઘટામાં કોયલ ટહૂકે છે કે નહિ, એ તું જરા સાંભળી લે. સંગીત-રસિકોને તું શા માટે નિમન્ત્રે છે ? તારા જીવનની આમ્રઘટામાંથી કોયલનો પંચમ સૂર વાતાવરણને સંગીતથી ભરશે ત્યારે સાંભળનારને ખોટ દેખાશે ખરી ?

તારા જીવન-આકાશમાં ચન્દ્રોદય થયો છે કે નહિ, ભાઇ ! તે તું જરા નિહાળી જો. સાગરને તું શા માટે વિનવે છે ? તારા જીવન-આકાશમાં ચન્દ્રનો ઉદય થશે ત્યારે સાગર ભરતીની છોળો ઉછાળ્યા વિના રહેશે ખરો ?

તારા જીવન-ગગનમાં મેઘ ગર્જે છે કે નહિ, તે તું વિચારી જો. મોરલાઓની પ્રાર્થના તું શા માટે કરે છે ? તારા જીવન-ગગનમાં મંજુલ મેઘધ્વનિ ગૂંજશે ત્યારે મોરલાં નાચ્યા વિના રહેશે ખરાં ?

તારા જીવન-દીપકમાં પ્રકાશ છે કે નહિ, તે તું પહેલાં નિરખી લે. પતંગિયાઓને ઇશારા તું શા માટે કરે છે ? તારા જીવન-દીપકમાં પ્રકાશ હશે તો પતંગિયા તારા પર ઝંપલાવ્યા વિના રહેશે ખરાં ?

તારા જીવન-મન્દિરમાં સાચા દેવ બિરાજે છે કે નહિ, ભાઈ ! તે તું મને કહે. ભકતોને તું શા માટે નિમન્ત્રે છે ? તારા જીવન મન્દિરમાં દેવ જો સાચા હશે તો પ્રાર્થના ટાંણે ભક્તો ઉભરાયા વિના રહેશે ખરા ?




— શ્રી ગવેષક.

## નવાં માનવી !

એક વિચિત્ર વાત છે, એક બાજુથી માણસનો કામનો બોજો ઓછો થાય એટલા માટે યંત્રો વધારીએ છીએ, અને બીજી બાજુથી આપણી સમજમાં પણ ન આવે એવા કોયડા ઊભા થતા જાય છે.

યુરોપના સુધરેલા દેશોએ યંત્રો વધાર્યાં.–યંત્રો વધ્યાં અને કામના કલાક ઘટાડવાની હિલચાલ ચાલી, એ કલાકો પણ ઘટયા, માણસને ફુરસદ વધી, કેવો ભાગ્યશાળી ! નવા યુગનો નવો માનવી !

જગત માનતું હતું કે, કામના બોજાની નીચે કચડાયેલો માનવી થોડી ફુરસદ મેળવી આગળ વધી શકશે, તેની ફુરસદના સમયમાં તે વિકાશ સાધી શકશે, પણ એ સ્વપ્ન હતું ? આંખ ખુલ્લી ત્યારે શું અનુભવ્યું ? ફુરસદના સમયમાં એ સુધરેલા કહેવાતા દેશના લોકોએ તેનો શો ઉપયોગ કર્યો ? શું સારૂં સાહિત્ય તૈયાર કર્યું ? સારાં ચિત્રો દોર્યાં ? સારી સંસ્કૃતિ રચી ? ના, ત્યાંથી તપાસતાં આંકડા બોલે છે, આ ફુરસદનો સમય તેઓ કામોપભોગ, દારૂ અને જુગારમાં વાપરે છે.

ઇંગ્લેંડની આ વાત છે, ત્યાંના મોટી સંખ્યાના જુવાન સ્ત્રી–પુરૂષો કહે છે કે, વિવાહની મર્યાદામાં કાંઇ માલ નથી, મર્યાદા શા માટે ? ઇંગ્લેંડમાં જન્મતા બાળકોના ત્રીજા ભાગનાં બાળકોનું ગર્ભાધાન વિવાહ (લગ્ન) પહેલાં થયું હોય છે, લગ્ન પછી તો નવમા ભાગનાં જ બાળકો જન્મે છે, સગર્ભા થયા પછી જ મોટા ભાગનાં જોડાં વિવાહ ~~સંબંધથી જોડાય છે~~, અને જુગાર શું તેઓ પૈસા કમાવા રમે છે ? ના પૈસા તો તેમની પાસે છે, પુષ્કળ છે, પણ તેમના મનને ઉત્કેરાટ જોઇએ છે, જીવનનો કુદરતી આનંદ તેમને સુખ આપી શકતો નથી, આને માટે તેઓ જુગાર રમે છે, દારૂ પીએ છે, ચિત્રોના રોફડા જુએ છે, ઇંગ્લેંડ જેવો નાનો દેશ દરવર્ષે જુગારની પાછળ દસ અબજ રૂપીયા ખર્ચે છે. એટલા જ રૂપીયા માદક પીણા પાછળ અને એટલા જ રૂપીયા તમાકુ પાછળ ખરચે છે, ઇંગ્લેંડના કાપડના ઉદ્યોગમાં ત્રણ લાખ માણસો કામ કરે છે, એટલી જ સંખ્યાના માણસો એકલા જુગારના ધંધામાં રોકાયેલા છે.

અહા ! શું આ માટે હતી ફુરસદ ? અને ફુરસદ મેળવીને જો આટલી ભણેલી–ગણેલી ને આગળ વધેલી પ્રજાએ એનો આ જ ઉપયોગ કર્યો હોય તો એની કિંમત માનવજાતને શી ચૂકવવી પડે છે, તેનો વિચાર જ ગભરાવી મૂકે છે.

કેવી વિચિત્ર આપણી દશા ? કારખાનામાં વેઠ કરી, તમારાં મન અને બુદ્ધિને જડ કરી કમાવ, કમાએલું ઉપભોગવવાને માટે, આરામ માટે લડો, અને એ માટે સંગઠ્ઠન કરો અને ફુરસદ મેળવો અને એ ફુરસદમાં મળેલું બધું ખરચો ! વેડફો ! ઉડાવો !

અને આ બધી કહેવાતી પ્રગતિને અંતે આપણે શું ખરચીએ છીએ ? શું ઉડાવીએ છીએ ? 'માનવ–જીવન' 'માનવ–જીંદગી' ! ક્યારે ચેતીશું ? ક્યારે બચીશું આપણે આ આંધળી ગતિએ ધપી રહેલી કહેવાતી પોલી પ્રગતિની ધૂનમાંથી !

*

## શહેનશાહ બનતાં શીખો !

શહેરના એક આલિશાન બંગલાના ઝાંપામાં પગ મૂકયો, ફૂલોની સુગંધે નાકને ભરી દીધું, દૂર સુધી પથરાયેલી લીલીછમ ચાદરે આંખને પોતાની કરી લીધી અને બંગલાના ખૂણામાંથી ઉઠતા નૃત્યના રણુકારે કાનને આકર્ષી લીધા, પગલાં એ બંગલા તરફ ઉપડયાં.

બહુ જ સાત્વિકભાવથી એક સાધારણ ઉંમરે પહોંચેલા બ્હેને સત્કાર કર્યો, પ્રેમથી થાળી પિરસી જમાડ્યો, જમાડવામાં તેમને આનંદ હતો, જમવામાં પ્રેમ હતો.

જમીને ઉઠયો, બ્હેને શ્રદ્ધાથી નીંગળતે હૈયે પ્રશ્ન કર્યો; મારો એક પ્રશ્ન છે, હું ઘણા વખતથી મૂંઝાઉં છું, હું સમજુ છું છતાં થઇ શકતું નથી.

'જરૂર પૂછો, મને સમજાશે તે હું સમજાવીશ.'

'આપને ન સમજાવાતું શું હોય? મારો સ્વભાવ જરા વિચિત્ર છે.'

'દરેકના સ્વભાવમાં કાંઇક ને કાંઇક વિશેષતા તો હોય જ ને?'

'આ બંગલામાં આટ-આટલા નોકરો છે, હું તેમને કહી-કહીને થાકી જઉં છું; છતાં ભૂલ કર્યા વગર રહેતા નથી.'

'માણુસ છે ભૂલ તો થાય.'

'જુઓ,' એક ખુરશીનો હાથો બતાવીને. 'આ ઉઠતાંની સાથે જ મેં જીવાને કહ્યું હતું કે, બીજું બધું કામ પડતું મૂકીને તું આ ખુરશીઓ, કબાટ, ફૂલદાની વિગેરે સાફ કરી નાંખજે. પણ જોયું? એ ભૂલી ગયો?'

'હોય, આટલી બધી વસ્તુઓ સાફ કરી તો એકાદ વસ્તુ સાફ કરવાની ભૂલી જાય,' મેં કહ્યું.

'મારાથી એ જ સહન નથી થતું, આ ખુરશી પર સ્હેજ ધૂળ જોઇ છે ત્યારથી મારૂં દિલ બેચેન થઈ ગયું છે, આપણા આ ઘાટીઓની બેદરકારી મારાથી સહન જ નથી થતી.'

'એવું દેખાય તો જરા સાફ કરી નાંખવું, તમોને કરતાં જોશે એટલે એ જાગૃત થશે.'

'એય કરી જોયું પણ આ તો પત્થર પર પાણી, ત્રણ જણને તો આવી જ બેદરકારીને માટે બદલી નાંખ્યા. મારો એક પણ દિવસ એવો જતો નથી, કે જ્યારે આવા કારણે મને બેચેન કરી મૂકી નહી હોય? મને કોઇ આધ્યાત્મિક માર્ગ બતાવો.'

'આધ્યાત્મિક? જુઓ, તમે રાજા બનવા માગો છો અને સાચું કહું, રાજાને તો દુઃખ જ હોય!'

'રાજ શું ને પાટ શું? એ અમારા ભાગ્યમાં શાનું?'

'આરી વાત તો પૂરી સાંભળો. હું તો તમોને કહું છું કે, તમારે જો સુખી થવું હોય તો શહેનશાહ બનો!'

'એટલે?'

'જો તમારે સુખી થવું હોય તો આ બધું છોડી દો, આ ખુરશીઓ, આ કાચનાં કબાટો, આ ગાલીચાઓ એ બધું છે તો સાફ રાખવાની ચિંતા છે ને? અને આટલા બધાંની તમારે શું જરૂર છે? એને કાઢો એટલે ચિંતા અને દુઃખ આપોઆપ જતાં રહેશે, પણ એ ભપકામાં, એ શોભામાં તમે ગૌરવ માનો છો, એમાંથી પેદા થતા અહંભાવમાં તમે સુખ કલ્પી લીધું છે, અને આખરે તમે દુઃખી જ થાવ છો, જો સાચે જ સુખી થવું હોય તો બની જાવ શહેનશાહ! ચાર ફૂટની એક ચટાઇ રાખો, મિલાસો દિયા નહિં તો ખેરસલ્લા, મેં આપ વૈભવસે રાજા બનના ચાહતી હૈં! મૈ કહેતા હું, તુમ એક વાર શહેનશાહ બન જાઓ! દેખો, કયા મજા હૈ જીવનકી!'

[નવાં માનવી]

*

## આજનો દશમ ન્યાય'

સંસ્કૃતમાં દશમન્યાય, એ નામનો એક 'ન્યાય' છે, દસજણ જાત્રાએ નીકલ્યા, રસ્તે મોટી નદી આવી, તરીને સામે પાર ગયા, પછી સૌનો મત થયો, કે બધાની ગણતરી કરી લઇએ, કોઇ ડુબી તો નથી ગયુંને! એક જણે સૌને ગણી જોયા તો નવ થયા! બધા ડરી ગયા! ફરી બીજાએ ગણી જોયા તો નવના નવ. સૌના મો' લેવાઇ ગયાં. કોણ ડૂબ્યું હશે? ઘરે જઇને એનાં સગાં-વહાલાંને શો જવાબ દઈશું? રોકકળ મચી ગઈ.

ત્યાં એક વટેમાર્ગુ નીકળ્યો, એણે કારણ પૂછતાં બધાએ એને સ્થિતિ સમજાવી. એ કહે મારી સામે ફરી ગણી જુઓ, એણે જોયું કે ગણનારો પોતાને છોડીને બાકીના નવનેજ ગણતો હતો! દરેક જણ એમજ કરે, નવને ગણે ને પોતાને ન ગણે! પેલાએ ભૂલ સમજાવી. દસેદસ ગણી બતાવ્યા ને રસ્તે પાડયા.

આજે આપણા દેશમાં પણ દરેક માણસને એ દશમ ન્યાયનો બ્યાધિ લાગુ પડયો છે. દરેક જણ-કકળાટ કરે છે, કે દેશ અનીતિને માર્ગે ચડી ગયો છે. લાંચ-રૂશ્વતનો પાર નથી. રાજતંત્ર ઢીલું થઇ ગયું છે, પ્રજાસેવકો સત્તા અને ભોગલાલસાને ચાળે ચડી ગયા છે. ગામ ગોંદરે-ચૌટે-ચકલે, રેલ-બસમાં, શેરી-ગલીઓમાં સભા સંમેલનોમાં કે છાપા-વ્યાસપાઠેથી એકજ ફરિયાદ નીકળે છે, કે સૌ માર્ગ ભૂલ્યા છે. સત્તા ને સુખચેનના મોહમાં લપટાઇ પડ્યા. એમાં દરેક જણ કહે છે તો આપણે પણ 'મારા સિવાય બીજા બધા' એટલા શબ્દો એમાં અધ્યાહાર હોય છે!

# આર્યસંસ્કૃતિનો મહદ્ ઉપકાર:—શ્રી ઉજમશી જુઠાલાલ શાહ.

આત્મધર્મ પોષક વિટામીન્સ જ્યાં ભરપૂર રીતે ખડકાયાં પડ્યાં છે, અને જેના પાનથી ઝેર પણ અમૃત બની જાય છે, તે આર્યસંસ્કૃતિને અમારા કોટીશઃ વંદન હો.

અમોલાં જે જે તત્ત્વોની અસર તળે મનુજ પ્રગતિ સાધે છે, આગળ વધે છે અને અંતે જે અખંડ શાંતિ અનુભવે છે, તે તે સઘળાં તત્ત્વોને તે આર્યસંસ્કૃતિએ પોતાનામાં સમાવી લીધાં છે.

સૂક્ષ્મ દૃષ્ટિ ધરી સુવિવેકપૂર્વક, આર્ય જીવનનો આપણે અભ્યાસ કરીએ તો આપણને જણાય કે, તે સંસ્કૃતિએ સાધ્યના સાધનરૂપ સાધનધર્મને યુક્તિ–પૂર્વક આબેહુબ રીતે આર્યજીવનમાં ગૂંથી લીધો છે.

આર્યજીવનની ગૂંથણી એવી સુંદર અને અનુપમ છે કે, આર્ય ખાય, પીએ, રાચે, રમે તોયે તેનું પુણ્ય ખૂટે નહિ, જો કોઇ વ્યક્તિ સુવિવેકપૂર્વક તે સંસ્કૃતિની ઉપાસના કરે તો તેનું દારિદ્ર મટી જાય અને ભવ પણ તે તરી જાય.

પણ આપણા કમભાગ્યે આજે આપણે સમાન-હક્ક, સમાનતક આદિની ખોટી હુંસાતુંસીમાં તે સંસ્કૃતિની ખરી ઉપાસના ચૂકી ગયા છીએ અને અજ્ઞાનતાને કારણે તે સંસ્કૃતિ પ્રત્યેની ભક્તિને આપણે વિભક્તિમાં ફેરવી નાખી છે. જો કે, હજુ આપણું [આર્યદેશનું] કંઇક સદ્ભાગ્ય છે કે, ત્યાગ અને સંયમના ભાવ પ્રત્યે આપણી અભિરુચિ છે.

ત્યાગ અને સંયમના શબ્દો આપણને રુચે છે, એજ સૂચવે છે કે, ત્યાગ અને સંયમ પ્રત્યે આપણો સદ્ભાવ છે, માટે જ, ત્યાગ અને સંયમનું સાચું સ્વરૂપ સમજવા આપણે પ્રમાદ કે દુરાગ્રહ સેવવો ન જોઇએ. ત્યાગ અને સંયમમાં કઠિનતાની કલ્પનાને દૂર હઠાવવી જોઇએ. જો કે, ત્યાગ અને સંયમના સાચા સ્વરૂપની ઓળખથી પોતાના ખરાં કર્તવ્યનું ભાન આત્માને સહજ થાય છે, તે સમજણ થતાં બોજ કે કષ્ટ જેવી અસર ત્યાં નીપજતી નથી.

ત્યાગ અને સંયમનું ખરૂં મહત્વ સમજ્યા પછી કામભોગના છંદ વ્યક્તિને ફંદ લાગે, શ્રી ભાગવતી દીક્ષા પ્રત્યે અભિરુચિ જાગે અને મનુજોના જીવન-વિકાસનો ઉચ્ચતમ રાહ શ્રી ભાગવતી બાલદીક્ષા છે તેવું ખરૂં ભાન થાય.

ત્યાગ અને સંયમનું મહત્વ યથાર્થ રીતે સમજવા છતાં ઉદય ન હોય તો કેટલાયે શ્રી ભાગવતી દીક્ષા ગ્રહી ન શકે કે આજીવન અખંડ બ્રહ્મચર્ય પણ પાળી ન શકે તેવું બને, તેઓ માટે આર્યસંસ્કૃતિમાં આર્યલગ્નનું પણ વિધાન છે, જે વાસ્તવિક આદર્શ ગૃહસ્થજીવન છે.

તેઓનો મનુષ્યજન્મ તદ્દન નિષ્ફળ જતો અટકે તે માટે તે આર્યસંસ્કૃતિએ આર્યલગ્નની પણ યોજના એવી સુંદર ઘડી છે, કે સ્વાભાવિક રીતે જ તેઓ શીલધર્મમાં સ્થિર રહે અને કંઇક પામી ઉર્ધ્વગામી બને.

વિશ્વની વિજાતીય સર્વે વ્યક્તિઓથી પર થઇ, પ્રતિજ્ઞાપૂર્વક વફાદારીભરી રીતે આજીવન એકથી જ સંતોષ ધરવો તે પણ એક પ્રકારનો શીલધર્મ છે, તે શીલધર્મના પાલનમાં પણ મનુષ્ય વ્યવહારમાં જીવનની કંઇક સાર્થકતા છે અને તેથી જ વ્યવહારમાં આર્યલગ્ન તે પણ એક શુભપ્રસંગ મનાય છે.

આર્યસંતાનો આર્યલગ્ન કરે છે ત્યારે નાણાં ન હોય તો દેવું કરીને પણ મા–બાપ કે વડિલો તે પુત્ર, પુત્રી, ભાઇ કે બ્હેનના આર્યલગ્નનો પ્રસંગ ઉમ-ળકાભેર ભવ્ય રીતે તેઓ ઉજવે છે, તેની પાછળ

---

ખૂબી તો એ છે, કે આ વાત કરનારો હરેક માણસ ન્યાયનો બંધે છે, દરેકને પક્ષપાતની સૂગ છે પ્રત્યેક જણ અન્યાયનો શત્રુ છે! પણ દેશ આખામાં એકે એક જણ જો આટલો ન્યાયપ્રિય ને સદાચારી છે તો પછી આટલી અનીતિ ને અંધાધૂંધી આવ્યા કયાંથી? અને બીજી ખૂબી એ છે કે, અન્યાય–અના-ચારનો વિરોધ દરેક જણ કરે છે, પણ એનું નિવા-રણ કરવાની જવાબદારી પોતાની નથી, બીજાની છે, એમ જ દરેક જણ સમજે છે ને પોતાને હમેશાં એમાંથી બાકાત રાખે છે.

આનું જ નામ દશમ ન્યાય છે, આજે આ બિમારી આખા દેશમાં ફેલાઇ ગઇ છે, બીજાના ગુ-નાઓ માટે બળતરા કરતો દરેક જણ જો પોતાનાથી સુધારાની મક્કમ શરૂઆત કરે તો જ આનો અંત આવે, આ આજની કમનશીબીને ટાળવાનો અત્યંત ધીમો પણ રામબાણ ઉપાય છે.

[ 'સર્વોદય' પરથી ]

જે મૂળ ભાવ છૂપાએલો છે, તે ઉપરોક્ત પ્રભાવક શીલધર્મ પ્રત્યેની પવિત્ર તારક ભાવના છે.

આર્યલગ્ન તે પણ એક પ્રકારનું શીલવ્રત છે અને તેના પાલનમાં પણ અંશતઃ ધર્મ છે, તે ખ્યાલ આર્યપ્રજામાંથી ભૂંસાઇ ગયો છે, એટલે જ આજે છૂટાછેડા, વિધવાવિવાહ, પુનર્લગ્ન આદિમાં પણ સમાજને દુરાચારની દુર્ગંધ આવતી નથી કે પ્રતિજ્ઞાભંગનું અને વિશ્વાસઘાતનું ઘોર પાપ તેને પાપ રૂપે ભાસતું નથી. મા-બાપ, વડિલ કે પ્રજાના નેતૃત્વનો દાવો કરતી વ્યક્તિઓથી એ પવિત્ર વ્રતનું મહત્ત્વ આજે સમજાતું નથી તે આર્યલગ્નની ભાવનાથી વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની શાંતિ, સલામતી અને આબાદી કેટલી બધી સુરક્ષિત છે, તેનો પણ આપણને વિવેકભર્યો વિચાર જ નથી.

રાષ્ટ્ર ઉન્નતિની હંમેશા બાંગો પોકારનાર તે રાજકર્તાઓ તે વફાદારીના કરારનો ભંગ અને વિશ્વાસઘાત તેને પણ ગુનો સમજતા નથી, રાષ્ટ્રના બંધારણમાં વિશ્વાસઘાત તે શું ગુનો નહિ હોય?

પરસ્ત્રી કે પરપુરૂષ ભણી ચિત્તને ભટકવા દેવું તે પણ જો નૈતિકગુનો છે, તો અવરની સાથે લગ્ન કરવું એ કેવો મોટો ગુનો મનાય? પણ તેનો આજે વિચાર જ આવતો નથી.

છૂટાછેડા આદિના કાયદાઓ ઘડી, આડકતરી રીતે રાજ્ય પોતે જ વિશ્વાસઘાત અને દુરાચારને શું પ્રોત્સાહન નથી આપતું? આપણે સમજીએ છીએ કે, પ્રજામાં બહુધા નાતરૂં થાય છે, પણ તેથી કાંઇ તેને કાયદાનું સ્વરૂપ અપાય? આખો સમાજ જૂઠું બોલે એથી શું જૂઠું બોલવાનો દુરાચારી-પાપી કાયદો ઘડાય ખરો કે? ન્યાય અને નીતિ વિરૂદ્ધ કાયદો ઘડવાનો રાજ્ય કે અન્ય કોઇ સત્તાધીશને કોઇ પણ હક્ક જ નથી.

"પુરૂષોએ પણ કદી કોઈ પણ સંજોગોમાં બીજા લગ્ન કરવાં ન જોઇએ, પણ સંયમ પાળવો જોઇએ." તે પ્રકારે પ્રજાનું માનસ ઉપદેશથી યોગ્ય માર્ગે ઘડવાને બદલે છૂટાછેડા આદિ કાયદાઓ ઘડી, આડકતરી રીતે પ્રજાને નીચે પટકી, રાજ્ય પોતાનો રાજધર્મ ચૂકે છે અને પ્રજાનો દ્રોહ કરે છે.

આર્યલગ્નમાં, શીલધર્મની જે મૂળ પવિત્ર ભાવના પડી છે, તેનું ખરૂં મૂલ્ય અંકાયતો, વ્યક્તિનું કૌમાર્ય જીવન અને પરણેત જીવન કેટલું બધું પવિત્ર જોઇએ, તેનું સમાજને યથાર્થ ભાન થાય.

વિજાતીય કોઇ પણ વ્યક્તિના સંગથી કૌમાર્ય ખંડન કરી દોષિત થયેલી વ્યક્તિઓ, આર્યલગ્નને લાયક રહેતી નથી, તેઓના લગ્ન તે આર્યલગ્ન નથી પણ એક પ્રકારનું નાતરુ છે. નાતરાંની ઉજવણીમાં શોભા પણ શું!

એટલે કે, કૌમાર્યવ્રત જેણે પાળ્યું હોય તેનેજ તે આર્યલગ્નવ્રત લેવાનો ખરો અધિકાર છે, અને તેનાંજ લગ્ન, શુભલગ્ન મનાય. વળી ખરી રીતે તો માત્ર તેઓનાજ લગ્નની કંકોત્રીઓમાં 'શુભલગ્ન' શબ્દ ભવ્ય રીતે અલેખાય.

માટેજ, કૌમાર્યવ્રત કે આર્યલગ્નનું જ્યાં જ્યાં જે જે કારણે ખંડિત થવાની શકયતાઓ ખડી હોય, કે શીલ ખંડિત થવાની જ્યાં જ્યાં શકયતાઓ શાસ્ત્રે વર્ણવી હોય, તે તે કારણોથી આર્યસંસ્કૃતિના ઉપાસકોએ અવશ્ય દૂર રહેવું અને સુવિવેકપૂર્વક વિજાતીય મર્યાદાઓ પાળવી.

શીલને ભૂલી કોઇ સમાજ આગળ વધવાની મહત્વાકાંક્ષા સેવતો હશે તો તે હવામાં બાચકા ભરવા જેવું છે, શીલને છાંડી જનતા સુખ ખોળશે તો રેતને પીલી તેલ કાઢવા જેવું મૂર્ખાઇભર્યું તે કષ્ટ હશે.

ભૌતિક પ્રલોભનોથી ઉભી થતી માનસિક વ્યથા અને વિટંબણાઓથી મૂંઝાઇ આપણે દુરાચાર ભણી વળીશું તો આપણી ખરી પ્રગતિ કદી શકય જ નથી, પ્રજાના જીવનમાં સાચી પ્રગતિ જો અંકિત ન હોય તો રાષ્ટ્રની પ્રગતિ કઇ રીતે શકય છે?

ધર્મ અને રાજ્ય સંકલિત છે, ધર્મથી રાજ્યની જુદાઇ તે સુરાજ્ય નથી, ધર્મ એ જીવનનો પરમઆદર્શ-પરમશાંતિ અને પરમમુક્તિ પ્રાપ્ત કરવાનું સાધન છે.

પરમ શાંતિ-મુક્તિની પ્રાપ્તિ સાચા ત્યાગ અને સંયમ વિના કદી શકય નથી, માટેજ, આર્ય સંસ્કૃતિએ દાન, શીલ, તપ આદિની ઉચ્ચતમ ધર્મભાવના આર્યજીવનમાં પરોક્ષપણે ગૂંથી આજના ખરાબમાં ખરાબ ટાણે પણ તે આર્યસંસ્કૃતિની છાયા આપણને કંઇક શીતલતા આપે છે. ખરેખર! તે આર્યસંસ્કૃતિનો સારાએ વિશ્વપર અનહદ ઉપકાર છે, તે સંસ્કૃતિનાં આપણે જેટલાં ગુણગાન ગાઇએ તેટલા ઓછાં છે.

પ્રભો! તે આર્યસંસ્કૃતિને યથાર્થ રીતે સમજવા અને સુવિવેકપૂર્વક અનુસરવા અમોને બળ આપો.

# મુક્તિનો રાહ........શ્રી મફતલાલ સંઘવી

સુદેવ, સુગુરુ અને સદ્ધર્મ ઉપર મન–વચન–કાયાથી સંપૂર્ણ પ્રકારની શ્રદ્ધા બતાવવી. તે બદલ બીજે ક્યાંય મન ન દોડાવવું. સમ્યગ્-દર્શન, જ્ઞાન અને ચારિત્રનું પાલન કરવું. સમ્યગ્દર્શન એટલે શ્રી. વીતરાગ અને સર્વજ્ઞ ભગવંતોના વચનો ઉપરની અવિચળ શ્રદ્ધા, એ શ્રદ્ધાથી વિહીન આત્મા ગમે તેટલું ઉચ્ચ જ્ઞાન ધરાવતો હોય તેમજ નિરતિચાર ચારિત્ર પાળતો હોય છતાં પણ ભવબંધનની વજ્રશૃંખલાને તે ન તોડી શકે. સમ્યગ્જ્ઞાન એટલે શ્રી જિનાગમોનું નિત્ય શ્રવણ કરવું. પુસ્તકો વાંચવાથી કે આધુનિક શિક્ષણથી કે જેના તેના મુખેથી ધર્મવિષયક વક્તવ્યોનાં શ્રવણથી ધર્મ ઉપરની સાચી શ્રદ્ધા વધે એમ માનવું તે મિથ્યા છે, કારણ કે જૈનદર્શને સમજાવેલું છે તે, જૈનધર્મનો રાગીજ સમજી અને સમજાવી શકે તેમ છે. સમ્યક્ચારિત્ર એટલે દર્શન અને જ્ઞાનના જીવનમાં ઉતરેલા સત્યોની આજ્ઞા પ્રમાણે આત્માની અનંત શક્તિને ખીલવવી.

મમત્વથી વેગળા રહેવું. ગજા ઉપરાંતના બોજા સાથે ચાલતા જેમ હાંફ ચઢે છે ને થાકી જવાય છે, તેજ રીતે મમત્વના સૂક્ષ્મ બોજાથી આત્માની સાહજિક શક્તિઓ પ્રગટી શકતી નથી અને અંદરને અંદર ગૂંગળાય છે.

પંચ મહાવ્રતોનું યથાશક્તિ પાલન કરવું, તેનાથી મનનો મેલ દૂર થઇ સારા વિચારનો પવન વા'વા માંડે અને આત્માની જ્યોતિ પ્રગટવા માંડે.

વિનય જાળવવો, નાના–મોટા કે સમવયસ્કો તરફ આવશ્યક આદરથી વર્તવાથી સંસારમાં પ્રતિષ્ઠા જામે છે અને આંતરિક એકતાની ખીલવણી થાય છે.

અતિથિસત્કાર કરવો, તેનાથી સ્નેહની પુષ્ટિ થાય, માનવસ્વભાવનો ઉંડો અભ્યાસ થાય, સ્વામીભાઇઓની સાચી સ્થિતિનું દર્શન થાય અને ભારતીય સંસ્કૃતિના કાળજુના સિદ્ધાંતનું ગૌરવ જળવાય, ભારતમાં ફેલાએલા કન્ટ્રોલના પવને અતિથિસત્કારના સિદ્ધાંતને મોટો ધોકો પહોંચાડયો છે, તેમ છતાં આત્માવડે આત્માને ઓળખતા આત્મપ્રેમીઓ થોડામાંથી થોડું કરીને પણ તે ભાવનાને ટકાવી રાખવા સત્પ્રયાસ કરી રહ્યા છે, તે સદ્ભાગ્યની નિશાની છે.

અઠ્ઠાઇ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય, પૂજા, પ્રભાવના, સંઘ, પ્રતિષ્ઠા મહોત્સવ, ઉજમણાં વિગેરે વિશ્વકલ્યાણકર તેમજ આત્મકલ્યાણકર સાત્વિક પ્રવૃત્તિઓ પાછળ સંપાદિત લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઇએ. આજના સુધારકોએ ઉક્ત શુભ પ્રવૃત્તિઓ સામે મનગમતી વાતો ફેલાવી છે. "આપણે જમણ કરીએ અને બીજા ભૂખે મરે? સંઘ કાઢવા કરતાં પુસ્તકાલય કે નિશાળનો પાયો નાંખવો શો ખોટો?" પરંતુ જૈનદર્શને સમજાવેલી ધાર્મિક ક્રિયાઓ પાછળ જે સિદ્ધાંતો અને ઉદ્દેશો કામ કરી રહ્યા છે તેની તુલનામાં સુધારકોની તમામ વાતો નકામી અને અર્થશૂન્ય જ ગણાય.

દાખલા તરીકે સ્વામીવાત્સલ્ય કે સંઘ પાછળ ખર્ચાતા પૈસામાં પહેલો ઉદ્દેશ માનવીની લક્ષ્મીની મૂર્ચ્છા ઘટાડવાનો છે, લક્ષ્મીની મૂર્ચ્છા ઘટે એટલે માનવીની ધર્મભાવના દઢ થાય, ધર્મભાવના દઢ થાય એટલે તે અધર્મના માર્ગે જતાં અચકાય અને દિનપ્રતિદિન ધર્મમય જીવનમાં આગળ વધતો જાય.

ઉપરાંતમાં વિશ્વની સાથે સંકળાએલા સૂક્ષ્મ ઉદ્દેશો પણ છે, શ્રી સંઘ યાત્રાર્થે નીકળે એટલે તેમાં સહેજે પાંચસો–સાતસો યાત્રાળુઓ

હોય, સાથે પૂ. સાધુ–સાધ્વીજીઓ હોય, દહેરાસર હોય, મૂળ ગામથી યાત્રાધામ વચ્ચે જેટલું અંતર હોય તેટલા અંતરમાં શ્રી સંઘનું પવિત્ર જીવંત બળ સૂક્ષ્મ પાવિત્ર્ય પ્રસરાવે, તેનાં રજકણો વિશ્વભરમાં ફેલાઈ જઈ શકે અને પ્રાણીમાત્રને કલ્યાણની સાચી દિશાનું ભાન કરાવે.

આમ જૈનદર્શનની પ્રત્યેક ધાર્મિક ક્રિયાની પાછળ સ્થુલ અને સૂક્ષ્મ ઉભય ઉદ્દેશો તરી રહ્યા છે ને તેથી જ તે જગતના જીવોને તારવામાં જહાજ સમાન લેખાય છે.

આત્માને વિવિધ પ્રકારના સાંસારિક વિષયોના જન્મોજન્મના લાગેલા સારા–નરસા કર્મદળોથી મુક્ત કરવો તેનું જ નામ મુક્તિ, મુક્તિનો મંગલ રાહ માનવીને અવશ્યમેવ તારે.

વર્તમાન સંસારમાં વધતા જતા હિંસા, અસત્ય, અશાંતિ અને અનાચારના પ્રસંગોને ઓછા કરવા માટે જૈનદર્શને પ્રરૂપેલા 'કષાય મુક્તિ એ જ સાચી મુક્તિ છે' ના સિદ્ધાંતનો ખાસ અમલ કરવાની આવશ્યકતા છે, તે સિવાય વાતાવરણમાં નિર્મળતા પ્રગટી શકે તેમ નથી.

અનંત જન્મોના પુણ્યોદયે પ્રાપ્ત થએલા મહામૂલ્ય માનવજીવનને કેવળ સાંસારિક સુખભોગ મેળવવા પાછળજ ખર્ચી નાંખી, તેનો જે હેતુપૂર્વક ઉપયોગ થવો ઘટે તે હેતુને સાવ ભૂલી જઈ દુઃખનાં ગાણું ગાવાં તેનો અર્થ શો?

હે મહાનુભાવો ! જાગો અને નિહાળો અંતરની આરસીમાં, ત્યાં લાગેલા મેલને સાફ કરવા માટે મન, વચન, કાયાપૂર્વક જૈનદર્શને પ્રરૂપેલા સિદ્ધાન્તોનો અમલ કરો અને મળેલા માનવજીવન વડે મુકિતના માર્ગે આગળ વધો!

મુકિતનીજ જો સાચી ઝંખના લાગી હોય તો સંસારની સેવના ઘટાડી દો. જે જેટલા ઓછા પ્રમાણમાં સેવશે સંસાર, તે તેટલો વહેલો પામશે મુકિતનો મંગલ રાહ.

પરંતુ મુક્તિની ઝંખના હોવા છતાં જે સંસાર અને સ્થુલ ભોગોપભોગ પ્રત્યેની નિજ આસક્તિ નહિ ઘટાડી શકે તે મુક્તિના માર્ગે એક ડગલું પણ આગળ ન વધતાં પાછોજ પડશે.

વિવિધ તાપે તપતા જીવનનું સાચું શરણું છે ધર્મ, તે ધર્મની આરાધનાજ જીવનને મુક્તિ અપાવશે ત્રિવિધ તાપથી.

આવો ધર્મબંધુઓ ! શ્રી મહાવીર શાસનની અમૃત ઝરતી નિશ્રામાં માણવા મહોત્સવ મુક્તિનો ! આવો ભલે, પણ તે એક શરતે–નશ્વર છે જે બધું તે તે ત્યાગવાની !

સ્થુલ પદાર્થોની આસક્તિમાં જકડાએલા માટે મુક્તિનાં દ્વાર સદાકાળને માટે બંધ જ રહે છે, તે કોઈ ન ભૂલે !


તદ્દન નવા રાગમાંઃ સં. ૨૦૦૮ની
નવી આવૃત્તિઃ

**નૂતન સ્તવનાવલિ**

૩૨ પેજઃ મૂલ્યઃ ૦–૩–૯ પોષ્ટેજ સહિતઃ
સોમચંદ ડી. શાહ પાલીતાણા. [સૌરાષ્ટ્ર

# દાનવીર જગડુશાહ............શ્રી ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર

[જૈન શૂરવીરો, દાનવીરો અને ત્યાગવીરોની યશગાથા ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલી છે. દુષ્કાળ પીડીત પ્રજાને લાખો મણ અનાજ આપનાર દાનવીર **જગડુશાહ**ની ગૌરવગાથાને સંવાદરૂપે ગૂંથવા જૈનસાહિત્યપ્રેમી ભાઇશ્રી ફુલચંદ હરિચંદ દોશીએ સફળ પ્રયત્ન કર્યો છે. આજે આવા પ્રસંગો પ્રેરણાદાયક થઇ પડશે. ]

## પ્રવેશ ૧ :

**સ્થળ**–પીઠદેવનો દરબાર.

**પાત્રો**–પીઠદેવ, મંત્રી, હજુરીઓ.

**પીઠદેવ**–ઓહ ! આ અજેય કિલ્લો કેવો મજબૂત, કેવો દુર્ગમ. કહે છે કે, ચાલુક્ય વંશના ભૂષણરૂપ મહારાજા ભીમદેવે તે બનાવરાવ્યો છે, પણ ભલભલા રાજા–રાણાની નજરમાં ખટકી રહ્યો છે, અને પીઠદેવની વીરતા એ ગઢને તોડી પાડશે, જમીનદોસ્ત કરશે ત્યારેજ તે જંપીને બેસશે.—સિપાહી ?

**સિપાહી**–જી હજુર.

**પીઠદેવ**–મંત્રીજીને સત્વર બોલાવ.

**સિપાહી**–જી હજુર.

**મંત્રી**–ઘણી ખમ્મા અન્નદાતા ! કેમ મારા નાથ, મારા મહારાજા ઉદાસ કેમ ? શો હુકમ છે આ સેવકને ?

**પીઠદેવ**–મંત્રીજી ! જ્યારથી ભદ્રેશ્વરનો પેલો અજેય કિલ્લો જોયો છે, ત્યારથી તેને જમીનદોસ્ત કરવાનો મેં નિર્ણય કર્યો છે.

**મંત્રી**–અન્નદાતા ! એ કિલ્લો તો ભદ્રેશ્વરની શોભા છે, તે અજેય ગણાય છે.

**પીઠદેવ**–મારી પ્રતિષ્ઠા અને મારી વીરતા પણ અજેય છે. મારે તે કિલ્લાનો નાશ જોવો છે, તે મારી આંખમાં ખટકી રહ્યો છે.

**મંત્રી**–આપ ધારો છો તેવું તે કામ સહેલું નથી.

**પીઠદેવ**–અરે ! મારા બાહુ, મારી તલવાર, મારી સૈના, મારા સૈનિકો તેને જમીનદોસ્ત કરવા સમર્થ નથી શું ?

**મંત્રી**–અન્નદાતા ! જ્યાં સુધી ભદ્રેશ્વરમાં સ્વાભિમાની, ન્યાયી, ઉદાર અને બહાદુર જગડુશાહ વસે છે, ત્યાં સુધી તો કિલ્લાની એક કાંકરી પણ ખેરવી શકાય તેમ નથી.

**પીઠદેવ**–શું કહો છો ? મંત્રીજી, શું એક વાણીયો અને તે પણ કીડી–મંકોડીની રક્ષા કરનારો એટલો બહાદુર છે, અરે તેની શું તાકાત છે ?

**મંત્રી**–મહારાજા, તે વાણીયો છે પણ શૂરવીર છે. ચારે બાજુએ તેની હાક વાગે છે, ભલભલા રાજા–મહારાજાઓ કિલ્લો તોડવા મથ્યા પણ કોઇ એક કાંકરી પણ ખેરવી શક્યું નથી, તેની બહાદુરીનો ને તેની ઉદારતાનો જોટો નથી, તેની પ્રતિભા અલૌકિક છે.

**પીઠદેવ**–તે ગમે તેમ હોય, મારે તો તે કિલ્લો તોડી પાડવો છે. ત્યાં સુધી મને જંપ નથી, તમે કોઇ પણ ઉપાય શોધી કાઢો.

**મંત્રી**–(વિચારીને) અન્નદાતા ! તે માટે એક જ ઉપાય છે.

**પીઠદેવ**–બોલો ! બોલો ! શો ઉપાય છે ?

**મંત્રી**–મહારાજા, આપણે ભદ્રેશ્વર આપણા ખાસ માણુસો રાખીએ, જે વખતે જગડૂશાહ બહારગામ હોય ત્યારે છુપી રીતે આપણે હલ્લો કરીએ અને પછી તો આપણી સેના આપ ધારો, તે કરી શકશે.

**પીઠદેવ**–શાબાશ ! મંત્રી, તમે રસ્તો તો સારો શોધી કાઢયો, તમો આજેજ ખાસ માણુસો રવાના કરો, ચાંપતી નજર રાખે–જે સમયે જગડુશાહ બહાર જાય ત્યારે આપણે રાતોરાત હલ્લો લઇ જવો અને કિલ્લો તોડી પાડવો–મારે એ કિલ્લો ન જોઇએ-ન જોઇએ. ભલે રાજા–મહારાજા ન તોડી શક્યા, ભલે જગડૂશાહ બહાદૂર હોય મારે તો તેને જમીનદોસ્ત કરવો છે. મારી આંખનું કણું દૂર કરવું છે. મારી વીરતા અને પ્રતિષ્ઠાની સામે કોની તાકાત છે કે ટકી શકે.

*

## પ્રવેશ ૨ :

[ પડદા પાછળથી પોકારો. ]

તૂટી પડયો...તૂટી પડયો.

ભદ્રેશ્વરનો પ્રાણુસમો કિલ્લો પીઠદેવે તોડી પાડ્યો.

**જગડુશાહ**–આ હું શું સાંભળું છું ?–અજેય અને દુર્ગમ એવો કિલ્લો દુષ્ટોએ તોડી પાડયો. મહારાજા ભીમદેવનું જીવંત સ્મારક, કચ્છની પ્રતિષ્ઠા અને ભદ્રેશ્વરની શોભા અને પ્રજાનું ગૌરવ, શું આ રીતે નષ્ટ થયું ?

કોણુ છે એ દુષ્ટ પીઠદેવ ? મારી પીઠ પાછળ તેણે જે કારમો ઘા કર્યો છે, તે જખ્મ શે રૂઝાય ?

હું એ કિલ્લો ફરી બાંધીશ મારા ભીમદેવને ફરી જીવંત બનાવીશ, તે માટે લાખો ખર્ચીશ. મારા સર્વસ્વનું બલીદાન આપીશ, એ કિલ્લો ફરી ઉભો ન થાય ત્યાંસુધી હું મીઠાઇનો ત્યાગ કરીશ, હું તે ઉભો ન કરી શકું તો મારી કચ્છની ભોમકા લાજે, મારી માજનેતા લાજે.

મુનિમજી ?

**મુનિમજી**–જી !

**જગડુશાહ**–મુનિમજી કિલ્લો ફરી થવોજ જોઇએ તે માટે કારીગરો બોલાવો અને સત્વર કામ શરૂ કરો.

**મુનિમજી**–શેઠજી ! આવો મજબુત કિલ્લો તૈયાર તો થશે પણુ ખર્ચ ઘણો થશે.

**જગડુશાહ**–ખર્ચની પરવા નથી, બનતી ત્વરાએ કિલ્લો શરૂ કરો, કિલ્લો પહેલાં કરતાં પણુ મજબૂત તૈયાર થવો જોઇએ, સારૂં મુહૂર્ત જોઇ કામની શરૂઆત કરો.

ભદ્રેશ્વરમાં 'યાવતચંદ્ર દીવાકરો' આ કિલ્લો અજેય બની રહે.

[ પડદો પડે છે. ]

**સિપાઇ**–શેઠજી ! પીઠદેવનો દુત આવ્યો છે, આપને મળવા માગે છે.

**જગડુશાહ**–કોણુ પીઠદેવનો દુત ? આવવા ધો.

( નમસ્કાર કરીને સંદેશાનો કાગળ આપે છે. )

જગડુશાહ પત્ર વાંચે છે.

**જગડુશાહ** ! મેં સાંભળ્યું છે કે, તમે પીઠદેવે તોડી પાડેલ કિલ્લાને ફરી કરાવો છો, પણુ તે કિલ્લો કરવાની તમારી કલ્પના આકાશકુસુમવત છે, તમે વણિક છો, તમારામાં વેપાર સિવાયની આવડત ન હોય માટે વેપાર કર્યા કરો. કિલ્લો દુરસ્ત કરવાની ભાંજગડમાં ન પડતા, રાજકરણુમાં પડશો તો વેપાર ગુમાવી બેસશો, બળીયા સાથે બાથ ન ભીડો. અમારી કીર્તિ, અમારી સત્તા અને અમારૂં બાહુબળ તમે જાણુતા નથી, જેનામાં ગધેડાના માથામાં શિંગડાં ઉગાડવાની તાકાત હોય તેણે જ એ કિલ્લો કરાવવાની હિંમત કરવી. —**પીઠદેવ**

**જગડુશાહ**–ઓહ ! આટલો બધો અહંકાર, આ મદાંધતા, આવી શેખાઇ, દુત ! તારા રાજાને તું કહેજે કે, તમારા સંદેશા પ્રમાણે જગડુશાહ ગધેડાના માથા પર શિંગડા ઉગાડશે, એટલું જ નહિ પણુ તે જોવા માટે તમને ખાસ આમંત્રણુ મોકલશે, જો તમે રાજીખુશીથી આવીને તે જોઇ જશો તો ભલે, નહિ તો તમને બળજબરીથી લાવીને બતાવશે.

**દુત**–શેઠ ! આપ લક્ષ્મીવાન છો, લક્ષ્મીથી શૌર્ય દબાઇ જતું નથી એ આપ ન ભૂલશો. અમારા રાજા પીઠદેવ મહાપ્રબળ છે. આપ તેમના શૌર્યથી અંધારામાં ન રહી જાવ, એટલા માટેજ તેમણે આ સંદેશો પાઠવ્યો છે.

**જગડુશાહ**–દુત. તારા રાજા પીઠદેવનું શૌર્ય હું કયાં નથી જાણુતો ? મારી ગેરહાજરીમાં કાળી રાતે કિલ્લો તોડયો એમાં શી બહાદુરી કરી ? મારી હાજરીમાં કિલ્લો તોડવા હિંમત કરી હોત તો હું તારા રાજા પીઠદેવને શૌર્યવાન માનત, તારા રાજાને ફરીવાર કહેજે કે, ગધેડાના માથામાં શિંગડા ઉગાડવા માટે જગડુશાહ શક્તિશાળી છે.

**દુત**–શેઠ, મહારાજા પીઠદેવ સાથે વેર બાંધવું યોગ્ય નથી.

**જગડુશાહ**–દુત ! તું દુત છે, તારે ફક્ત સંદેશો પહોંચાડવાનો છે, શિખામણુ નહિ. વધારે બોલવું દુતને શોભે નહિ, મારો જવાબ તારા ગર્વિષ્ઠ રાજાને પહોંચાડજે અને કહેજે કે, અભિમાન જગતમાં કોઇનું રહ્યું નથી, અને રહેવાનું નથા, અને રહેશે નહિ, રાવણુ જેવા અભિમાનીનો નાશ થયો તો તારા પીઠદેવને શું ગજું ?

( દુત ચાલ્યો જાય છે. )

**જગડુશાહ**–મુનિમજી! મારે મારું વચન પાળવાનું છે, મારી કીર્તિને કલંક લાગે તો મારી મા–જનેતા લાજે, તમે કિલ્લો તૈયાર કરાવો, મૂલ્યવાન ઝવેરાતનો એક થાળ તૈયાર કરાવો.

**મુનિમજી**–કિલ્લા માટે આપ ચિંતા ન કરશો, હું જાતેજ તે માટે કાળજી રાખીશ, હું મારા દેહના પતન પહેલા કિલ્લાનું પતન નહિ થવા દઉં.

**જગડુશાહ**–પણ જુઓ, આપણા નકશા પ્રમાણે કિલ્લાને દરવાજે જમણી બાજુ પીઠદેવને ગધેડાના રૂપમાં મૂકવાનો ને તેને બે શિંગડા રાખવાં, આ ન ભૂલાય ! મારે એ પીઠદેવનું પાણી ઉતારવું છે.

**મુનિમજી**–શેઠજી ! આપની સૂચના પ્રમાણે જ થશે, થાળ તૈયાર કરાવું છું.

**જગડુશાહ**–ને મારો અશ્વ તૈયાર કરાવો, રણુધીરને સમાચાર આપો, કે અર્ધઘટીકામાં મારે અણહિલપુર પાટણ માટે નીકળવું છે, પ્રવાસની યોગ્ય વ્યવસ્થા કરે.

**મુનિમજી**–જેવી આજ્ઞા.

### પ્રવેશ ૩ :

( સ્થળ:–લવણપ્રસાદનો મહેલ, ધોળકા. )

**અનુચર**–(લવણપ્રસાદને) મહારાજા, ભદ્રેશ્વરથી શેઠ જગડુશાહ પધાર્યા છે, અને આપની મુલાકાત માંગે છે.

**લવણપ્રસાદ**–( સામા આવીને ભેટી પડયા ) આજે સમાચાર આપ્યા વિના અણધાર્યા આવવાનું પ્રયોજન શું જગડુશાહ ?

**જગડુશાહ**–ખાસ કારણ માટે આવવું પડયું છે, મહારાજા !

**લવણપ્રસાદ**–એ સિવાય તમો અણધાર્યા ન જ આવો, એ હું સારી રીતે જાણું છું.

**જગડુશાહ**–પારદેશના રાજા પીઠદેવે આપની સામે માથું ઉંચકયું છે.

**લવણપ્રસાદ**–તેણે ભદ્રેશ્વરનો કિલ્લો તોડી પાડયો તે વિષે કહો છો ?

**જગડુશાહ**–(નમ્રતાથી) હા મહારાજા, તે સમાચાર આપને મળ્યા હશે.

**લવણપ્રસાદ**–મારા ગુપ્તચરો તેવી બાબતો ઉપર વિશેષ લક્ષ આપે છે, પીઠદેવ જ્યારે કિલ્લો તોડી રહ્યા હતા, ત્યારે તમારા રક્ષકોએ ઓછું શૌર્ય બતાવ્યું નથી, પણ તે ગણ્યાં–ગાંઠયાં માણસો પીઠદેવના અસંખ્ય સૈનિકો સામે કયાંસુધી ટકી શકે ?

**જગડુશાહ**–આ સમાચાર આપને કોણે આપ્યા ?

**લવણપ્રસાદ**–મારા બે ગુપ્તચરો તે સમયે ત્યાં હતા.

**જગડુશાહ**–હવે આપે શો વિચાર રાખ્યો છે ?

**લવણપ્રસાદ**–કાંઇ પણ ઉપાયે હું બદલો લેવા માંગું છું.

**જગડુશાહ**–કેવી રીતે બદલો લેવા માંગો છો ?

**લવણપ્રસાદ**–તે જ વિચારી રહ્યો છું.

**જગડુશાહ**–આપ યુદ્ધ કરવા ઇચ્છો છો ?

**લવણપ્રસાદ**–તે સિવાય બીજો રસ્તો નથી.

**જગડુશાહ**–તે જ હું શકય કરી બતાવવા માંગું છું.

**લવણપ્રસાદ**–શી રીતે ?

**જગડુશાહ**–હું તે કોટ ફરીથી બંધાવવા માંગું છું, એટલું જ નહિ પણ મેં તે બંધાવવો શરૂ કર્યો છે, કોટના પુનરૂદ્ધારના શરૂઆતના સમાચાર જાણીને તેમણે એમના દૂત મારફતે મને કહેવરાવ્યું હતું. કે જેનામાં ગધેડાના માથામાં શિંગડાં ઉગાડવાની શકિત હોય તેમણે કોટ દુરસ્ત કરાવવાની હિંમત કરવી.

**લવણપ્રસાદ**–હા, (આશ્ચર્યસહિત) પછી આપે શો જવાબ આપ્યો ?

**જગડુશાહ**–મેં કહેવરાવ્યું છે કે, તમારા સંદેશા પ્રમાણે જગડુશાહ ગધેડાના માથા પર શિંગડાં ઉગાડશે અને એટલું જ નહિ પણ તે જોવા માટે તમને ખાસ આમંત્રણ આપશે, જો તમે રાજીખુશીથી આવીને જોઇ જશો તો ભલે, નહિતર તમને બળજબરીથી બતાવશે.

**લવણપ્રસાદ**–મેં આજ સુધી તમને આવા હિંમતવાન અને આત્મશ્રદ્ધાવાળા માન્યા નહોતા.

**જગડુશાહ**–મહારાજા હું તો આપના સહવાસ વડે જ આટલી આત્મશ્રદ્ધા કેળવી શકયો છું.

**લવણપ્રસાદ**–પણ તમે ગધેડાના માથા પર શિંગડા શી રીતે ઉગાડી શકશો ?

**જગડુશાહ**–તે તો મને આવડે છે મહારાજા ! ફકત કિલ્લો તૈયાર થાય ત્યાં સુધી આપની પાસેથી મારે કેટલાક સામંતો સહ લશ્કરની મદદ જોઇએ છે, એટલા માટે તતકાળ આવ્યો છું, કિલ્લો તૈયાર થયા

પછી તો હું (તમને) સામંતો અને લશ્કર તરતજ પાછું મોકલી આપીશ.

**લવણપ્રસાદ**–લશ્કર પાછું મોકલ્યા પછી પીઠદેવ હલ્લો લાવશે તો ?

**જગડુશાહ**–કિલ્લો તૈયાર થયા પછી તો હું તેમને પહોંચી શકીશ મહારાજ, (દ્રઢતાથી) મારા જવાબથી તે ઠંડાજ થઇ ગયા હશે, કેટલીક વખતે માણસના શબ્દોજ સામાને દાબી દે છે, જેનામાં આત્મશ્રધ્ધા છે, તેનો સદાએ વિજયજ છે, જો તે હલ્લો નહિ લાવે તો પણ હું તેમને આમંત્રણ આપીને બોલાવીશ.

**લવણપ્રસાદ**–(આશ્ચર્યસહિત) શા માટે ?

**જગડુશાહ**–હું તેમની પાસેથી બદલો લેવા માંગું છું.

**લવણપ્રસાદ**–શાનો ?

**જગડુશાહ**–ભદ્રેશ્વરનો કિલ્લો તોડી પાડવાનું તેમણે જે સાહસ કર્યું હતું તેનો.

**લવણપ્રસાદ**–તમે તેની સાથે દગો રમવા માંગો છો ?

**જગડુશાહ**–ના.

**લવણપ્રસાદ**–ત્યારે ?

**જગડુશાહ**–સામા પક્ષ પાસેથી બદલો લેવા માટે તમે યુધ્ધ કરીને રકતપાત કરવા–કરાવવાના વિચારો કરી રહ્યા હતા, પણ હું તે મતથી વિરૂદ્ધ છું.

**લવણપ્રસાદ**–કેમ ?

**જગડુશાહ**–બને ત્યાં સુધી એક પણ માણસનો ભોગ લીધા સિવાય દુશ્મન પાસેથી બદલો લેવાની નીતિમાં હું માનું છું, હું તો હિંસાને ધિક્કારૂં છું.

**લવણપ્રસાદ**-હિંસા વિના દુશ્મનને મારવો મુશ્કેલ છે.

**જગડુશાહ**–તેવી મુશ્કેલીઓમાં જ વિજય મેળવામાં મહત્તા છે.

**લવણપ્રસાદ**–ખરેખર ! જગડુશાહ. તમારા જેવા વીર અને મુત્સદ્દી માણસ સાથે મિત્રાચારી રાખવામાં પણ હું ગૌરવ માનું છું. તમે માંગશો તેટલું સામંતોસહ લશ્કર હું તમને આપીશ. તમે તે કિલ્લાનો પુનરૂદ્ધાર કરો. ચાલુકય ભૂષણ ભિમદેવ મહારાજની કીર્તિ આપણી હૈયાતીમાં નષ્ટ ન થવી જોઇએ. તેના પુનરૂદ્ધાર માટે આપણે આપણા સર્વસ્વનો ભોગ આપવો પડે તો પણ પાછી પાની કરવી ન જોઈએ.

**જગડુશાહ**–મહારાજ, આપે મને તે બાબતમાં કહેવું નહિ પડે. હું મારા સર્વસ્વ કરતાં મારા દેશના ગૌરવને વધારે માનું છું. તે કિલ્લો તુટી પડતાં મારા દેશનું ગારવ તૂટી પડયું છે. મારા દેશના ગૌરવનો નાશ થયો છે, હું ફરીથી તેને સચેત કરીશ. મારામાં હિંમત અને આત્મશ્રધ્ધા બન્ને છે, લક્ષ્મી તો મને વરેલી છે, મને તો આપ જેવા મુરબ્બીની આશીષની જરૂર છે.

**લવણપ્રસાદ**–જગડુશાહ ! હવે તો હું વૃધ્ધ થયો છું, લોકો કહે છે કે, વૃધ્ધોની નિઃસ્વાર્થ આશિષ ફળે છે, જો તે કથન સત્ય હોય તો મારી તમને અંતરની શુભાશીષ છે કે જરૂર તમને તમારા કાર્યમાં યશ મળશે......(આશીષ આપે છે)

**જગડુશાહ**–પોતાનું મસ્તક નમાવી વૃદ્ધની આશીષ ઝીલે છે. અપૂર્ણ.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તર ભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૩૨૫ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ. અગાઉથી પાંચ નકલ કરતાં વધારે નકલો ખરીદનારનાં નામ પુસ્તકમાં છપાશે. પુસ્તક મળે પૈસા મોકલવાના છે, ઓર્ડર નોંધાવો !

## સ્નાત્ર મહોત્સવ

મુંબઇ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિ કળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે. જેમને સ્નાત્ર ભણાવવી હોય તેઓએ રૂા. ૨–૪–૦ આપવાથી તેમના તરફથી ભણાવવામાં આવશે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતીવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો

૧ લે માળે મુંબઈ ૪.

## સાચી ઘટનાનું પરિણામ..............શ્રી અમૃતલાલ એચ. દોશી:

હિંસા બંધ કરો અને કરાવો નહિતર કુદરતનો કોપ ઉતરી રહ્યો છે અને ઉતરશે, વાવ નજીકના એક માડકા ગામે ગઈ સાલે અષાઢ માસમાં વાંદરાની બનેલ આ એક ઘટના છે.

સાંભળ્યું છે કે, માડકાના એક બારોટે એક વાંદરાને તળાવમાં મારી નાંખ્યો હતો, આ વાતની ગામલોકોને ખબર પડતાં બારોટને બોલાવી ધર્માદો કરાવ્યો હતો, છતાં આજુબાજુ દરેક જગ્યાએ વરસાદ થયો, પણ ત્યાં થયો નહિ, તેથી લોકોને શંકા રહી જવાથી ઘર દીઠ એક એક લાડવો તથા રોટલો દરેક જણે લાવવાનું ને વાંદરાઓને નાંખવાનું નક્કી કરી, ગામના તમામ લોકો રોટલા તથા લાડુના ટોપલા ભરી તળાવમાં આવ્યા ને વાંદરાઓને નાંખવા માંડયા, છતાં એક પણ વાંદરો ઝાડ ઉપરથી ન તો નીચે ઉતર્યો કે ન તો લાડુ કે રોટલો ખાધો, બધા વાંદરા એક ઝાડ ઉપર આવી ગયા, તેમાંથી એક વાંદરીનું નાનું બચ્ચુ નીચે ઉતરી જેવો લાડુ હાથમાં લે છે, ત્યાં તો ઉપરથી એક વાંદરો આવી તેને મારી લાડુ નીચે નંખાવી દઇ ઝાડ ઉપર ચડી ગયો, તેમની સંખ્યા લગભગ ૧૫૦) થી ૨૦૦) વાંદરાની હતી, ગામલોકો આખો દિવસ બેઠા, ખૂબ કરગર્યા છતાં એકે વાંદરો નીચે ન ઉતર્યો, ત્યારે તે લોકો લાડુ તથા રોટલાના ટોપલાને ત્યાં મેલી જતા રહ્યા છતાં પણ ન લીધા ત્યારે એક પટેલ બોલ્યા કે, રોટલા ને લાડુ નથી ખાતા તો ગામના ઝાડ ઉપર શા માટે બેસો છો ને ઝાડનાં પાન આદિ પણ શા માટે ખાઓ છો, એટલું કીધું ત્યાં તો તમામ વાંદરા ત્યાંથી નીચે ઉતરી આજુબાજુના ગામોમાં જતા રહ્યા, ત્યારપછી આજુબાજુ દરેક જગ્યાએ વરસાદ થયો, પણ ત્યાં ન થયો ને તળાવમાં એક ટીપું પણ પાણી ન આવ્યું ને પ્રથમજ ત્યાં ભયંકર દુષ્કાળ પડયો.

આવા હિંસાના કેટલાએ બનાવો બને છે, છતાં નામદાર સરકાર તરફથી તીડ, રોઝ, વાંદરા આદિને મારવા માટે પ્રયત્ન કરાય છે, જે વખતે તીડ, રોઝ, વાંદરા આદિ ખેડુતોના ખેતરોમાં ધાન્ય વગેરે ખાતા તે વખતે તો તેમના કોઠારો ભરેલા હતા, જ્યારે આજે તો સખત ભૂખમરા જેવું છે.


### ખુશ ખબર

પર્યુષણની તપશ્ચર્યામાં, ધાર્મિક પ્રસંગોએ, પ્રતિષ્ઠાના મહોત્સવોમાં પૂજા, ભાવના તથા બેન્ડ માટે નીચેના સીરનામે જરૂરથી આમંત્રણ આપશો. બહારગામનું પણ આમંત્રણ સ્વીકારવામાં આવે છે.

શ્રી લબ્ધિસૂરિજી જૈન સેવા સમાજ

ઈડર (એ. પી. રેલ્વે)

# મા સિ ક ટૂં કા સ મા ચા ર

પબ્લીક ટ્રસ્ટ એક્ટના કાયદેસરપણાને પડકારતી એક અરજી વેજલપુર જૈન દહેરાસરના વહીવટદાર ગાંધી રતિલાલ પાનાચંદે મુંબઇ હાઇકોર્ટને કરી છે. એથી કોર્ટે મુંબઈ સરકાર ચેરીટી કમિશ્નર તથા વડોદરા વિભાગના આ. ચેરિટી કમિશ્નર ઉપર નોટીસ કાઢી છે.

વાર્ષિક એક હજારથી ઓછી આવકવાળા ટ્રસ્ટોને ફાળાની રકમ ભરવામાંથી બાકાત રાખવામાં આવે એવી જાહેરાત થવા સંભવ છે એકતા સાધી ચોમેરથી આ ટ્રસ્ટ એક્ટ અંગેનો ઉહાપોહ ઉઠાવવાની જરૂર છે.

મહાલક્ષ્મી મીલ્સવાળા શેઠ શ્રી ભોગીલાલ મગનલાલભાઇ ભારતની રાજસભામાં ચૂંટાયા હોઇ તે બદ્દલ તેઓશ્રીને અમદાવાદ શ્રી સત્તાવીશ દશા પોરવાડ કેળવણી મંડળ તરફથી શેઠ લલ્લુભાઇ કરશનદાસના પ્રમુખપણા નીચે માનપત્ર અને અભિનંદન પાઠવવા એક મેળાવડો યોજવામાં આવ્યો હતો.

માંગરોળ ખાતે શ્રી જવલબેને વૈશાખ વદિ ૨ થી ૧૦૮ ઉપવાસ કરવાની ધારણાથી નવ-નવ ઉપવાસનાં પચ્ચક્ખાણ કરે છે. ૫૦ ઉપવાસ લગભગ થયા છે. તેમના ભાઈ મોહનલાલે ૧૦૮ આયંબિલની તપશ્ચર્યા શરૂ કરી છે.

કોન્ફરંસના મહંત્નીશ મંત્રી શ્રી માણેકલાલ મોદીને અધિવેશન સમયે સેવાની કદર જાણી દસ હજારની થેલી અર્પણ કરી હતી.

કોન્ફરંસના અધિવેશન વખતે મધ્યમવર્ગ માટે ફાળો થતાં બે-લાખ રૂ. જેટલો ફાળો થયો છે.

કુંભોજ એક તીર્થ છે. ત્યાં આવતા યાત્રાળુદીઠ ચાર આના ટેક્ષ લેવાનું ત્યાંની ગ્રામપંચાયતે વિચાર્યું છે. લાગતાવળગતાઓએ અને અગ્રગણ્યોએ આ માટે ઘટતાં પગલાં લેવા જરૂરી છે.

જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પુના તરફથી પાઠશાળાઓની ધાર્મિક પરીક્ષાઓ તા. ૨૬-૨૭ જુલાઇના રોજ લેવાશે.

'જૈનધર્મ અને સંસ્કૃતિને અપનાવનાર કોઇપણ દેશ, વર્ણ કે જ્ઞાતિની વ્યક્તિને જૈન ગણવાની અને તેને જૈન તરીકેના હક્કો આપવાની આ અધિવેશન (કોન્ફરન્સ) પુનર્ઘોષણા કરે છે' આવા કસમયના ફીજુલ ઠરાવો કરી કોન્ફરંસ પોતાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડી રહેલ છે.

પબ્લીક ટ્રસ્ટ એક્ટના પ્રખર વિરોધ માટે ૨૬-૬-૫૨ નો દિવસ 'વિરોધદિન' તરીકે શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાએ જાહેર કર્યો હતો.

★

## નવા સભ્યોનાં શુભનામો.

રૂ. ૧૦૧) શેઠ ફુલચંદભાઇ વનમાળીદાસ હા. શ્રી કપુરબેન પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૫૧) શ્રી જેઠમલજી ઉમેદમલજી ખાચીયા ધાણેરાવવાળા પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૫૦) શ્રી દીક્ષાર્થી મુમુક્ષ મંડળ મુંબઇ, પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૩૦) શ્રી લાલજી વીશનજી મહેતા દારેસલામ.

રૂ. ૧૩) શ્રી અમુલખભાઇ લાલજી દોશી દારેસલામ.

રૂ. ૧૧) ગાંધી પ્રભુદાસ ફુલચંદ પોરબંદર. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧) શ્રી ગુલાબચંદજી અમલાજી પુના.

રૂ. ૧૧) શ્રી ભભુતમલ અઇદાનમલજી મુંબઇ.

રૂ. ૫) આશરીઆ નથુભાઈ ખીદડાવાળા પૂ. મુનિરાજ શ્રી લલિતમુનિ મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

★

## બા લ જ ગ ત
અને
## શં કા-સ મા ધા ન

સ્થળ સંકોચના કારણે રહી જવા પામેલ છે. તો આગામી અંકે પ્રથમ સ્થાન અપાશે.

**Reg No. 4925**

## પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વની આરાધનામાં

## ઉપયોગી પ્રકાશનો.

| | |
|---|---|
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૦-૧૦-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૮-૦ |
| જિનેંદ્ર સ્તવનાવલિ | ૧-૨-૦ |
| પ્રાચીન સ્તવનાવલિ | ૧-૪-૦ |
| સજ્ઝાયમાલા | ૧-૧૨-૦ |
| નૂતન સ્તવનાવલિ [ ૫૫૬ પેજ ] | ૪-૦-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ૦-૫-૦ |
| જિનગુણ સરિતા | ૧-૪-૦ |

## —: પ્રભાવના ઉપયોગી :—

| | |
|---|---|
| અક્ષયનીધિ તપની વિધિ | ૦-૩-૦ |
| ચૌદ નિયમની બુક | ૦-૨-૦ |
| નૂતન સ્તવનાવલિ | ૦-૩-૦ |
| સંગીત સુરલત્તા | ૦-૩-૦ |
| સામાયિક સૂત્ર | ૦-૨-૦ |
| બે પ્રતિક્રમણ મૂળ | ૦-૬-૦ |
| આત્માનંદ સ્તવનાવલિ | ૦-૪-૦ |
| નવ સ્મરણ | ૦-૧૦-૦ |
| રત્નાકર પચ્ચીસી | ૦-૨-૦ |
| દેવપાલ [કથા] | ૦-૨-૦ |
| સમકીત સડસઠ બોલની સજ્ઝાય | ૦-૪-૦ |
| સ્થાપનાજી | ૦-૧-૦ |
| અંતસમયની આરાધના | ૦-૫-૦ |

**સોમચંદ ડી. શાહ** પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

મુદ્રક: કીરચંદ જગજીવન શેઠ, કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ—પાલીતાણા.